સિલ્કી
ચણા દાળ
હોલસેલ ડીલર
મોરબી હાઉસ
મહાવીર એન્ટરપ્રાઈઝ, રાજકોટ
9173107108

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY


# અબતક ®

સાંધ્ય દૈનિક
શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૨૭-૬-૨૦૨૪, ગુરૂવાર
વર્ષ: ૧૩, અંક : ૯૪
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


ટી-૨૦ વર્લ્ડ કપ સેમીફાઈનલ
ભારત- ઈંગ્લેન્ડ
રાત્રે ૮:૦૦ વાગ્યે, ગુયાના



કોંગ્રેસે ફરી એક વખત સામ પિત્રોડાને ઈન્ડિયન ઓવરસીઝના અધ્યક્ષ તરીકે બનાવ્યા



હિજાબ ઉપર પ્રતિબંધને મુંબઇ હાઇકોર્ટની મ્હોર



દોઢ અબજ વર્ષ પહેલાં ૧૮ કલાકનો જ દિવસ હતો



અસલીની જગ્યાએ ૧૦ કેરેટનો લેબગ્રોવન ડાયમંડ ધાબડી રૂ.૪.૫ કરોડની છેતરપિંડી

### વિશ્વ આખુ સિન્થેટીક ડ્રગ્સના સકંજામાં

# સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી રોજબરોજ ડ્રગ્સ ઝડપાવવાનો સિલસિલો યથાવત

## સૌરાષ્ટ્રના દરિયાકાંઠાથી લઈ અમેરિકાના દ્વાર સુધી ડ્રગ્સનો બેફામ વેપલો

## નાવદ્રાના ઘરમાં એસઓજીના દરોડામાં ૪૨ કિલો ચરસનો જથ્થો ઝડપાયો દેવશી વાઘેલા નામના શખ્સની ધરપકડ

## કલ્યાણપૂરના નાવદ્રામાંથી રૂ.૨૧ કરોડની કિંમતના ચરસના ૪૦ પેકેટ મળ્યા



**અબતક, રાજકોટ**

હાલ વિશ્વ આખુ સિન્થેટીક ડ્રગ્સના સકંજામા આવી ગયું હોય તેમ સૌરાષ્ટ્રના દરિયાકાંઠાથી માંડી અમેરિકા સુધી હાલ સિન્થેટીક ડ્રગ્સનો બેફામ વેંપલો થઈ રહ્યો છે ત્યારે આજે વિશ્વ સામે રહેલા મોટા પડકારો પૈકી એક પડકાર ડ્રગ્સ અને તેનું દુષણ છે. વિશ્વના યુવાધનને નશાના કાળા અંધારામાં ધકેલી

(અનુ. આઠમા પાને)

### અત્યાર સુધીમાં દ્વારકામાંથી ૧30થી વધુ ચરસના પેકેટ મળ્યાં

ઉલ્લેખનીય છે કે, આ અગાઉ દ્વારકાના વરવાળાના ઝવેર નગર વિસ્તાર નજીક દરિયા કિનારેથી 30 જેટલા ડ્રગ્સના પેકેટમાં ૩૨ કિલો ડ્રગ્સનો જથ્થો બિનવારસી હાલતમાં મળી આવ્યો હતો. આ ડ્રગ્સની બજાર કિંમત અંદાજિત ૧૬ કરોડથી વધુ હોવાનું મનાઈ છે. દ્વારકાના વાંચ્છું અને ગોરિંજા વિસ્તારમાં દરિયાકાંઠેથી ચરસના ૬0 જેટલા પેકેટ મળી આવ્યા હતા. ત્યારે ચરસના વધુ ૪0 પેકેટ મળી આવ્યા છે.

### અમીરગઢ ચેકપોસ્ટ પરથી ઝડપાયેલા ડ્રગ્સ પ્રકરણમાં વધુ એક જામનગરના શખ્સનું નામ ખુલ્યું

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

સમગ્ર ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈ આચારસંહિતાની અમલવારી કરવામાં સમગ્ર તંત્ર કમર કસી રહયું હતું. ત્યારે રાજસ્થાનને જોડતી સરહદ પરથી જામનગરના ત્રણ શખ્સો એક મોટરકાર મારફતે ગુજરાતમાં ઘૂસ્યા હતા. જેને રોકવામાં આવતા કારમાંથી ૧,૭૨૦ કિલોગ્રામ ડ્રગ્સ ઝડપી લેવામાં આવ્યું છે. આ કાર જામનગર પાસિંગ ધરાવે છે. રાજસ્થાનથી આવી રહેલી આ કારમાં સવાર ત્રણેય શખ્સો જામનગરના છે. ડ્રગ્સના આ જથ્થાની કિંમત રૂ.૧.૦૭ કરોડ આંકવામાં આવી છે અને આ ડ્રગ્સ મેફેડ્રોન હોવાનું જાહેર થયું છે. અમીરગઢ પોલીસના જણાવ્યા અનુસાર, આ શખ્સોના નામ ઈસરાક આરિફ બલોચ (૬૫) અમન સોસાયટી, કાલાવડ નાકા બહાર, જામનગર, સોહેલ ઓસમાણ સંધિ નદીપા, ત્રણ દરવાજા પાસે, જામનગર, અને અસલમ

(અનુ. આઠમા પાને)

## ગુજરાત નશાખોરીનું એપી સેન્ટર પાંચ વર્ષમાં ૯૩૬૯૧ કિલો ડ્રગ્સ પકડાયું

### ડ્રગ્સના દુષણને નાથવા પુરતો પોલીસ સ્ટાફ નથી એક લાખની વસતી વચ્ચે માત્ર ૧૨૭ પોલીસ કર્મીઓ

રાજ્યમાં હજારો કિલો ડ્રગ્સ પકડાય અને ભાજપ સરકાર વાહવાહી લુટે છે પરતું પાછલા બારણે કેટલું ડ્રગ્સ વેચાતું હશે? તેવો વેધક સવાલ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેન્કર જણાવ્યું હતું કે ગુજરાત નશાખોરીનું એપી સેન્ટર બની રહ્યું હોય તેવુ લાગી રહ્યું છે. દરરોજ ક્યાંકથી ડ્રગ્સ, ચરસ કે ગાંજો પકડાયા હોવાના સમાચાર સામે આવી રહ્યાં છે. ગુજરાત ડ્રગ્સનું પ્રવેશ દ્વારા અને એપી સેન્ટર બને તે ચિંતાજનક બાબત છે. ગુજરાતમાં કરોડો રૂપિયાના ડ્રગ્સનો કારોબાર બેરોકટોક થઈ રહ્યો છે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે છતાં પણ સરળતાથી દારૂ મળી જાય છે. જેટલો દારૂનો જથ્થો પકડાય છે તેના કરતાં બમણી ઘૂસણખોરી થાય છે. પરંતુ હવે દારૂ પકડાવવો એ સામાન્ય બાબત થઈ ગઈ છે. કારણ કે હવે ગુજરાતનો દરિયો કિનારો અને મેટ્રો સિટીમાં ચરસ, ડ્રગ્સ અને ગાંજા જેવા નશીલા પદાર્થોનું ચલણ વધ્યું છે.

(અનુ. આઠમા પાને)

## સિન્થેટિક ડ્રગ્સ વિશ્વ આખા માટે મોટો પડકાર

છેલ્લા એક દાયકાથી સિન્થેટિક નાર્કોટિક્સ એ ડ્રગ્સ સામેની લડાઈમાં સૌથી મોટો પડકાર ઊભો કર્યો છે, તેવું ઉચ્ચ પોલીસ અધિકારીઓ જણાવે છે. સિન્થેટીક ડ્રગ્સ કૃત્રિમ રીતે બનાવવામાં આવે છે અથવા એવા પદાર્થો કે જે કુદરતી રીતે બનતી દવાઓમાંથી સંશોધિત કરવામાં આવે છે જે થેરાપ્યુટીક અને સાયકોટ્રોપિક બંને અસરો પેદા કરી શકે છે જાન્યુઆરી ૨૦૨૧થી અમદાવાદ શહેર પોલીસે રૂ.૧૮.૬૭ કરોડનું ડ્રગ્સ જપ્ત કર્યું છે, જેમાંથી રૂ. ૯.૫૩ કરોડનો મેફેડ્રોનનો હિસ્સો છે. છેલ્લા સાડા ત્રણ વર્ષમાં, અમદાવાદ શહેર પોલીસ દ્વારા નોંધાયેલા મોટાભાગના એનડીપીએસ કેસો માટે મેફેડ્રોન જવાબદાર છે.છેલ્લાં સાડા ત્રણ વર્ષમાં પોલીસે મેથામ્ફેટામાઈન, એમ્ફેટામાઈન, કેટામાઈન, અલ્પ્રાઝોલમ ટેબ્લેટ, નાઈટ્રેઝેપામ ટેબ્લેટ્સ અને ક્રેટોમ એક્સટ્રેક્ટ સહિત અન્ય કૃત્રિમ દવાઓની જપ્તી માટે કેસ નોંધ્યા હતા.

### લાખો કિલો કેકોઈન ઠાલવવાના ગુનામાં યુએસના હોન્ડુરાના પૂર્વ રાષ્ટ્રપતિને ૪૫ વર્ષની સજા



ન્યૂયોર્કની કોર્ટે બુધવારે હોન્ડુરાના પૂર્વ રાષ્ટ્રપતિ જુઆન ઓર્લાન્ડો હર્નાન્ડીઝને યુનાઈટેડ સ્ટેટ્સમાં સેંકડો ટન કોકેઈનની હેરફેરના દોષી ઠેરવ્યા બાદ ૪૫ વર્ષની જેલની સજા ફટકારી છે. ન્યુયોર્કની કોર્ટે નોંધ્યું છે કે, મિસ્ટર હર્નાન્ડીઝની ભૂમિકા કોંગ્રેસના પ્રમુખ અને હોન્ડુરાસના પ્રમુખ તરીકે તેમની રાજકીય શકિતનો ઉપયોગ પૈસાના વિનિમયમાં ડ્રગ હેરફેર કરનારાઓના જોખમોને મર્યાદિત કરવા માટે હતી. કોર્ટે જણાવ્યું હતું કે, હર્નાન્ડેઝે પોલીસ અને લશ્કરી સહાય પૂરી પાડી હતી અને ૪૦૦ ટન ડ્રગ્સ મોકલવામાં મદદ કરી હતી જેની જેનું બજાર કિંમત ૧૦ બિલિયન ડોલર હતી.

## હવે એક્સપાયર થયેલી દવાઓનો આડેધડ નિકાલ નહીં થઈ શકે!!!

### ડ્રગ કન્ટ્રોલર નજીકના દિવસોમાં જ નવી માર્ગદર્શિકા જાહેર કરશે: વ્યક્તિ, પ્રાણી તથા પર્યાવરણની જાળવણી માટે લેવાયો નિર્ણય

**અબતક, નવીદિલ્હી**

સમયસીમા સમાપ્ત થઈ ગયેલી દવાઓને ઘરની કચરાપેટીમાં ફેંકી દેવી એ તેનાથી છુટકારો મેળવવાનો આદર્શ માર્ગ નથી. દેશના ડ્રગ કંટ્રોલર બિનઉપયોગી અને સમયસીમા સમાપ્ત થઈ ગયેલી દવાઓના સુરક્ષિત નિકાલ માટે અનુસરવામાં આવતી પદ્ધતિઓની વિગતો આપતા માર્ગદર્શન દસ્તાવેજ પર કામ કરી રહ્યા છે. પર્યાવરણ અને જાહેર આરોગ્યના રક્ષણ માટે સમયસીમા સમાપ્ત થયેલ/ન વપરાયેલ દવાઓ/દવાઓના સલામત અને યોગ્ય નિકાલની જરૂરિયાત અનુભવાઈ હતી.

દસ્તાવેજ પૂર્ણ થવાના અંતિમ તબક્કામાં છે. આમાં નિકાલ, સંગ્રહ, સંગ્રહ અને સમયસીમા સમાપ્ત થયેલ અને ન વપરાયેલ દવાઓના પરિવહન માટે અનુસરવામાં આવતી પ્રક્રિયાઓનો સમાવેશ થશે. દવાઓનો અયોગ્ય નિકાલ કે જે લેબલ પર દર્શાવેલ એક્સપાયરી ડેટ વટાવી ચૂકી છે અથવા જે વ્યક્તિ માટે તે સૂચવવામાં આવી છે અને ખરીદવામાં આવી છે તે વ્યક્તિ દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવ્યો નથી તે જાહેર આરોગ્ય, પશુ આરોગ્ય અને પર્યાવરણ માટે જોખમી હોઈ શકે છે.

ઔષધ નિયમો હેઠળ તાજેતરમાં સૂચિત શેડ્યૂલ એમ એ નિકાલની રાહ જોઈ રહેલા કચરાના યોગ્ય અને સુરક્ષિત સંગ્રહ માટે ઉત્પાદકો માટેની જરૂરિયાતો નક્કી કરે છે. કાર્યમાં માર્ગદર્શન દસ્તાવેજ શ્રેષ્ઠ પદ્ધતિઓ પ્રદાન કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે જે સમયસીમા સમાપ્ત થયેલ/ન


(અનુ. આઠમા પાને)

## ભાજપના વરિષ્ઠ નેતા એલ.કે.અડવાણી દિલ્હી એઈમ્સમાં દાખલ: તબિયત સુધારા પર

### યુરોલોજી સંબંધિત સમસ્યા હોવાનું આવ્યું બહાર

**અબતક, નવીદિલ્હી**

ભાજપના વરિષ્ઠ નેતા અને ભારત રત્ન લાલ કૃષ્ણ અડવાણીને બુધવારે દિલ્હીની એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમને રાત્રે ૧૦ વાગ્યે એઈમ્સમાં લાવવામાં આવ્યા હતા. હાલ તેઓને યુરોલોજી સંબંધિત સમસ્યા છે. યુરોલોજીના પ્રોફેસર ડો.અમલેશ સેઠ તેમની સારવાર કરી રહ્યા છે. લાલકૃષ્ણ અડવાણીની હાલત સ્થિર છે અને તેમને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. લાલ કૃષ્ણ અડવાણીને આ વર્ષે ભારત સરકાર દ્વારા દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્ન એનાયત કરવામાં આવ્યો હતો.



૯૬ વર્ષીય રાજનેતાની દિલ્હીના જેરીયાટ્રિક યુનિટ એઈમસના તબીબી વ્યાવસાયિકો દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે. હોસ્પિટલના જણાવ્યા અનુસાર, તેની હાલત સ્થિર છે અને તેની નજીકથી દેખરેખ રાખવામાં આવી રહી છે. દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન, ભારત રત્ન

(અનુ. આઠમા પાને)

## ન હોય... ગાય- બકરાને ઘાસ ચારવાનો પણ ટેક્સ દેવો પડશે

### ડેનમાર્ક વિચિત્ર નિયમ લાગુ કરશે : પશુઓ કાર્બન ઉસર્જન વધારતા હોવાનું કારણ આપી પશુપાલકો ઉપર કર ઝીંકાશે

**અબતક, નવી દિલ્હી**

ડેનમાર્ક ૨૦30 માં એક અભૂતપૂર્વ નીતિ રજૂ કરવાનું છે જે હેઠળ પશુપાલકોને તેમની ગાય, ઘેટાં અને ડુક્કર દ્વારા ઉત્સર્જિત ગ્રીનહાઉસ વાયુઓ માટે કર ચૂકવવો પડશે. કરવેરા પ્રધાન જેપ્પે બ્રુસના જણાવ્યા અનુસાર, આ પગલાનો ઉદ્દેશ્ય ૨૦30 સુધીમાં ડેનમાર્કના ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનને ૧૯૯૦ના સ્તરથી ૭૦% સુધી ઘટાડવાનો છે.

૨૦30માં 300 ક્રોનર એટલે કે અંદાજે રૂ.૩૫૦૦ પ્રતિ ટન કાર્બન ડાયોક્સાઈડ સમકક્ષથી શરૂ કરીને, કર ધીમે ધીમે વધીને ૨૦૩૫ સુધીમાં ૭૫૦ ક્રોનર એટલે કે અંદાજે રૂ. ૮૮૦૦ સુધી પહોંચશે. જો કે, ૬૦% આવકવેરાના કાપને કારણે, પ્રતિ ટન અસરકારક ખર્ચ ૧૨૦ ક્રોનર એટલે કે રૂ.૧૪00 થી શરૂ થશે અને ૨૦૩૫ સુધીમાં વધીને 300 ક્રોનર થશે.

જ્યારે કાર્બન ડાયોક્સાઈડ સામાન્ય રીતે આબોહવા પરિવર્તનમાં તેની ભૂમિકા માટે વધુ ધ્યાન ખેંચે છે, મિથેન વધુ શક્તિશાળી છે, જે ૨૦-વર્ષના સમયગાળામાં લગભગ ૮૭ ગણી વધુ ગરમીને ફસાવે છે, યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ મુજબ, ગાય, ઘેટાં અને ડુક્કર સહિતના પશુધન મિથેન ઉત્સર્જનમાં નોંધપાત્ર ફાળો આપે છે, જે માનવ દ્વારા ઉત્પાદિત મિથેન ઉત્સર્જનમાં લગભગ ૩૨% હિસ્સો ધરાવે છે.

“અમે ૨૦૪૫ સુધીમાં આબોહવા તટસ્થ બનવા તરફ એક મોટું પગલું લઈશું,“ બ્રુસે કહ્યું. તેમણે કૃષિ પર વાસ્તવિક કાર્બન ડાયોક્સાઈડ કર લાગુ

(અનુ. આઠમા પાને)

# ટી-૨૦ વિશ્વકપ: અફઘાનિસ્તાનને “કચડી” સા.આફ્રિકાનો ફાઈનલમાં પ્રવેશ

### આફ્રિકાના બોલરોના તરખાટ સામે અફઘાનિસ્તાનના બેટ્સમેનો ઘુંટાણીયા પડ્યાં

### ૫૬ રનમાં જ અફઘાનિસ્તાનની ટીમ સમેટાઈ, અપેક્ષાથી વિપરીત પ્રદર્શનથી ચાહકો નિરાશ

**અબતક, નવીદિલ્હી**

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ ની સેમિફાઈનલમાં દક્ષિણ આફ્રિકા સામે અફઘાનિસ્તાન તરફથી જે પ્રકારનું પ્રદર્શન અપેક્ષિત હતું તે થઈ શક્યું નથી. પ્રથમ સેમિફાઈનલ મેચમાં અફઘાનિસ્તાનની ટીમ બેટિંગ કરતી વખતે પડી ભાંગી હતી, અફઘાનિસ્તાનની ટીમ એક પછી એક વિકેટો પડતી રહી હતી. પરિણામ એ આવ્યું કે અફઘાનિસ્તાનની ટીમ ૧૧.૫ ઓવરમાં માત્ર ૫૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. એટલું જ નહીં કહી શકાય કે આફ્રિકાની ટીમે અફઘાનિસ્તાનને કચ્છડી નાખી હતી.



દક્ષિણ આફ્રિકાએ માત્ર ૮.૫ ઓવરમાં ૬૦ રન બનાવીને રનનો પીછો પૂર્ણ કર્યો હતો. આફ્રિકન ટીમે ૨૯ જૂને બાર્બાડોસમાં યોજાનારી ગ્રાન્ડ ફિનાલે માટે સ્થાન સુનિશ્ચિત કર્યું હતું. હવે આફ્રિકન ટીમ ફાઈનલમાં આજે બીજા સેમિફાઈનલમાં વિજેતા ટીમ સામે ટકરાશે. આજનો બીજો સેમિફાઈનલ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાશે.

દક્ષિણ આફ્રિકાએ ટી૨૦ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં અફઘાનિસ્તાન સામે નવ વિકેટથી શાનદાર જીત મેળવીને પ્રથમ વખત મેન્સ વર્લ્ડ કપ ફાઈનલમાં પોતાનું સ્થાન નક્કી કર્યું છે. તમામ ફોર્મેટમાં પુરૂષોની વૈશ્વિક ટુર્નામેન્ટમાં લાંબા સમય સુધી આફ્રિકાની ટીમે કોઈ નક્કર પરિણામ મેળવ્યું ન હતું પરંતુ હાલ ચાલી રહેલા ટી૨૦ વિશ્વ કપમાં સુપર આજના મુકાબલામાં પણ આફ્રિકાએ પોતાનું પ્રદર્શન સારું કરી સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું અને આજે અફઘાનિસ્તાનને હરાવી પ્રથમ વખત ફાઈનલમાં પોતાનું સ્થાન મેળવ્યું છે.

### સાંજે બીજા સેમિફાઈનલમાં વરસાદ વેરી ન થાય તો જંગ જામશે

ગુઆના ખાતે આજે બીજો સેમી ફાઈનલ મેચ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાવાનો છે તેમાં હવામાન વિભાગ દ્વારા જે આગાહી કરવામાં આવી છે તેને જો ધ્યાને લેવામાં આવે તો આજના મેચમાં ૮૮% વરસાદ પડવાના ચાન્સ છે . જો આ મેચ વરસાદના કારણે ધોવાઈ જાય તો ભારત સીધું જ ફાઈનલમાં પ્રવેશ મેળવશે. બીજી મહત્વની વાત એ છે કે બીજા સેમિફાઈનલ મેચ માટે કોઈ રિઝર્વ દિવસ રાખવામાં આવ્યો નથી. તો સામે એ અપેક્ષા પણ છે કે જો આ મેચ રમાશે તો ખરાખરીનો જંગ જામશે.

બ્રાયન લારા ક્રિકેટ એકેડેમીમાં, રાશિદ ખાને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું, ત્યારબાદ દક્ષિણ આફ્રિકાના બોલરોએ સેમિફાઈનલના કોઈપણ ડરને દૂર કર્યો અને અફઘાનિસ્તાનને ૧૨ ઓવરમાં ૫૬ રનમાં આઉટ

(અનુ. આઠમા પાને)

### આજે રાષ્ટ્રીય હેન્ડશેક દિવસ

# હાથ સે હાથ મિલા: બે લોકો વચ્ચે આદર, સન્માન અને સ્વીકૃતિની નિશાની

## બેબીલોનનાં રાજાઓ વચ્ચે ૯૦૦ બીસીમાં તેની શરૂઆત થઈ: વિશ્વની ઘણી સંસ્કૃતિમાં હેન્ડશેકએ સંદેશા વ્યવહારનું મહત્વ પૂર્ણ માધ્યમ: એક બીજા વચ્ચે શાંતિપૂર્ણ ઈરાદાની નિશાની છે: વિવિધ દેશોમાં હાથ મિલાવવાના રિવાજો અલગ અલગ જોવા મળે

**આપણા દેશમાં નમસ્તેની પ્રથા પ્રચલિત છે, તો વિદેશોમાં હગ, ચુંબન સાથે હાથ મિલાવવાની પ્રથા અમલમાં છે: પુરૂષો હાથ મિલાવે છે, તો સ્ત્રીઓ ક્ષોભ અનુભવે છે**

વૈશ્વિક સ્તરે આદર સત્કારની ભાવના વ્યકત કરવા હાથ મિલાવવા કે હેન્ડશેકનો રિવાજ પ્રચલિત છે. ૨૦૦૫થી ઘણા દેશોમાં રાષ્ટ્રીય સ્તરે હાથ મિલાવવાનો દિવસ ઉજવાય છે. એક બીજા દેશોના વડાપ્રધાન હેન્ડ શેક શાંતિના પ્રચાર માટે પણ કરતા જોવા મળે છે. હાથ સે હાથ મીલા આ સુત્ર થકી પ્રેમ હુંફ લાગણી સાથે સ્વાગત સાથે આદારની ભાવના પ્રગટ થાય છે. હેન્ડશેકની શરૂઆત બેબીલોન દેશના રાજાઓ વચ્ચે ૯૦૦ બીસીમાં શરૂ થઈ હોવાનું મનાય છે. પુરૂષ પુરૂષ વચ્ચે હાથ મિલાવવાની પ્રથા રૂટીંગ જોવા પણ પુરૂષ-સ્ત્રી સાથે ઓછા જોવા મળતા હોય છે. વિશ્વની લગભગ બધી સંસ્કૃતિમાં હેન્ડશેકની પ્રથા અમલમાં છે. લાગણી ઉમળકો દર્શાવવ આ પ્રથા આજકાલ વૈશ્વિકસ્તરે કામેન જોવા મળે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

હેન્ડશેક એ સંદેશા વ્યવહારનું મહત્વપૂર્ણ માધ્યમ ગણાય છે. તે એક બીજા વચ્ચે શાંતિપૂર્ણ ઈરાદાની નિશાની ગણાય છે. દુનિયાના વિવિધ દેશોમાં હાથ મિલાવવાના રિવાજો અલગ અલગ જોવા મળે છે, આપણે ત્યાં નમસ્તેનો રીવાજ વધુ જોવા મળે છે, તો વિદેશોમાં હગ-ચુંબન સાથે હાથ મિલાવવાની પ્રથા છે. છોકરા વાળા પણ છોકરીનો હાથ માંગવા દિકરી વાળા પાસે માંગુ નાખે છે. આજને યુગમાં તો છોકરા છોકરી બેધડક હાથે મિલાવતા કે હગ કરીને પોતાની લાગણી વ્યકત કરતા જોવા મળે છે, ત્યારે જુના લોકોકે વડીલોને આ ગમતુ હોતુ નથી.

એક વાત નકકી છે કે તમે કોઈ સાથે હાથ મિલાવો ત્યારે તમારા હાથે સ્વચ્છ હોવા જરૂરી છે. આપણી સંસ્કૃતિમાં પ્રભાતે 'કર' દર્શનમ્‌ની પ્રથા આદીકાળથી ચાલી આવે છે. કોઈતરફ તમે જયારે હાથ લંબાવો છો, ત્યારે સામેના માણસ તરફથી મદદની એક આશા પ્રગટ થાય છે. અકે બીજા પ્રત્યે સંવેદના પ્રગટ કરવા પણ હાથ મિલાવવાનો રિવાજ છે. આવો આવજો કે કોઈને બોલાવવા માટે હાના ઈશારાનો ઉપયોગ કરીએ છીએ. આજે પણ કેટલાક વર્તુળોમાં હેન્ડશેકનું મહત્વનથી ત્યારે આજના દિવસની ઉજવણી ફરી તે સમય પ્રથા લાવવાની વાત કરે છે. દિવસના સન્માનમાં અને આગળ બધાને હેન્ડશેક માટે અન્ય વ્યકિત તરફ હાથ લંબાવીને ફરીથી આ રિવાજના લાભોનો આનંદ લો એક બીજાને હાથ મિલાવવાથી સ્પર્શનો અહેસાસ થવાથી નેગેટીવ પોઝીટવ વેવ્સની પણ



અપ્લે થતી હોવાનું સંશોધન જણાવે છે.

સારી સ્વચ્છતા માટે ૨૦ થી ૩૦ સેકન્ડ સાબુ કે ગરમ પાણીથી હાથ ધોવા જરૂરી છે. બાથરૂમ ગયા પછી જયારે હાથ ગંદા હોય, નાક ફૂકયા પછી કે જમતા પહેલા આ તકેદારી રાખવાથી ઘણી બિમારીથી બચી શકાય છે. આપણી તો ઠીક સામેવાળી વ્યકિતની સંભાળ પણ લેવાની આપણી ફરજ છે. એટલા માટે જ ડોકટરો ગ્લોઝ પહેરીને દર્દીની તપાસ કરતા જોવા મળે છે. હાથ મિલાવવાનો અર્થ એ છે કે હાથ કોઈ શસ્ત્ર પકડી શકતો નથી, તે સહકાર સધીયારો સંગાથ કે શપથના હાવભાવ તરીકે રજૂ થાય છે.

વ્યવસાયિક સોદાઓ, ખેલદીલી, અને વચનબધ્ધતા કોલ સાથેનું પ્રોમિસ હેન્ડશેક છે. આપણી લગ્ન પ્રથામાં પણ હસ્ત મેળાપની વિધી આદીકાળથી પ્રચલિત છે, તે આવકાર, સ્વીકૃતિ, સન્માન-આદર અને શાંતિની ભાવના પ્રગટ કરે છે. હેન્ડશેક એ એક હાવભાવ પ્રગટ કરીને પ્રથમ છાપ ઉપસાવીને વ્યવસાયિક સંબંધો મજબૂત કરવાની ચાવી છે. તેના ગેરફાયદાઓમાં ઘણીવાર સુક્ષ્મજંતુઓ અને રોગ ફેલાવવાનો ભય લોકોને હાથ મિલાવતા રોકી શકે છે, પણ સંશોધકોના તારણ મુજબ હાથ મિલાવવાથી બંને પક્ષે ઘણા ફાયદાઓ થાય છે. આપણા જન્મક્ષણથી ત્વચાથી ત્વચાનો સંપર્ક માનવીને જીવંત રહેવા અને વિકાસ માટે મહત્વપૂર્ણ મનાય છે. હાથ મિલાવવું તે તેનું વિસ્તરણ ગણી શકાય છે.

શારીરીક સંપર્કના ફાયદામાં ચેતા પ્રેષકોનાં સ્તરમાં વધારો કરીને, સ્પર્શ આપણને સ્વસ્થ રાખવા માટે રોગ પ્રતિકારક તંત્રના કાર્યને વધારે છે. સ્પર્શ આપણામાં વેગસ ચેતાને સક્રિય કરવા માટે જાણીતું છે, જે કરૂણા-પ્રેમની લાગણી સાથે સંકળાયેલું છે. જે માનસિક, સ્વાસ્થ્યને વેગ આપે છે. હેન્ડશેક વ્યકિત-વ્યકિત વચ્ચેનું અતૂટ જોડાણ પણ મનાય છે, અને હકારાત્મક સંબંધો વિકસાવે છે.

### હાથ મિલાવીને અન્ય લોકો પ્રત્યે કૃતજ્ઞતા અને સદ્‌ભાવના વ્યકત કરો

આ દિવસ મહત્વપૂર્ણ ગણાય છે, કારણ કે તે શાંતિ અને સદભાવનાનો સંદેશો આપે છે. સામાજીક ભૂમિકામાં તે સંબંધ વ્યકત કરવાનો અકે માર્ગ છે, તે સંબંધની ભાવના વ્યકત કરે છે. હેન્ડશેકએ શુભેચ્છાના સૌથી જુના સ્વરૂપોમાનુ એક છે, જે અત્યારે પણ ચાલુ છે. હેન્ડશેક એ પ્રાચિન એસીરિયા અને ગ્રીસની પ્રથા છે, જે પાછળથી મધ્યયુગીનયુરોપમાં અમલમાં આવી હતી. ૧૭૦૦ થી ૧૮૦૦ના દાયકામાં આ પ્રથા લોક પ્રિયબની હતી. આધુનિક સમયમા સમાનતા, આદર, વિશ્વાસ અને સદભાવના વ્યકત કરવાનો માર્ગ બની ગયો છે. શુભેચ્છાનું સાર્વત્રિક સ્વરૂપ આજે ગણાય છે, તેનો ઉપયોગ વિવિધ ઉંમરના લોકો, સંસ્કૃતિના લોકો કરે છે. તે એક સરળ હાવભાવ છે, જે સામેની વ્યકિત વિશે ઘણુ જણાવે છે. પ્રથમ સારી છાપન ઉપસાવવા સૌથી મહત્વપૂર્ણ રીતએ છે કે તમારા હાથ મિલાવવાની સરમ દર મહિનાના છેલ્લા ગુરૂવારે આ દિવસ ઉજવાય છે. હાથ કેવી રીતે મિલાવો છો, તે પરથી પણ સામે વાળાની નિયતનો ખ્યાલ આવી જાય છે. હાથ મિલાવતી વખતે હંમેશા તમારા ડાબા હાથનો ઉપયોગ કરવી. તમે બેઠા હો તો ઉભા થઈને હાથ મિલાવવાની ટેવ રાખવી ઘણીવાર હેન્ડશેક ખૂબ લંબો સમય ચાલે છે.

# જી.ટી.યુ.ના કુલપતિ ડો.રાજુલ કે.ગજ્જરને શ્યામાપ્રસાદ મુખરજી પ્રશસ્તિપત્ર પુરસ્કારથી સન્માનિત કરાયા

**અબતક, રાજકોટ**

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ ડો. રાજુલ કે.ગજ્જરને કેળવણી ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન અને નેતૃત્વ બદલ ૨૦૨૪ના વર્ષ માટેનો ડો.શ્યામાપ્રસાદ મુખર્જી પ્રશસિ્‌તપત્ર પુરસ્‌કાર એનાયત કરવામાં આવ્યો છે. આ પુરસ્‌કાર ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી (I.I.T.) ના વિદ્યાર્થીઓ દ્વારા શરૂ કરવામાં આવેલ રી થીન્ક ઈન્ડીયા દ્વારા પ્રદાન કરવામાં આવ્યો છે. આ એવોર્ડ દિલ્હી ઈન્ડીયા ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે તારીખ ૨૩/૬/૨૦૨૪ ના રોજ પ્રશસિ્‌તપત્ર આપી એનાયત કરવામાં આવેલ, જે રી થીન્ક ઈન્ડીયા તરીકે ઉજવાય છે અને ડો.શ્યામાપ્રસાદ મુખરજીની પુણ્યતિથિ પણ છે.



ડો. ગજ્જરને આ એવોર્ડ ઉચ્ચ શિક્ષણમાં ટેકનોલોજીના અવિરભાવ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ) ના એકીકરણ તરફ તેમની અગ્રણી પહેલને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યો છે. તેમના નેતૃત્વ હેઠળ, જીટીયુ ડીઝીટલ ટેકનોલોજીના સક્રિય ઉપયોગ મારફતે પરિવર્તનકારી સફરનું સાક્ષી બની રહી છે અને જેના થકી જીટીયુની શૈક્ષણિક અને વહીવટી પદ્ધતિઓમાં પણ સતત સુધારા થઈ રહ્યા છે. વધુમાં ડો. ગજ્જરની વ્યૂહાત્મક દ્રષ્ટિએ અધતન સંશોધનને પણ સમર્થન આપ્યું છે. ડો. ગજ્જરના નેતૃત્વ હેઠળ જીટીયુને શૈક્ષણિક નવીનતા માં મોખરે સ્થાન મળ્યું છે. તેઓએ શૈક્ષણિક રીસર્ચનેજ નહિ પરંતુ ઈનોવેશન થકી સામાજિક પડકારોનું પણ યોગ્ય સમાધાન પ્રાપ્ત કરવા અને ઈકો સીસ્ટમનુ જતનનું પણ મજબુત માળખું તૈયાર કર્યું છે.

# રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ ટ્રેનનાં ફેરા લંબાવાયા

**અબતક, રાજકોટ**

મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ-લાલકુઆં સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા (વિશેષ ભાડા પર)લંબાવવામાં આવ્યા છે.

જેમાં રાજકોટ-લાલકુઆં વીકલી સ્પેશિયલ, જે અગાઉ ૧ જુલાઈ સુધી સૂચિત કરવામાં આવી હતી, તે હવે ૩૦ સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે. એ જ રીતે, રિટર્ન માં, લાલકુઆં-રાજકોટ સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૩૦ જૂન સુધી સૂચિત કરવામાં આવી હતી, તે હવે ૨૯ સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેનની વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ ૨૭ જૂન થી તમામ પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે. ટ્રેનોના સ્ટોપેજના સમય અને પરિચાલન અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail. gov.in ની મુલાકાત લઈ શકે છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૧૫૦ | ૩૫૦ | ૬૮૦ |
| લીંબુ | ૩૫૫ | ૭૫૦ | ૧૪૩૦ |
| તરબુચ | ૫૯ | ૨૨૦ | ૩૫૦ |
| બટેટા | ૩૨૪૦ | ૩૦૦ | ૬૧૧ |
| ડુંગળી સુકી | ૧૫૩૦ | ૧૯૦ | ૬૦૦ |
| ટમેટા | ૪૫૩ | ૬૦૦ | ૧૨૦૦ |
| સુરણ | ૫૨ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૧૯૪ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મુળા | ૩ | ૪૫૦ | ૬૮૦ |
| રીંગણા | ૩૪૩ | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૪૭૦ | ૨૫૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૫૨ | ૩૫૦ | ૬૧૦ |
| ભીંડો | ૩૨૦ | ૭૫૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૩૭૯ | ૮૦૦ | ૧૨૫૦ |
| ચોળાસીંગ | ૩૫ | ૫૦૦ | ૮૦૦ |
| ટીંડોળા | ૪૧ | ૬૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૪૧૩ | ૨૦૦ | ૩૫૦ |
| કારેલા | ૧૩૦ | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૧૩ | ૭૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૨૫૨ | ૭૫૦ | ૧૦૦૦ |
| પરવર | ૫૦ | ૧૦૫૦ | ૧૩૨૦ |
| કાકડી | ૨૯૨ | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૪૩ | ૨૦૦ | ૪૦૦ |
| ગલકા | ૬૦ | ૨૦૦ | ૩૫૦ |
| બીટ | ૨૧ | ૨૪૦ | ૩૫૦ |
| મેથી | ૨૯ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૧૪ | ૮૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૧૬૩ | ૨૨૦૦ | ૨૪૦૦ |
| મરચા લીલા | ૨૩૪ | ૬૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૪૭ | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઈ લીલી | ૮૧ | ૪૦૦ | ૫૦૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૨૫૦ | ૧૪૩૫ | ૧૫૮૦ |
| ઘઉં લોકવન | ૧૦૫ | ૫૧૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૯૫૦ | ૫૨૪ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૪૭૦ | ૮૫૦ | ૯૩૩ |
| જુવાર લાલ | ૧૦ | ૮૧૦ | ૯૪૨ |
| જુવાર પીળી | ૨૫ | ૪૩૦ | ૪૮૧ |
| બાજરી | ૪૦ | ૩૭૦ | ૪૪૧ |
| તુવેર | ૨૩૫ | ૧૭૦૦ | ૨૩૯૬ |
| ચણા પીળા | ૮૫૦ | ૧૧૫૦ | ૧૩૦૧ |
| ચણા સફેદ | ૩૦૦ | ૧૪૧૦ | ૨૨૦૦ |
| અડદ | ૧૦૦ | ૧૫૦૧ | ૧૯૨૮ |
| મગ | ૪૦૦ | ૧૪૦૧ | ૧૭૦૫ |
| ચોળી | ૧૦૦ | ૧૯૦૦ | ૨૯૫૦ |
| વટાણા | ૨ | ૧૬૯૦ | ૧૬૯૦ |
| સીંગદાણા | ૫૫ | ૧૫૫૦ | ૧૭૧૫ |
| મગફળી જાડી | ૩૦૦ | ૧૧૧૦ | ૧૨૭૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| અળશી | ૫ | ૬૦૦ | ૬૦૦ |
| તલી | ૩૦૦૦ | ૨૩૫૦ | ૨૬૩૫ |
| સુરજમુખી | ૫ | ૬૭૫ | ૬૭૫ |
| એરંડા | ૨૩૦ | ૧૦૯૦ | ૧૧૩૦ |
| અજમો | ૮ | ૧૭૧૫ | ૨૩૫૦ |
| સુવા | ૧ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૧૦૦ | ૮૫૦ | ૮૭૫ |
| સીંગફાડા | ૫૦૦ | ૧૧૬૦ | ૧૫૩૦ |
| કાળા તલ | ૨૪૦ | ૨૮૪૮ | ૩૨૧૬ |
| લસણ | ૧૬૦ | ૧૫૦૦ | ૩૨૫૦ |
| ધાણા | ૧૯૦ | ૧૨૦૦ | ૧૫૯૭ |
| ધાણી | ૧૩૦ | ૧૨૪૦ | ૧૬૫૦ |
| વરીયાળી | ૧૧૫ | ૧૧૪૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૮૫૦ | ૪૫૫૦ | ૫૫૦૦ |
| રાય | ૫૦ | ૧૦૫૦ | ૧૨૫૦ |
| મેથી | ૧૫૦ | ૯૫૦ | ૧૨૫૦ |
| કલોંજી | ૬૦ | ૩૨૨૦ | ૩૮૫૦ |
| રાયડો | ૧૦૦ | ૯૪૦ | ૧૦૪૦ |
| રજકાનું બી | ૩૦ | ૪૧૨૫ | ૫૬૨૫ |
| ગુવારનું બી | ૧૭૫ | ૯૯૦ | ૧૦૩૫ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૭-૦૬-૨૦૨૪ ગુરુવાર**

૧૧:૦૦ થી ૦૨:૦૦ સંસદ ચોમાસુ સત્ર લાઈવ
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશનલ સ્પીચ (પારસ પાધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ગુલકંદ પુરણ પુરી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.ધવલ મકવાણા)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાઈ પે ચર્ચા (વંશ પંડ્યા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (કાર્ડિયાક એટેક)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ફેમિલીનું ફ્રૂટ સલાડ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૮-૦૬-૨૦૨૪ શુક્રવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા(પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજવલી

## અબતક પંચાગ

**તા.૨૭-૬-૨૦૨૪ ગુરૂવાર**

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૦ **શાલીવાહન શકિ:** ૧૯૪૬ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૪ |
| **તિથી** | જેઠ વદ છઠ પંચક |
| **નક્ષત્ર** | શતભિષા |
| **યોગ** | આયુષમાન **કરણ:** ગર |
| **સુર્યોદય** | ૬.૦૭ **સુર્યાસ્ત:** ૭.૩૪ |
| **ચંદ્ર રાશી** | કુંભશુક્રવારે વેલીસવારે ૪.૩૨થીમીન |
| **રાશિ અક્ષર** | ગ.શ.સ/દ.ચ.ઝ.થ |
| **દિશાશૂળ** | દક્ષિણ દિશાતરફ |
| **રાહુકાળ** | બપોરે ૧.૩૦ થી ૩ |
| **દિવસનાચોઘડીયા** | શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ |
| **રાત્રીનાચોઘડીયા** | અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૨૨ થી૧.૧૬ |

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી – ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ –૪૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | | | ૯ | | ૭ | ૮ |
| | | ૭ | | | ૨ | ૪ | | |
| | | | | | | | | |
| | | ૩ | | | | | | |
| | ૭ | | | | | | | ૯ |
| ૨ | | | ૫ | | | | | ૬ |
| | | | ૧ | ૪ | ૬ | | | |
| | | ૪ | | | | | | ૩ |
| ૯ | ૮ | ૨ | | | ૩ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ–૪૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૫ | ૧ | ૯ | ૭ | ૪ | ૩ | ૨ | ૬ |
| ૪ | ૨ | ૩ | ૮ | ૧ | ૬ | ૯ | ૫ | ૭ |
| ૯ | ૭ | ૬ | ૩ | ૨ | ૫ | ૮ | ૧ | ૪ |
| ૨ | ૧ | ૮ | ૫ | ૪ | ૯ | ૬ | ૭ | ૩ |
| ૬ | ૩ | ૭ | ૨ | ૮ | ૧ | ૫ | ૪ | ૯ |
| ૫ | ૯ | ૪ | ૭ | ૬ | ૩ | ૨ | ૮ | ૧ |
| ૧ | ૪ | ૫ | ૬ | ૯ | ૮ | ૭ | ૩ | ૨ |
| ૩ | ૬ | ૨ | ૪ | ૫ | ૭ | ૧ | ૯ | ૮ |
| ૭ | ૮ | ૯ | ૧ | ૩ | ૨ | ૪ | ૬ | ૫ |

## આજનું રાશિફળ

**તા.૨૭.૬.૨૦૨૪ ગુરૂવાર, સંવંત ૨૦૮૦ જેઠ વદ છઠ, શતતારા નક્ષત્ર, આયુષ્ય યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કુંભ (ગ,સ,શ) રહેશે.**

**મેષ (અ,લ,ઈ) :** મનમાં અન્ય પ્રત્યે અભાવ આવી શકે છે પરંતુ નકારાત્મક વિચારો ટાળવા સલાહ છે, દિવસ મધ્યમ રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** ઉતાવળે કાર્ય નહિ કરી શકો ધીમી પ્રગતિ જોવા મળે, કામકાજમાં સફળતા મળે.

**મિથુન (ક,છ,ઘ) :** સંઘર્ષ પછી સફળતા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે શુભ, પ્રગતિકારક દિવસ.

**કર્ક (ડ,હ) :** તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકશો, પોઝિટિવ વિચારોથી આગળ વધશો તો અવશ્ય કાર્યસિદ્ધિ મળશે.

**સિંહ (મ,ટ) :** અટવાયેલા કાર્ય પૂર્ણ થાય, કોર્ટ કચેરીમાં સારું રહે, ઘણા સમય થી રાહ જોઈ રહ્યા હોય તેવી બાબતો સામે આવે.

**કન્યા (પ,ઠ,ણ) :** લાગણીના સંબંધોમાં સારી અનુભૂતિ થાય ,અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

**તુલા (ર,ત) :** સવાર બાજુ દોડધામ રહે, સાંજ ખુશનુમા વીતે, ઈચ્છીત પરિણામ મેળવી શકો, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પ્રાપ્ત થાય, વિદેશ જવા માંગતા મિત્રોને પણ વાત આગળ વધે!.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** આધ્યાત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, સત્સંગથી સંશયો દૂર થાય, શુભ દિન.

**મકર (ખ,જ) :** વિલંબ થી પણ તમને કાર્યમાં સફળતા મળે, અંતરાય દૂર થાય, જીવનમાં નવો પ્રકાશ ફેલાતો લાગે.

**કુંભ (ગ,સ,શ) :** તમે તમારી જાત સાથે રહી શકો, શોખ અને આનંદની બાબતો કરી શકો, મનોમંથન કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** સવાર બાજુ થોડી કામગીરી રહે, તમારી પ્રગતિના દરવાજા ખુલતા જણાય, અંતરાયો દૂર થાય.

## અનુભૂત જળદિપક પ્રયોગ અને અંજન પ્રયોગ દિવ્ય ઉર્જામાં વૃદ્ધિ કરે છે

અત્રે લખ્યા મુજબ હાલમાં ગોચરમાં ઘટનાક્રમ બહુ જલ્દીથી બદલાઈ રહ્યો છે અને ૨૯ જૂનના વેપાર વાણિજ્યના ગ્રહ બુધ મહારાજ કર્ક રાશિમાં પ્રવેશ કરશે જયારે મંદ ગતિથી ચાલતા દંડનાયક શનિ મહારાજ ૩૦ જૂનના વક્રી થશે જે ૧૫ નવેમ્બર સુધી વક્રી રહેશે જયારે ૬ જુલાઈના શુક્ર મહારાજ પણ કર્કમાં પ્રવેશ કરશે જેની અસર રાજનીતિમાં અને વિદેશનીતિમાં જોવા મળી રહી છે વળી શનિ મહારાજ લેબર બાબતે વધુ સતર્ક થતા જોવા મળી રહ્યા છે. હાલમાં હું દિવ્ય પાણી પ્રયોગ વિષે લખી રહ્યો છું અને તેના સુંદર પ્રતિભાવ પણ સાંપડી રહ્યા છે ત્યારે ઘણા મિત્રોએ વિગતે આ પ્રયોગ આપવા કહ્યું છે જે અત્રે જણાવું છું.એક કાચના ગ્લાસમાં પોણા ગ્લાસ જેટલું શુદ્ધ પાણી ભરો તેની પર તમને આપવામાં આવેલો અંક યેલો કે ગોલ્ડન સ્કેચપેનથી લખો અને ત્યારબાદ આસાન પર બેસી એક દીવો અને અગરબત્તી કરી હકારાત્મક ચિંતન અને તમારા મનની ઈચ્છા હકારાત્મક રીતે બોલો ત્યારબાદ તમને આપવામાં આવેલા મંત્રની એક માળા કરો એ પછી એ જળને ઘરના તમામ રૂમમાં બધી દિશામાં છાંટો અને થોડું જળ પ્રસાદ રૂપે શુભ ભાવ થી ગ્રહણ કરો. આ પ્રયોગ સતત સવા માસ સુધી સવારે નિયમિત રીતે કરવાથી લાભ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત જળ દિપક પ્રયોગ અને અંજન પ્રયોગ વિષે પણ આવતા અંકોમાં અનુભૂત પ્રયોગ લખીશ.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી–૭૯૯૦૫૦૦૨૮૨

### પોલીસ કમિશનર બ્રજેશ ઝાનો વ્યાજંકવાદીઓ પર તૂટી પડવા આદેશ

# વ્યાજખોરો પર ગાળિયો કસાશે : રાજકોટ પોલીસની આવતીકાલે જનસંપર્ક સભા

## પીડિતોને ભયમુક્ત થઈ સભામાં ભાગ લેવા અપીલ : પોલીસ કમિશનર અરજદારોને રૂબરૂ સાંભળશે

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં વ્યાજકંદવાદની બદીને ડામવા માટે પોલીસ કમિશ્નર બ્રજેશ ઝા દ્વારા આદેશ આપવામાં આવ્યા છે. જેના પગલે શહેર પોલીસ ફરીવાર મેદાને આવી છે અને આવતીકાલે તા.૨૮ના સાંજના ચાર વાગ્યે હેમુ ગઢવી હોલ ખાતે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાની અધ્યક્ષતામાં એક જનસંપર્ક સભાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં વ્યાજખોરોનો ભોગ બનનાર તેમજ શહેરીજનોએ ભાગ લેવા પોલીસ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.



રાજકોટ પોલીસ કમિશ્નર માર્ગદર્શન હેઠળ આગામી તા.૨૮.૦૬.૨૦૨૪ને શુક્રવારના રોજ હેમુ ગઢવી હોલ ખાતે સાંજે ૪ વાગ્યે જનસંપર્ક સભાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં પોલીસના ઉચ્ચ અધિકારીઓ તેમજ શહેરના તમામ એસીપી અને તમામ પોલીસ મથકના પીઆઈ સહિતનો પોલીસ સ્ટાફ હાજર રહેશે. આ જનસંપર્ક સભામાં વ્યાજંકવાદને લગતી સમસ્યાઓનું નિરાકરણ તેમજ બદીથી લોકોનો મુકત કરવા આયોજન કરવામાં આવેલ છે. વ્યાજંકવાદની ગેરકાયદેસર પ્રવૃતિ સદંતર બંધ કરવા જનસંપર્ક સભાનું આયોજન કરવામાં આવેલ છે. માટે રાજકોટ વાસીઓને કોઈપણ પ્રકારની તકલીફ કે ફરિયાદ હોય તો લોકો નિર્ભયપણે પોતાની રજુઆત કરી શકશે. આ ઉપરાંત અગાઉ પોલીસ સ્ટેશનમાં અથવા પોલીસ કમિશ્નરની કચેરીએ અરજી કરેલ હોય તેમાં પોલીસે કરેલ કાર્યવાહીથી સંતુષ્ટ ન હોય તેવા નાગરિકો પણ નિર્ભયપણે પોતાની રજુઆત કરી શકશે જે બાબતનો સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવશે.

રાજય પોલીસ વડાએ તા.૨૧થી૩૧ સુધી વ્યાજખોરી વિરુદ્ધ સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરવાની આપેલ સૂચના અંતર્ગત શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાના માર્ગદર્શન હેઠળ તા.૨૮-૬ના હેમુ ગઢવી હોલમાં સાંજના ચાર વાગ્યે જનસંપર્ક સભાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં એડી.પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજજનસિંહ પરમાર, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહીલ, ડીસીપી જગદીશ બાંગરવા, ડીસીપી ટ્રાફિક પુજા યાદવ તેમજ શહેરના તમામ એસીપી અને તમામ પોલીસ મથકના પીઆઈ સહિતનો પોલીસ કાફલો હાજર રહેશે જેમાં ભોગ બનનાર અરજદારની અરજીનો હેમુ ગઢવી હોલ ખાતે જ તે વિસ્તારના પોલીસ સ્ટેશનના અધિકારી દ્વારા જ સ્વીકાર કરવામાં આવશે.જનસંપર્ક સભામાં વ્યાજંકવાદને લગતી સમસ્યાઓનું નિરાકરણ તેમજ બદીથી લોકોનો મુકત કરવા આયોજન કરવામાં આવેલ છે. શહેરમાં રહેતા ઘણા નાગરીકો આર્થિક તંગીને કારણે ગેરકાયદેસર વ્યાજ વટાવનો ધંધો કરતા શખ્સો પાસેથી વ્યાજે રૂપિયા લેતા હોય છે અને વ્યાજખોરો ઉંચુ વ્યાજ પડાવતા હોય છે. અરજદારો મુદ્દલ રકમ કરતા પણ ઘણી વધુ રકમ ચુકવવા છતા લોકો પાસે પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હોય છે જેના પરિણામે ઘણા પરિવારો પાયમાલ થઈ ગયા છે.

જેથી એક વ્યક્તિને નહી પરંતુ પુરા પરિવારને બાબત અસર કરતી હોય છે જેથી આવી ગેરકાયદેસર પ્રવૃતિ સદંતર બંધ કરવા જનસંપર્ક સભાનું આયોજન કરવામાં આવેલ છે. વ્યાજકંદને લગતી કોઈપણ પ્રકારની તકલીફ કે ફરિયાદ હોય તો લોકો નિર્ભયપણે પોતાની રજુઆત કરી શકશે.

### અગાઉ અરજી કરી હોય પણ પોલીસની કાર્યવાહીથી સંતુષ્ટ ન હોય તેવા અરજદારોને પણ ભાગ લેવા અપીલ

અગાઉ પોલીસ સ્ટેશનમાં અથવા પોલીસ કમિશ્નરની કચેરીએ અરજી કરેલ હોય તેમાં પોલીસે કરેલ કાર્યવાહીથી સંતુષ્ટ ન હોય તેવા નાગરિકો પણ નિર્ભયપણે પોતાની રજુઆત કરી શકશે જે બાબતનો સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવશે.જનસંપર્ક સભા તા.૨૮ના સાંજના ૪થીપ અરજદારોની અરજીઓ લેવામાં આવશે ત્યારબાદ પાંચ વાગ્યે પોલીસ કમિશ્નર પોતે અરજદારોને રૂબરૂ સાંભળશે.

### વ્યાજખોરી અને પઠાણી ઉઘરાણી કરતા શખ્સોનું આવી બનશે

જનસંપર્ક સભામાં વ્યાજંકવાદને લગતી સમસ્યાઓનું નિરાકરણ તેમજ બદીથી લોકોનો મુક્ત કરવા આયોજન કરવામાં આવેલ છે. શહેરમાં રહેતા ઘણા નાગરીકો આર્થિક તંગીને કારણે ગેરકાયદેસર વ્યાજ વટાવનો ધંધો કરતા શખ્સો પાસેથી વ્યાજે રૂપિયા લેતા હોય છે અને વ્યાજખોરો ઉંચુ વ્યાજ પડાવતા હોય છે. અરજદારો મુદલ રકમ કરતા પણ ઘણી વધુ રકમ ચુકવવા છતા લોકો પાસે પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હોય છે જેના પરિણામે ઘણા પરિવારો પાયમાલ થઈ ગયા છે.

### અખાદ્ય વસ્તુઓ બનાવતા અને વેંચનાર સામે આકરી કાર્યવાહી



# ફુડ સેફટીના ૮ કેસમાં ૧૧ લાખનો દંડ ફટકારતા અધિક કલેકટર

## નિલોસની ટુટીફુટી સબ સટાન્ડર્ડ જાહેર થતા માલિકને દોઢ લાખનો દંડ : પનીર, દૂધ, ઘીના અનેક વેપારીઓ પણ દંડાયા

**અબતક, રાજકોટ**

અખાદ્ય વસ્તુઓ બનાવતા અને વેંચનાર સામે અધિક કલેકટર ચેતન ગાંધીએ આકરી કાર્યવાહી કરી છે. જેમાં ફૂડ સેફટીના ૮ કેસમાં ૧૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ કેસમાં નિલોસની ટુટીફૂટીનો કેસ પણ હતો. જે સબ સટાન્ડર્ડ જાહેર થતા માલિકને દોઢ લાખનો દંડ ફટકારાયો છે. આ સાથે પનીર, દૂધ, ઘીના અનેક વેપારીઓ પણ દંડાયા છે.

અધિક કલેકટર ચેતન ગાંધી દ્વારા ગઈકાલે ફૂડ સેફટી કોર્ટ ચલાવવામાં આવી હતી. જેમાં મહાપાલિકાના ફૂડ વિભાગ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા કેસો મુકવામાં આવ્યા હતા. બન્ને પક્ષે રજૂઆતો સાંભળીને અધિક કલેકટર દ્વારા દંડનિય કાર્યવાહી કરવામાં આવી હતી.

જેમાં નિર્લોસ એન્ટરપ્રાઈઝ (જલગાવ- મહારાષ્ટ્ર)ની ટુટીફ્રૂટી જે દેશભરમાં પ્રખ્યાત છે તેના અગાઉ સેમ્પલ લેવામાં આવ્યા હોય જે સબ સ્ટાન્ડર્ડ જાહેર થયા હતા. કંપનીના માલિક ઉજ્જ્વલ સિંઘને ૧.૫ લાખનો દંડ અને ડિસ્ટ્રીબ્યુટર ધ્રુમિલ અરુણ કારીયાને ૧૦ હજારનો દંડ અધિક કલેકટર દ્વારા ફટકારવામાં આવ્યો છે.

જેતપુરના ઉમરાળીના પ્રવીણ દેવસી ભૂંડિયા પાસેથી ૧૬૦ લીટર દુધના સેમ્પલ લેવામાં આવ્યા હતા.તેમાં વેજીટેબલ ઓઈલના કન્ટેન્ટ મળ્યા હતા.તેને રૂ.૨૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. ખટાણા દેવાયતભાઈ વસ્તાભાઈ પાસેથી ૫૦ કિલો અને ૩૦ કિલો બે અલગ પનીરના નમૂના લીધા હતા. તે સબ સ્ટાન્ડર્ડ થયા હતા. તેમાંથી વેજીટેબલ ઓઈલના કન્ટેન્ટ મળ્યા હતા. તેઓને ૫૦ કિલો વાળા કેસમાં ૨૫ હજારનો દંડ અને ૩૦ કિલો કાળા કેસમાં ૨૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

વલગા કોર્પોરેશનના ભુવનેશ દિપક ચંદ્રાણી પાસેથી નયનદીપ પ્યોર ઘીના ૧૫ કિલોના ૧૨ ટીનના સેમ્પલ લેવામાં આવ્યા હતા.જે સબ સ્ટાન્ડર્ડ જાહેર થયા છે. તેમાં પેઢીને ૨.૫ લાખ અને ઓનરને ૨.૫ લાખનો દંડ મળી કુલ ૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

મુકેશ શિવલાલ નથવાણી જેઓ નંદગ્વાલ પ્યોર કાઉ ઘી ધમાલપર- તરઘડી ખાતેથી વેચે છે. તેઓના ૫૦૦ એમએલના ૩૮૪ નંગના નમૂના લીધા હતા. જે સબ સ્ટાન્ડર્ડ જાહેર થયા હોય જે બદલ ૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. તેની પાસેથી જ કુંજ કાઉ ઘી ૧૫ કિલોના ૧૦ ડબા હતા તેમાં પણ ૧ લાખનો દંડ મળી કુલ ૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

કોઠારિયા રોડ ઉપર દૂધની ડેરીમાં ભરતભાઈ ભુવા પાસેથી દુધનો નમૂનો લેવામાં આવ્યા હતા. પ્રતીક વિનુભાઈ વસાણી તે પેઢીના માલિક હતા. ૩૦ લીટર દૂધના નમૂના લીધા હતા. બન્નેને રૂ.૧૦-૧૦ હજાર મળી ૨૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

# વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય તરફ ડગ માંડતું પ્રથમ સોપાન એટલે “શાળા પ્રવેશોત્સવ”

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ આયોજીત શાળા પ્રવેશોત્સવમાં ૨૧૭૬ બાળકોને અપાયો પ્રવેશ

**અબતક, રાજકોટ**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ આયોજીત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ત્રિદિવસીય કાર્યક્રમના પ્રથમ દિવસે રૂટ નં.૧ થી ૧૧માં શહેરની વિવિધ શાળાઓ જેવી કે શાળા નં.૩૨,૧૩,૧૪,૩૩,૧૭,૬૮,૪૦,૬૬,૨૯,૭૬,૮૯,૯૧,૫૬,૫૯,૪૮,૧૬,૮,૧૧,૧,૪,૮૫,૫૨,૨૦બી, ૬૧, ૪૯બી, ૮૮, ઘંટેશ્વર પ્રાથમિક શાળા, માધાપર તાલુકા શાળા, મનહરપુર-૧ પ્રા. શાળા, મોટા મૌવા તાલુકા શાળા, રશુલપરા પ્રા.શાળા, શક્તિનગર પ્રા. શાળા. શિક્ષણ સમિતિની કુલ : ૩૩ અને શહેરની અન્ય માધ્યમિક શાળાઓ સાથે જોડાયેલ. શાળાઓમાં આનંદ, ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં બાલવાટીકામાં ૯૩૦ ભૂલકાઓ, ધો.૧ના ૨૯૦ કુમાર અને ૨૯૧ કન્યાઓ મળી કુલ ૫૮૧ બાળકોને શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો. આંગણવાડીમાં ૩૪૮ કુમાર અને ૩૧૭ કન્યાઓ મળી કુલ ૬૬૫ બાળદેવોને પ્રવેશ કરાવવામાં આવ્યો. તેમજ સાથો સાથ ૫ (પાંચ) કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડનું વિતરણ કરવામાં આવેલ.

આ તકે બાળકોનો ઉત્સાહ વધારવા અને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. જેમાં વજુભાઈ વાળા, પૂર્વ રાજ્યપાલ, કર્ણાટકએ પોતાની આગવી શૈલી મુજબ શાળામાં ભણતર માટે આવતા બાળકોને તેમના જીવનમાં પ્રગતી હાંસલ કરી તેના માતા-પિતાના દરેક સ્વપ્નો પરી પૂર્ણ કરે. તેમજ સાથો સાથ ઉપસ્થિત વાલીઓને પણ પ્રતિજ્ઞા લેવડાવેલ કે તેમના બાળકોના અભ્યાસમાં કોઈપણ અવરોધ ઉભો નહિ કરે અને પ્રગતિના પંથ ઉપર નિરંતર ચાલવા માટે પ્રેરણા આપશે.





નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમ પુજારા, વાઈસ ચેરમેન ડો. પ્રવીણકુમાર નિમાવત અને શાસનાધિકારી કિરિટસિંહ પરમારના વડપણ હેઠળ આ કાર્યક્રમોમાં મેયર, રા.મ્યુ.કો. નયનાબેન પેઢડીયા, મોહનભાઈ કુંડારિયા-પૂર્વ સાંસદ, મુકેશભાઈ દોશી - પ્રમુખ રાજકોટ શહેર ભાજપ, ડો.દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા - ધારાસભ્ય, રાજકોટ શહેર, વિશાલ ગુપ્તા (આઈએએસ), એડી.રૂરલ ડેવલોપમેન્ટ કમિશનર, ગાંધીનગર, દેવાંગ દેસાઈ (આઈએએસ) - કમિશ્નર રાજકોટ મહાનગરપાલિકા, બ્રિજેશકુમાર ઝા (આઈપીએસ), પોલીસ કમિશનર, રાજકોટ શહેર, સ્વપ્નીલ ખરે (આઈએએસ), ડે.કમિશનર, રા.મ્યુ.કો., ડો. જે.એચ.ઓઢવાણી - જનરલ એડમિનિસ્ટ્રેશન સચિવાલય ગાંધીનગર, પ્રકાશભાઈ સોની, પ્રભારી રાજકોટ શહેર ભાજપ, નરેન્દ્રસિંહ જાડેજા, ડે. મેયર, રા.મ્યુ.કો., જયમીનભાઈ ઠાકર - ચેરમેન સ્ટેન્ડિંગ કમિટી, અશ્વિનભાઈ મોલીયા, ડો. માધવભાઈ દવે - મહામંત્રી રાજકોટ શહેર ભાજપ, દેવાંગભાઈ માંકડ-સભ્ય સ્ટેન્ડિંગ કમિટી રા.મ્યુ.કો., અતુલભાઈ પંડિત - પૂર્વ ચેરમેન ન.પ્રા.શિ. સમિતિ, પરિમલભાઈ પરડવા, રાજકોટ શહેર ભાજપ. તથા રા.મ્યુ.કો. ના આસિ. કમિશનરઓ અને અન્ય અધિકારીઓની પ્રવેશોત્સવની શાળાઓમાં પ્રેરણાદાયક ઉપસ્થિતિ રહી હતી.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા, વાઈસ ચેરમેન ડો.પ્રવીણકુમાર નિમાવત, તથા શિક્ષણ સમિતિના સંગીતાબેન છાયા, વિરમભાઈ સાંભડ, સુરેશભાઈ રાઘવાણી, જગદીશભાઈ ભોજાણી, વિક્રમસિંહ જાડેજા, જાગૃતિબેન ભાણવડીયા, રસિકભાઈ બદ્રકીયાના જણાવ્યા મુજબ આ વર્ષના પ્રવેશોત્સવ દરમિયાન શહેરના વાલીઓમા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ પ્રત્યે વિશ્વાસ વધ્યો છે. વાલીઓ પોતાના બાળકોને સરકારી શાળાઓમાં અભ્યાસ કરાવવા માટે આકર્ષિત થયા છે.

આજ રોજ તા.૨૭ મી, ગુરુવારે, રૂટ નં. ૧ થી ૧૧ માં શાળા નં.૧૦૦, ૪૩, ૭૭, ૪૬, ૬૭, ૯૭, ૭૧, ૮૯બી, ૮૦, ૭૩, ૭૦, ૭૪, ૬૦, ૨૬, ૯૦, ૮૮એ, ૬૯, ૮૧એ, ૪૭, ૫૭, ૨૮, ૯૮, ૪૪, ૮૭, ૯૩, ૮૪, શ્રી કોઠારીયા સ્ટે. પ્રા. શાળા, નારાયણનગર કન્યા પ્રા. શાળા, નારાયણનગર કુમાર પ્રા. શાળા, શ્રી તિરુપતિ પ્રા. શાળા, જયભારત પ્રા. શાળા, વાવડી પ્રા. શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવશે.

તા.૨૮મી, શુક્રવારે, રૂટ નં. ૧ થી ૧૧ માં ૯૬, ૧૫, ૭૨, ૪૯, ૨૩, ૭૮, ૫૮, ૯૬બી, ૯૯, ૯૫, ૯૪, ૬૪બી, ૬૩, ૬૫, ૫૧, ૬૨, ૯૨, ૬૪, ૮૩, ૮૨, ૮૧, ૧૯, શ્રી કોઠારીયા તાલુકા શાળા, શ્રી ગુલાબનગર પ્રા. શાળા, શ્રી કે.કે.કોટેચા તાલુકા શાળા, લક્ષ્મીનારાયણ પ્રા. શાળા, મુંજકા-૧, મુંજકા-૨ ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવશે.

સમગ્ર ત્રિ-દિવસીય કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન

(અનુ. આઠમા પાને)





### ભુલકાં સાથે સાઈકલ સવારી કરતાં મંત્રી ભાનુબેન બાબરીયા

આંગણવાડીથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી બાળકો માટે સરકાર સતત ચિંતા કરે છે બાળકોને મફત શિક્ષણ સાથે તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. ઉચ્ચ લાયકાત ધરાવતાં શિક્ષકો આ શિક્ષણ યજ્ઞમાં ખુબ સારું શિક્ષણ કાર્ય કરે છે. બાળકોને હોસ્ટેલથી વિદેશ અભ્યાસની તક પણ સરકાર દ્વારા પુરી પાડવામાં આવે છે. શાળાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન અને સિધ્ધિ હાંસલ કરનાર અને રમત મગતમાં આગળ આવનાર બાળકોને મંત્રીના હસ્તે સન્માનીત કરવામાં આવ્યા હતા. તમામ સ્થળોએ કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહેમાનો દ્વારા શાળાના કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. શાળાથી દુરના અંતરે રહેતા બાળકોને શાળા સુધી જવા માટે સરકાર દ્વારા અપાતી ટ્રાન્સપોટેશનની સુવિધાનો પ્રારંભ કરાવી બાળકો સાથે મંત્રી ભાનુબેન બાબરીયાએ રિક્ષાની સવારી કરી હતી. સાથો સાથ આંગણવાડી શાળામાં પ્રવેશ કરી રહેલા બાળકો સાથે મંત્રીએ પોતાના મોબાઈલમાં સેલ્ફી પણ લીધી હતી. નર્મદા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૪ સમગ્ર રાજ્ય સહિત નર્મદા જીલ્લા ઢોલ-નગારા સાથે વાજતે ગાજતે વિદ્યાર્થીઓના પ્રવેશ કરાવાય રહ્યો છે.

### શાળા પ્રવેશોત્સવમાં ભુલકાઓને પ્રોત્સાહીત કરતાં ઉદય કાનગડ

વિધાનસભા-૬૮માં વોર્ડ-૪, ભગવતીપરામાં શાળા નં.૪૩ અને ૧૦૦માં તેમજ જુના મોરબી રોડ ખાતે શાળા નં.૭૭ અને શાળા નં. ૪૬માં રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ધારાસભ્ય ઉદય કાનગડની પ્રેરક ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો.


ધારાસભ્ય ઉદય કાનગડએ શિક્ષણમાં પ્રથમ ડગ માંડતા ભુલકાઓને આવકારતા જણાવેલ કે રાજયની ભાજપ સરકારના શિક્ષણના મહાકુંભનો અમી ઘુંટડો એટલે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ. પોતાના જીવનમાં શિક્ષણના પગથિયે પ્રથમ ડગ માંડતા ભૂલકાઓનો આગવો અવસર એટલે શાળા પ્રવેશોત્સવ. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી જેવા કાર્યક્રમો થકી લોકોમાં જાગૃતી આવી છે અને નાગરિકો શિક્ષણનું મહત્વ સમજતા થયા છે.

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અને રાજય સરકારના વિવિધ પ્રયાસોના પરિણામે આજે અભ્યાસ અધૂરો છોડીને જતા બાળકોની સંખ્યામાં ધરખમ ઘટાડો આવ્યો છે. કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ એટલે વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્ય તરફ ડગ માંડતું પ્રથમ સોપાન.

રાજયની ભાજપ સરકારના શિક્ષણના મહાકુંભનો અમી ઘુંટડો એટલે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ. પોતાના જીવનમાં શિક્ષણના પગથિયે પ્રથમ ડગ માંડતા ભૂલકાઓના આ આગવા અવસર એટલ કે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને તમામ ભૂલકાઓને પ્રોત્સાહિત કરતાં ધારાસભ્ય ઉદય કાનગડએ અંતમાં જણાવેલ હતું.

# પૂ. મહંત સ્વામી મહારાજના પ્રાતઃ પૂજા દર્શનથી ભકતો ભાવવિભોર



## નાના બાળકોએ સત્સંગ દીક્ષાના શ્લોક, સાખીઓ અને સ્વામીની વાતોની રજૂઆત કરી

**મહંત સ્વામી મહારાજના સેવકોએ સ્વામીના ગુણોની સરવાણી વહાવી**

અબતક,રાજકોટ

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ગુરૂદેવ પ.પૂ. મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં તા.૧૪ જૂનથી ૧૦ જુલાઈ દરમિયાન રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે વિવિધ સાંસ્કૃતિક અને રસપ્રદ કાર્યક્રમોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે તેમના રોકાણ દરમિયાન દરરોજ વિવિધ દિનની ઉજવણી કરવામાં આવે છે. જેનો હજારો ભાવી-ભકતો લ્હાવો લે છે ત્યારે કાલાવડ રોડ પર આવેલ પ્રમુખસ્વામી સભાગૃહમાં મંગલ પ્રભાતે ૬ થી ૮ દરમિયાન પ.પૂ.મહંતસ્વામી મહારાજના પ્રાતઃપૂજા દર્શન માટે હરિભક્તોની ભીડ ઉમટી પડે છે. વહેલી સવારે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું જીવનચરિત્રના ગ્રંથોનું આલેખન કરનાર અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામીના જીવનને સૌ કોઈ પ્રત્યેક્ષરૂપે નીહાળી શકે, તે માટે એમનું જીવનચરિત્ર લખી રહેલ સાધુતાએ યુકત સંત પૂ.આદર્શજીવન સ્વામી પ્રગટ ચરિત્રામૃત વિષયક પ્રાતઃકથામૃતનો લાભ આપી રહ્યા છે. પ.પૂ.મહંતસ્વામી મહારાજના પ્રાતઃપૂજામાં સંગીતજ્ઞ હરિભક્તો કીર્તનગાન દ્વારા તેઓની કળાને પાવન કરી હતી અને નિર્દોષતાથી છલકતા એવા નાના બાળકોએ સત્સંગ દીક્ષાના શ્લોકો, સાખીઓ, સ્વામીની વાતો, પ્રસંગોના મુખપાઠની રજૂઆત કરી હતી.

પ.પૂ.મહંતસ્વામી મહારાજની સાથે સેવામાં રહેતા સેવક સંતો દ્વારા સ્વામીના ગુણોને વ્યક્ત કરતા પ્રસંગો રજૂ થયા હતા. જેમાં પૂજ્ય સેવક સંતોએ જણાવ્યું હતું કે, 'સ્વામી દરેક ક્રિયામાં હંમેશા ભગવાનને યાદ કરે છે, મૂર્તિમાં જાણે સાક્ષાત ભગવાન છે એવા જ ભાવ સાથે ભક્તિ કરે છે. સ્વામી પર રોજના ૧૫૦ જેટલા પત્રો ભક્તો પોતાના પ્રશ્નોના સમાધાન પ્રાપ્ત કરવા માટે મોકલે છે. અને ૯૧ વર્ષની વયે પણ આ ભક્તોના પ્રશ્નોના સમાધાન સ્વામી કરી આપે છે.' સેવક સંતોએ કહેલ ગુરુભક્તિના પ્રસંગો ઉપસ્થિત તમામ ભક્તોને એક સાચા શિષ્ય બનવાની પ્રેરણા આપી રહ્યા હતા. આજના દિને પોતાના ગુરુજીના વિશિષ્ટ પ્રસંગો સાંભળીને ભક્તોએ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

### સૌરાષ્ટ્રના સેવા જગતમાં અમૂલ્ય યોગદાન આપનાર આદ્રોજા પરિવારના

# યુવા ઉદ્યોગપતિ અને એન્જલ પંપના કીરીટ આદ્રોજાને ઈન્ટરનેશનલ એકસલન્સી એવોર્ડ એનાયત કરાશે

### વર્લ્ડબુક ઓફ રેકોર્ડસ દ્વારા ૧૮મીએ બ્રિટીશ પાર્લામેન્ટના ચર્ચિલમાં એવોર્ડ અપાશે



અબતક,રાજકોટ

મૂળ મોરબી પંથકના વતની કડવા પટેલ સમાજના યુવા અગ્રણી સિરામિક, બાંધકામ, પંપ, જમીન મકાન, પાઈપ, કેબલ સહિતના ઉદ્યોગો સાથે જોડાયેલ અને શહેરની અનેક સેવા સંસ્થાઓમાં સક્રિય તન-મન-ધનથી યોગદાન આપતા રાજકોટના સફળ યુવા ઉદ્યોગપતિ અને એન્જલ પંપ ના મેનેજીંગ ડીરેક્ટર કિરીટ આદ્રોજાને લંડન સ્થિત વર્લ્ડબુક ઓફ રેકોર્ડ્સ દ્વારા ઈન્ટરનેશનલ એક્સલન્સી એવોર્ડ દ્વારા પ્રતિ વર્ષ દેશ અને દુનિયાના વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર વ્યકિતઓને ઈન્ટરનેશનલ એક્સલન્સી એવોર્ડ આપવામાં આવે છે જે અંતર્ગત વર્ષ ૨૦૨૪ના એવોર્ડ માટે રાજકોટના ગૌરવ સમા કિરીટ આદ્રોજાની પસંદગી થઈ છે. આગામી તારીખ ૧૮ જુલાય નારોજ લંડનના હાઉસ ઓફ કોમન્સ (બ્રિટીસ પાર્લામેન્ટ) ના ચર્ચિલ હોલમાં સાંજના ૬:૩૦ વાગે વિશ્વભરના નામાંકિત અતિથિઓની ઉપસ્થિતિમાં આ એવોર્ડ અર્પણ કરવામાં આવનાર છે ત્યારે રાજકોટના ઉદ્યોગ જગતમાં હરખની હેલી પ્રવર્તી રહી છે.

રાજકોટની દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ, સરગમ કલબ, સદભાવના વૃધ્ધાશ્રમ, ઉમિયા માતાજી મંદિર સીદસર, મેટોડા જીઆઈડીસી, આણંદાબાવા સેવા સંસ્થાન જામનગર, સહિતની અનેક સેવા સંસ્થાઓના સારથી કિરીટ આદ્રોજા એક સફળ ઉદ્યોગપતિની સાથે ઉમદા મળવા જેવા માનવી છે. રાજકોટ સૌરાષ્ટ્ર ના સેવા જગતમાં આદ્રોજા પરિવારનું બહુમુલ્ય યોગદાન રહેલ છે મારૂ એ બધું મારુ નહિ થોડું સમાજને પણ અર્પણ એવી ઉમદા ભાવના સાથે કાર્યરત આદ્રોજા પરિવારના મોભી શિવલાલભાઈ આદ્રોજા, અશ્વિનભાઈ આદ્રોજા, જીજ્ઞેશભાઈ આદ્રોજાના નેતૃત્વ હેઠળ પોતાનો વ્યવસાય દેશ વિદેશમાં વિસ્તાર્યો છે. ભારતના અનેક રાજ્યોમાં પોતાની વ્યવસાયિક શાખ ઉભી કરી છે અને દેશના સીમાડા ઓળંગી એક્ષપોર્ટર તરીકે નામના મેળવી છે. અત્રે ઉલેખનીય છે કે એન્જલ પંપની બ્રાંડને રાષ્ટ્રપતિ એવોર્ડ પણ મળેલ છે આ ઉપરાંત પરિવારને અનેક નાના મોટા એવોર્ડથી નવાજવામાં આવેલ છે.

આગામી તારીખ ૧૮ જુલાયના રોજ વર્લ્ડબુક ઓફ રેકોર્ડ્સ દ્વારા બ્રિટીસ પાર્લામેન્ટમાં યોજાયેલ ઈન્ટરનેશનલ એક્સલન્સી એવોર્ડ સમારંભમાં એવોર્ડ સ્વીકારવા માટે કિરીટ આદ્રોજા અને તેમ ના ધર્મપત્ની વર્ષાબેન આદ્રોજા લંડન જઈ રહ્યા છે ત્યારે આણંદાબાવા સેવા સંસ્થાન જામનગરના ગાદીપતિ

(અનું. આઠમાં પાને)

### આઈ.સી.ડી.એસ.ના વિભાગ દ્વારા

# આંગણવાડીમાં પ્રવેશ મેળવનારા ભૂલકાઓને દાતાઓ તરફથી ૬૦૦ પાણીની બોટલનો ઉપહાર



અબતક,રાજકોટ

ગુજરાતમાં કન્યા કેળવણી દ્વારા દીકરીઓનાં અભ્યાસને પ્રોત્સાહન આપવા અને પ્રાથમિક શિક્ષણને વેગવંતુ કરવા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં બે દાયકાથી શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવે છે. ત્યારે સમગ્ર રાજયમા તા.૨૬ જુનથી આગામી તા.૨૮ જૂન સુધી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૪ની ઉજવણી કરવામાં આવી રહી છે. અનેક ભૂલકાઓ શિક્ષણ તરફ તેમના પગલા માંડવા જઈ રહ્યા છે. ત્યારે રાજકોટ મહાનગરપાલિકાના આઈ.સી. ડી.એસ. વિભાગ અંતર્ગત આવતી ઘટક-૩ આંગણવાડીમાં પ્રવેશ મેળવતા બાળકો માટે ભેટ મળી રહે તે માટે દાતાઓના સહયોગથી આંગણવાડીના નવા પ્રવેશપાત્ર ભૂલકાઓ માટે ૬૦૦ પાણીની બોટલ આપવામાં આવેલ છે. તે બદલ સમગ્ર આઈ.સી. ડી. એસ. ઘટક ૩ વતી દાતાઓનું સન્માન કરી આભાર વ્યક્ત કરવામાં આવેલ.

# બધીર મંડળના રમતવિરોનો ખેલ મહાકુંભમાં ડંકોઃ મેડલ જીતનારાઓને સન્માનિત કરાયા



**વીર એકેડેમીમાં બધીર મંડળના ૬ ચેમ્પીયનોનું મહાનુભાવોના હસ્તે કરાયું સન્માન**

અબતક,રાજકોટ

ગુજરાતભરના મૂકબધિરોના ઉત્કર્ષના હેતુ સાથે સ્થપાયેલી બધિર મંડળ રાજકોટ સંસ્થા શારીરિક પડકારોનો સામનો કરી રહેલ યુવાનોને પ્રોત્સાહિત કરી સહાય કરવાનું કામ કરે છે.

બધિર મંડળ દર વર્ષે અનેકવિધ સામાજિક, શૈક્ષણિક તેમજ વ્યવસાયલક્ષી માર્ગદર્શનની પ્રવૃત્તિઓનું આયોજન કરી શ્રવણ શક્તિથી વંચિત રહેલ યુવાનો માટે નોર્મલ યુવાનોની સમાંતર ઊભા રહી શકાય તેવું પ્લેટફોર્મ પુરું પાડે છે જે દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થાના છ સભ્યોએ ખેલ મહાકુંભમાં ઝળહળતો દેખાવ કર્યો છે. જેમાં કમલેશ રાઠોડ (બરછી ફેંક-પ્રથમ), ધવલ બગડાઈ (ગોળી ફેંક-પ્રથમ), રાહુલ માણેક (ગોળી ફેંક-બીજા) અભિરાજસિંહ ગોહિલ (૨૦૦ મીટર-બીજા), સંજય પટોરિયા (ચક્ર ફેંક-ત્રીજા), તેજલ સારિયા (બરછી ફેંક-ત્રીજા) ને સન્માનપત્રો પણ એનાયત કરાયા હતા.રાજકોટ વીર એકેડમીના હોલમાં યોજાયેલ સમારોહમાં વિજેતાઓને બિરદાવતા સંસ્થામાં આદ્યસ્થાપક પ્રમુખ રાહુલ માણેક, અને મંત્રી મહિપાલસિંહ ચુડાસમા કહ્યું હતું કે મૂકબધિર યુવાનોએ આવી પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લઈ અન્ય બોલી, સાંભળી, જોઈ શકતા યુવાનો માટે આદર્શ સ્થાપી બહુમાન કરવામાં આવ્યું હતું.

# બલિદાન દિવસ નિમિતે યુવા ભાજપ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો





અબતક,રાજકોટ

પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડો. પ્રશાંતભાઈ કોરાટના માર્ગદર્શન હેઠળ ગુજરાતભરમાં ભાજપ યુવા મોરચા દવારા ડો. શ્યામાપ્રસાદ મુખરજી બલિદાન દિવસ

નિમિતે રકતદાન કેમ્પનુ આયોજન કરવામાં આવેલ હોય, બલિદાન સાપ્તાહ અંતર્ગત તા.૨૬ જૂનના વોર્ડ નં. ૨,૭,૧૮ ખાતે રાજકોટ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ વોર્ડમાં તબકકાવાર મેગા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ અને આ રકતદાન કેમ્પો થકી બહોળી સંખ્યામાં રક્ત એકત્ર કરવામાં આવેલ. આ તકે યુવા મોરચાના પ્રમુખ કિશન ટિલવાની આગેવાનીમાં વોર્ડ નં. ૨,૭,૧૮ માં રકતદાન કેમ્પ યોજાયેલ આ રકતદાન કેમ્પમાં શહેર ભાજપના ઉપપ્રમુખ હિતેષ ઢોલરીયા, કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષી, કોર્પોરેટર સંજયસિંહ રાણા, શહેર યુવા ભાજપ લીંબાશીયા, સહદેવ ડોડીયા સહિત ત્રણેય વોર્ડના પ્રભારી, પ્રમુખ,મહામંત્રી,કારોબારી સભ્ય સહિત બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.



આ રકતદાન કેમ્પને સફળ બનાવવા કિશન ટીલવાની આગેવાનીમાં મહામંત્રી મીલન લીબાશીયા, સહદેવ ડોડીયા, સહીતના યુવા મોરચાના હોદેદારો અને મોરચાના પ્રમુખ કિશન ટીલવા,મહામંત્રી મીલન કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.

# ચારધામ યાત્રાએ જતા યાત્રાળુઓને રેલવે સ્ટેશન પર બોલબાલા ટ્રસ્ટ દ્વારા અપાય ભાવભેર વિદાય

### બોલબાલા સિનિયર સિટીઝન નવા ચેમ્બરો માટે રજીસ્ટ્રેશન ફોર્મ ચાલુ



અબતક, રાજકોટ

રાજકોટના બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બોલબાલા સીનીયર સીટીઝન વડીલ મેમ્બરો માટે નિવૃતિમાં પ્રવૃતિ અને નાના મોટા અવનવા કાર્ય અવાર નવાર થતા રહે છે. જેમાં હાલ બોલબાલા ટ્રસ્ટ દ્વારા રાજકોટથી ચારધામ યાત્રા પ્રવાસે જતા યાત્રીકોને રાજકોટ રેલવે જંકશન બોલબાલાના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાય ઉપસ્થિત રહી યાત્રા પ્રસ્થાન કરાવ્યું હતું. તેમજ યાત્રીકોનો પ્રવાસ જીવનની અને યાદગાર યાત્રા બની રહે તેવી બોલબાલા ટ્રસ્ટ વતી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. રાજકોટથી ચારધામ યાત્રા પ્રવાસે જતા યાત્રીકોના યાત્રા પ્રસ્થાનમાં ટ્રસ્ટ જયેશ ઉપાધ્યાય કમીટી મેમ્બર તેમજ સ્ટાફ ગણદ ઉપસ્થિત રહ્યા હતા. બોલબાલા સિનીયર સીટીઝન નવા મેમ્બરો માટે બોલબાલા સેવા સંકુલ, મીલપરા શેરી નં.૩, કેનાલ રોડ નજીક રાજકોટ ખાતે ફોર્મ રજીસ્ટ્રેશન ચાલુ છે. તેમજ આગામી તા. ૩૦-૬ બપોરે ૩ થી ૭ વાગ્યે રાષ્ટ્રીય શાળા ખાતે સંગીત સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. વધુ માહીતી માટે મો. નં. ૮૮૬૬૦ ૨૨૬૬૦ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# 'એક પેડ માઁ કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરતા મેયર

### વોર્ડના પ્રમુખ, મોરચાના પ્રમુખ, બુથના પ્રમુખ સેલ સંયોજક સહિતના કાર્યકરો જોડાયા



અબતક,રાજકોટ

તા.૨૩ જૂન ડો.શ્યામા પ્રસાદ મુખર્જી સ્મૃતિ દિવસ અંતર્ગતથી સેવાકીય કાર્યક્રમો આગામી તા. ૬ જુલાઈના તેમના જન્મ દિવસ સુધી પ્રદેશ ભાજપની યોજના અનુસાર વિવિધ કાર્યક્રમો જેવાં કે ડો.શ્યામાપ્રસાદ મુખર્જીની વિવિધ કાર્યક્રમ અંતર્ગત એક પેડ માઁ કે નામ કાર્યક્રમ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરના વોર્ડ પ્રમુખ, મોરચાના પ્રમુખ, બુથ પ્રમુખ, સેલના સંયોજક, મેયર દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. વોર્ડના પ્રમુખ, બુથ પ્રમુખ, સેલના સંયોજકે પોતાના વોર્ડના બાગ બચીચામાં એક પેડ માઁ કે નામ અંતર્ગત વૃક્ષા રોપણ કરવામાં આવેલ હતું.

આ તકે મહેન્દ્ર પાડલીયા, ધારાસભ્ય અને મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપના હરેશ કાનાણી, વિજયભાઈ પાડલીયા સહિત રજનીભાઈ ગોલ, વિરેન્દ્ર ભટ્ટ, કાનાભાઈ ખાણધર, લલીતભાઈ વાડોલીયા, કિરણબેન માકડીયા સહિતના ભાજપના કાર્યકર્તા અગ્રણી મંગલ પાંડે, બીગબજાર પાછળ આવેલ ઉદ્યાન ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું.

તંત્રી લેખ

# ભારતીય અર્થતંત્રમાં એનઆરઆઈનો સિંહફાળો

ભારતીય અર્થતંત્ર સતત આગળ વધી રહ્યું છે. જો કે એનઆરઇ દેશની બહાર રહીને આ અર્થતંત્રને બળ આપી રહ્યા છે. એનઆરઆઈ દેશમાં અબજો રૂપિયા ઠાલવી રહ્યા છે. જેને કારણે ભારતની બજારમાં પૈસો ભરપૂર ફરતો રહે છે. જો કે તેઓ જ્યાં રહે છે ત્યાના અર્થતંત્રમાં પણ સિંહફાળો આપી રહ્યા છે. આમ વિદેશ વસતા ભારતીયો બે દેશોના અર્થતંત્રમાં મહત્વનો ભાગ ભજવી રહ્યા છે.

વિશ્વના અનેક દેશોમાં ભારતીયો વસે છે. ભારતીયો વિદેશોમાંથી કમાણી કરવામાં અવ્વલ બન્યા છે. ૨૦૨૩માં ભારતીયોએ વિદેશથી ૧૨૦ બિલિયન ડોલર એટલે રૂ. ૯.૮૪ લાખ કરોડ રેમિટન્સ સ્વરૂપે ભારત મોકલ્યા હતા. જે મેક્સિકોને મળેલા ૬૬ બિલિયન ડોલરના રેમિટન્સ કરતાં બમણુ છે.

વર્લ્ડ બેન્ક દ્વારા જારી રિપોર્ટ અનુસાર, વિદેશમાંથી રેમિટન્સ મેળવનાર દેશોમાં ચીન (૫૦ બિલિયન ડોલર), ફિલિપાઈન્સ (૩૯ બિલિયન ડોલર) અને પાકિસ્તાન (૨૭ બિલિયન ડોલર) રેમિટન્સ પ્રાપ્ત કરનારા ટોચના પાંચ દેશોમાં છે. ૨૦૨૧-૨૦૨૨ દરમિયાન મજબૂત વૃદ્ધિ બાદ નીચી અને મધ્યમ આવકવાળા દેશોમાં સત્તાવાર રેમિટન્સનું પ્રમાણ નીચુ રહ્યું હતું. જો કે, ૨૦૨૩માં ૬૫૬ બિલિયન ડોલરે પહોંચ્યું હતું.

ભારતના કિસ્સામાં, ૨૦૨૩માં રેમિટન્સમાં ૭.૫ ટકાનો વધારો થયો છે. તે ૧૨૦ બિલિયન ડોલર થઈ ગયું છે. અમેરિકામાં ઘટી રહેલા ફુગાવા અને મજબૂત શ્રમ બજારોના ફાયદાના કારણે રેમિટન્સમાં વધારો થયો છે. ભારતમાંથી કુશળ ઈમિગ્રન્ટ્સ માટે અમેરિકા સૌથી મોટું સ્થળ છે. આ ઉપરાંત ગલ્ફ દેશોમાં કુશળ અને અર્ધ-કુશળ કામદારોની માંગની પણ રેમિટન્સ પર સકારાત્મક અસર પડી હતી.

પાકિસ્તાનના કિસ્સામાં પણ વિદેશમાં માંગ સારી હતી પરંતુ કોરોના મહામારી બાદ ત્યાંની આર્થિક સ્થિતિ કથળતાં રેમિટન્સ ઘટ્યું છે. ચુકવણીમાં સંતુલન અને આર્થિક મુશ્કેલીઓના કારણે નબળી આર્થિક સ્થિતિને કારણે તે ૨૦૨૩માં ૧૨ ટકા ઘટીને ૨૭ બિલિયન ડોલર થઈ હતી. જ્યારે ૨૦૨૨માં તેને ૩૦ બિલિયન ડોલર મળ્યા હતા. વર્લ્ડ બેન્કના જણાવ્યા અનુસાર, ભારતમાં સ્થળાંતર કરનારાઓ દ્વારા મોકલવામાં આવેલા રેમિટન્સના સ્ત્રોતની દ્રષ્ટિએ યુનાઈટેડ આરબ અમીરાત યુએસ પછી બીજા ક્રમે છે.

વિશ્વ બેંકના રિપોર્ટ અનુસાર, બહારથી પ્રવાસીઓ દ્વારા ભારતમાં મોકલવામાં આવતા નાણાંના સ્ત્રોતના મામલે અમેરિકા સૌથી આગળ છે. આ પછી સંયુક્ત આરબ અમીરાત બીજા સ્થાને રહ્યું. તેનો હિસ્સો ૧૮ ટકા રહ્યો છે. વિદેશમાંથી રેમિટન્સમાં વધારો થવાનું મુખ્ય કારણ યુએસમાં ફુગાવામાં ઘટાડો અને મજબૂત શ્રમ બજારોમાં ઊંચી કમાણી છે. ભારતમાંથી કુશળ ઈમિગ્રન્ટ્સ માટે અમેરિકા સૌથી મોટું સ્થળ છે. આ ઉપરાંત ગલ્ફ દેશોમાં કુશળ અને અર્ધ-કુશળ કામદારોની માંગની પણ રેમિટન્સ પર સકારાત્મક અસર પડી હતી.

## "ડોકટર ડે" નિમિતે

# ઠક્કર હોસ્પિ.માં સોમવારે કાન,નાક,ગળા સહિતના રોગનો રાહતદરે સારવાર કેમ્પ

**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્રની પ્રથમ હરોળની હોસ્પિટલોમાની એક એવી ડો.ઠક્કરની દાંત તથા કાન-નાક-ગાળાની અધતન સર્જીકલ હોસ્પીટલ એન્ડ એન્ડોસ્કોપી સેન્ટર, ૧૭ વર્ષ પુરા કરી ૧૮ માં વર્ષ માં પ્રવેશ કરી રહી છે ત્યારે ૧ જુલાઈ ના રોજ રાહત દરે કાન,નાક તથા બહેરાશ ના રોગો નો નિદાન અને સારવાર કેમ્પ. વિદ્યાનગર મેઈન રોડ,૨૦૨-લાઈફ લાઈન, બીજે માળે, રાજકોટ ખાતે રાખવા મા આવેલ છે.



દર વર્ષે ૧ જુલાઈ ના રોજ છેલ્લા ૧૭ વર્ષથી માનવ સેવા યજ્ઞ રૂપી કેમ્પ નું જરૂરીયાત મંદ દર્દીઓ માટે આયોજન કરવામાં આવે છે, ઠક્કર હોસ્પિટલ ખાતે કાન નાક ગળા ના સર્જન ડો. હિમાંશુ ઠક્કર કે જેઓ ૨૨ વર્ષ થી પણ વધારે સમય થી રાજકોટ ખાતે પ્રેક્ટિસ કરી રહ્યા છે.તેઓ આ કેમ્પ માં સેવા અપશે જે દર્દી ઓ ને નાક માં શ્વાસ લેવા માં તકલીફ પડતી હોય,કાયમી માથું દુખવું, કાયમી શરદી રહેવી,નાક માંથી પાણી પડવું,તેમના માટે સાયનસ એન્ડોસ્કોપ અને કેમેરા દ્વારા જૂની શરદી, સાયનસ, તથા નાકના મસાનું,નાક ની ત્રાસી હડકી વિ નું નિદાન તથા તેનું નાકવાટે દૂરબીનથી ટાંકા વગરનું ઓપરેશન.નાકસુર કે જેમાં આંખ માંથી સતત પાણી નીકળતું હોય તેનું નાક વાટે દૂરબીન વડે ચેકા ટાંકા વગરનું ઓપરેશન.

દૂરબીન વડે કોઈપણ જાતના કૉમ્પ્લિકેશન વગર ગણતરીની મિનિટોમાં જ ઓપરેશન પાર પાડી અનેક મસુમ બાળકોને નવજીવન આપ્યું છે. ડો. ઠક્કરના અનેક આર્ટિકલો મેડિકલ ક્ષેત્રની આંતરરાષ્ટ્રીય કક્ષાની જરનલોમાં પ્રસિદ્ધ થયેલ છે. ડો. હિમાંશુ ઠક્કરને આઈ.એમ.એ. ડો. સી. એસ. ઠાકર નેશનલ એવોર્ડ અને પ્રાઈડ ઓફ સૌરાષ્ટ્રનો એવોર્ડ પણ મળેલ છે.લોહાણા મહાપરીષદ દ્વારા તેમને ઈન્ટરનેશનલ બેસ્ટ રઘુવંશી વ્યવસાયિક પ્રતિભા અવોર્ડ એનાયત થયેલ છે ડો હિમાંશુ ઠક્કરને આઈ.એમ.એ.મેડએચિવર એવોર્ડ ઓફ મેરિટ પણ એનાયત થયેલ છે,ડો હિમાંશુ ઠક્કર ને ઈન્ડિયા બૂક ઓફ રેકોર્ડ મા પણ સ્થાન મળ્યું છે,ડો હિમાંશુ ઠક્કર ની સેવાકીય પ્રવૃત્તિ ઓ માટે અનેક સામાજિક સંસ્થાઓ દ્વારા તેમનું વિશેષ સન્માન પણ કરવામાં આવ્યુ છે, ડો. હિમાંશુ ઠક્કર ઈંડિયન મેડિકલ અસોશિએશન રાજકોટના ભુતપૂર્વ સેક્રેટરી તરીકે પણ ફરજ બજાવેલ છે.ભૂતપૂર્વ પ્રેસીડેન્ટ ઈએન્ટી સોસાયટી ઓફ રાજકોટ,ભૂતપૂર્વ પ્રમુખ રઘુવંશી ડોકટર અસોશિએશન રાજકોટ તેઓ ભૂતપૂર્વ ટ્રેઝરર ઓફ પણ રહી ચૂક્યા છે, તેઓ લોહાણા મહાજન રાજકોટ ના મંત્રી પણ રહી ચૂક્યા છે. ડો હિમાંશુ ઠક્કર અનેક સેવાકિય અને સામાજિક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે અને હર હમેશ દર્દી નારાયણ ની સેવા મા તત્પર રહે છે

તેમની સાથે ડો. મિસીસ કૃપા એચ. ઠક્કર આ હોસ્પીટલમાં દાંતના સર્જન છે કે જેઓ છેલ્લા ૧૯ વર્ષથી પણ વધારે સમયથી પ્રેક્ટિસ કરી રહ્યા છે અને દાંતના અનેક રોગોની સારવારમાં તેમની માસ્ટરી છે જેવી કે ડાપણ દાઢ જેવી કે વાંકી, ત્રાંસી, એકદમ આડી જડબામાં ફસાયેલી વી. તેઓ ગણતરીની મિનિટોમાં જ કાઢી આપે છે આ ઉપરાંત સિંગલ સિટિંગ રુટ કેનાલ ટ્રીટમેન્ટ , દાંતના મૂઢીયાની સારવાર તથા બાળકોમાં સડી ગયેલા દાંતની સારવારમાં તેઓની માસ્ટરી છે તે ઉપરાંત ફિક્સ દાંત, બત્રીસી, સિરામિક દાંત, દાંતની સુંદરતા વધારવા માટે ટુથ વ્હાઈટનિંગ તથા પેઢાના પાયોરિયાની સારવાર આધુનિક સાધનો વડે કરી આપવામાં આવે છે. નાના બાળકો ની દાત ની સારવાર પણ કરી આપવા માં આવે છે. આ તબક્કે દાંત તથા કાન-નાક ગળા તથા બહેરાશ ના રોગો માટે રાહત દરે નિદાન તથા ખૂબ જ રાહત દરે સારવાર જરૂરિયાત મંદ દર્દીઓ માટે કાન-નાક ગળા ના ઓપરેશન કરી આપવામાં આવશે. આ કેમ્પ મા જે નિશા બોદર ઓડિયોલોજિસ્ટ પણ સેવા આપશે

તા. ૦૧-૦૭ સોમવાર સવારે ૧૦ થી ૧ સુધી. સાંજે ૪ થી ૬ સુધી અગાઉંથી નામ નોંધાવવું જરૂરી. કેમ્પનું સ્થળ :- ડો. ઠક્કરની દાંત તથા કાન-નાક-ગાળાની હોસ્પિટલ, વિદ્યાનગર મેઈન રોડ, ૨૦૨-લાઈનલાઈન બિલ્ડીંગ, બીજે માળે, રાજકોટ. નામ નોધાવવા માટે ફોન નંબર. ૦૨૮૧-૨૪૮૩૪૩૪. મો ૯૧૦૬૧૧૯૦૩૮. પર સંપર્ક કરવા જણાવ્યું છે.



## કેમ્પમાં હિમાંશુ ઠકકર અને કૃપા ઠકકર આપશે અનન્ય સેવા

# સેલવાસઃ ઝંડા ચોક શાળામાં ધો.૧૦ ની પુરક પરીક્ષાનોપ્રારંભ



**અબતક, શિવભાણસિંહ, સેલવાસ**

સેલવાસમાં ઝંડા ચોક પ્રાથમિક શાળામાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ ની પુરક પરીક્ષાનો ચુસ્ત બંદોબસ્તમાં પ્રારંભ થયો હતો.

વિદ્યાર્થીઓ એકજામ પેડ સાથે પરીક્ષા કેન્દ્રમાં જતા દેખાયા હતા. પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી કોઇ પણ પરીક્ષા કેન્દ્રની આસપાસ ફરકવા દીધા ન હતા. સઘન ચેકીંગ બાદ જ વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ અપાતો હતો હવે ૩ જુલાઈએ હિન્દી અને ૪ જુલાઈએ ગણીતનું પેપર લેવાશે, ૨૪મીથી ધો. ૧૦-૧૨ થી શરુ થયેલ છે. પુરક પરીક્ષા શરુ થઈ છે જેમાં ૧૦મીની પરીક્ષામાં ફેલ થયેલ ને ૩ વિષયો ૧૨ વિજ્ઞાનના તમામ વિષયો ૧૨ કોમર્સના બે વિષયો ની પુરક પરીક્ષાની તક વિદ્યાર્થીઓને અપાય છે.

# સેલવાસઃ નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓએ શેરી નાટકના માધ્યમથી ફેલાવ્યો નશામુકિતનો સંદેશ



શેરી નાટકથી યુવાનોને નશાની લપેટમાં ન આવવા ચેતવ્યા

**અબતક, શિવભાણસિંહ, સેલવાસ**


સેલવાસ એસ.વી.બી.સી. એસ. નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓએ નશામુકિતના સંદેશને વ્યાપક બનાવવા શેરી નાટકનું અસરકારક અભિયાન હાથ ધર્યુ હતું.સેલવાસના વાઘધરા ગાર્ડન, ચોકે ચોકે અલગ અલગ વિસ્તારો જાહેર સ્થળોએ શેરી નાટકોના માધ્યમથી જાહેર જનતાને વ્યસનથી સજાગ કરી યુવાનો એકલતામાં ધુમ્રપાન, દારૂ પીવાની ટેવમાં ફસાઈ બરબાદ થવાની હકીકત વિદ્યાર્થીઓએ નાટકો મારફત લોકોને અસરકારક રીતે સમજાવવી હતી. જુબીનભાઈ સાથે શેરી નાટક રજુ કર્યુ હતું.યુવા વર્ગ નશાની ચુંગાલમાંથી જેમ બને તેમ જલ્દીથી બહાર આવે તેવો સંદેશો પાઠવ્યો હતો.

# કોર્પોરેશનના કર્મચારી રાજ ધામેલીયાનો જન્મદિવસ

રાજકોટ મ્યુનિ. કોર્પો.ની એસ્ટેટ સમીતીના વર્ગ-૪ના કર્મચારી રાજ ધામેલીયા આજે જન્મદિવસ છે. રાજ ધામેલીયા વાણંદ સમાજમાં પ્રેસ મીડીયા સાથે સતત કાર્યરત છે. તેમજ ક્ષૌર કર્મ ધંધાદાર સમીતી સાથે તેમજ અનેક સંસ્થાઓ સાથે પણ જોડાયેલ છે. પપ્પા સ્વ. મહેશભાઈ ધામેલીયા, મમ્મી સરોજબેન ધામેલીયા, બહેન જીલ્લા ભાજપ મહિલા મોરચો અને લોધીકા તાલુકાના મહિલા મોરચાના મંત્રી માધવીબેન પરસાણ, બનેવી અંકિતકુમાર પરસાણા, ભાઈ અમિત ધામેલીયા તેઓના જન્મદિન શુભેચ્છા પાઠવી છે. તેમના મો. નં. ૮૩૨૦૦ ૦૫૬૯૬ પર શુભેચ્છાનો વરસાદ વરસી રહ્યો છે.



# જીવદયાપ્રેમી દીનેશભાઈ વોરાનો આજેજન્મદિવસ



જીવદયા પ્રેમી દીનેશભાઈ વોરા આજે ૭૬ વર્ષ પૂરા કરી ૭૭ વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા હાલ રીટાયર્ડ દિનેશભાઈ વોરા પોતાનું જીવન અબોલ જીવોની સેવા અર્થે પસાર કરી રહયા છે. છેલ્લા ૧૩ વર્ષથી રાજકોટ મહાજનની પાંજરાપોળમાં કોઈ પણ જાતના હોદા વગર પોતાની સેવાઓ આપેલ. રાજકોટ મહાજનની પાંજરાપોળમાં છેલ્લા ઘણા વર્ષો તેઓ અચૂકપણે ૬ થી ૭ કલાક જેટલો સમય વીતાવતા અને અબોલ જીવોની સેવા તથા ગૌમાતા ની સેવા માટે તત્પર રહેતા. યુવાવર્ગને જીવદયા તથા અબોલ જીવોની સેવાના રસ્તે વાળવા તેઓ તત્પર રહે છે. આ શુભદીને તેમનાં મિત્રવર્તુળ, જૈન અગ્રણીઓ, અન્ય સમાજનાં શ્રેષ્ઠીઓ તેમજ વડીલવર્ગ તરફથી દીનેશભાઈ વોરા મોબાઈલ નંબર ઉપર ૯૪૨૭૪૩૬૬૮૦ પર શુભેચ્છાવર્ષા થઈ રહી છે

# બજરંગ ગ્રુપ દ્વારા દર રવિવારે નિઃશુલ્ક વેવીશાળ કેન્દ્ર કાર્યરત

**અબતક,રાજકોટ**

બજરંગ ગૃપ રાજકોટ સીટીના નેજા હેઠળ લોહાણા સમાજના યુવક અને યુવતીઓના વૈવીશાળના જટીલ પ્રશ્નોના નિરાકરણ માટે સંવાદ સંભર વાતાવરણમાં મોભીના માહિતી માર્ગદર્શનમાં દર રવિવારે નિઃશુલ્ક લોહાણા સમાજ વૈવીશાળ કેન્દ્ર સાંજે ૫ થી ૭ સુધી પંચમુખી હનુમાનજીના મંદિરની બાજુમાં, ગરેડીયા કુવા રોડ, ખાતે કાર્યરત છે.ક

લોહાણા સમાજના આ વૈવીશાળ કેન્દ્રમાં સી.એ., ડોકટર, એન્જીનીયર, સ્નાતકો ને પ્રાધાન્ય આપવામાં આવશે .

લોહાણા સમાજ વેવીશાળ કેન્દ્રને પંકજભાઈ ચગ, પંકજભાઈ ડી. કારીઆ, સુનીલભાઈ મજેઠીયા, મનુભાઈ ખંધેડીયા, ચંદ્રેશભાઈ ગણાત્રા, મીનાબેન છાગાણી,નિરૂતાબેન કકકડ, હર્ષાબેન કકકડ, બટુકભાઈ રાચ્છ, પરેશભાઈ સેજપાલ, મનુભાઈ મકવાણા, દિનેશભાઈ તન્ના, ભરતભાઈ માણેક સહિતના કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહયા છે.

અંગદાન-ચક્ષુદાન-સ્કિન ડોનેશન અંગે જાગૃતતા લાવવા

# જનકલ્યાણ ટ્રસ્ટે પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પટેલની ઓફિસ સંકલ્પ પત્ર ભરાવ્યા




**અબતક,રાજકોટ**

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલની ઓફિસમાં હસુભાઈ પટેલના સહયોગથી આયુષ્યમાન કાર્ડ કેમ્પનું આયોજન હતું તેમાં અંગદાન-ચક્ષુદાન-સ્કિન ડોનેશન-દેહદાન વગેરેની વિગતવાર માહિતી હાજર રહેલ તમામને આપેલ તથા માહિતીસભર પેમ્પલેટ નું વિતરણ કરેલ ઉપરાંત અંગદાન-ચક્ષુદાન-સ્કીન ડોનેશન-દેહદાન નાં સંકલ્પ પત્રો બહોળા પ્રમાણમાં ભરાયા હતા.

આ સેવા કાર્ય માં ચેરમેન ઉમેશ મહેતાની સાથે નૈષીધભાઈ વોરા, મહેશભાઈ વ્યાસ, ઉષાબેન જોશી, વૈદભાઈ તથા કલ્પેશભાઈ એ સહયોગ આપેલ. જાગૃતિ તથા પ્રચાર પ્રસારના કોઈપણ કામ માટે ચેરમેન ઉમેશ મહેતા ૯૪૨૮૫૦૬૦૧૧ નો ગમે ત્યારે સંપર્ક કરવો.

# મજુર કાયદાના નિષ્ણાંત ધારાશાસ્ત્રી અનિલ ગોગિયાનો આજે જન્મદિવસ



રાજકોટના જાણીતા અને મજુર કાયદાના નિષ્ણાંત એડવોકેટ અને નોટરી અનિલ સંતોષકુમાર ગોગિયાનો આજે તા. ૨૭-૬-૨૦૨૪ ના રોજ જન્મદિવસ છે. તેઓ છેલ્લા ૨૫ વર્ષથી વકીલાત ક્ષેત્રમા કાર્યરત છે. મજુર તેમજ દિવાની કાયદાઓમાં નિપુણતા ધરાવે છે. વિવિધ મલ્ટીનેશનલ કંપનીઓ અને સરકારી, અર્ધસરકારી સંસ્થાઓમા કાનુની સલાહકાર તેમજ પેનલ એડવોકેટ તરીકે કાર્યરત છે ' ઈન્ડસ્ટ્રીયલ એન્ડ કોમર્શીયલ એસ્ટાબ્લીશમેન્ટ એશોસીએશન'' રાજકોટ ના સેક્રેટરી તરીકે સેવા આપી રહ્યા છે. છેલ્લા ૭ વર્ષથી આસીસ્ટન્ટ ગર્વમેન્ટ પ્લીડર તેમજ એડીશનલ પબ્લીક પ્રોસીક્યુટર તરીકે ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ કોર્ટમા ફરજ બજાવે છે. મદદનીશ સરકારી વકીલ તરીકે મજુર અદાલત અને ઔધોગીક અદાલત રાજકોટ મા આશરે ત્રણસો જેટલા કેસોનો નિકાલ કરે છે.સ્વભાવે મીલનસારથી ખુબજ મોટુ મીત્રવર્ગ ધરાવે છે. આજરોજ તેમના જન્મદિવસે વિવિધ ક્ષેત્રોની વ્યક્તિઓ મિત્રો, સગા સંબંધીઓ સિનિયર ધારાશાસ્ત્રીઓ અને વકીલ મિત્રો તરફથી તેમના મો.નં. ૯૮૨૫૭૭૬૬૭૭ ઉપર શુભેચ્છાઓ પાઠવવામા આવે છે.

## શાંતિ-શિક્ષણ ક્ષેત્રે લોકેશજીનું અનન્ય યોગદાન

# સનવેલી કેલિફોર્નિયા હાઉસ દ્વારા જૈન આચાર્ય લોકેશજીનું કરાયું સન્માન

**અબતક,રાજકોટ**

જૈન આચાર્ય ડો. લોકેશજી 'અહિંસા વિશ્વ ભારતી' અને 'વર્લ્ડ પીસ સેન્ટર' સ્થાપકને સનવેલી કેલિફોર્નિયા સિટીનાં ડેપ્યુટી મેયર દ્વારા શાંતિ, સાંપ્રદાયિક સંવાદિતા અને માનવીય મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટેના તેમના સમર્પણ બદલ સન્માનિત કરવામાં આવ્યા છે. પ્રસિદ્ધ આધ્યાત્મિક ગુરુ આચાર્ય લોકેશજીએ સન્માન સ્વીકારતાં કહ્યું હતું કે, વર્તમાન સમયમાં સમાજમાં શાંતિ, સૌહાર્દ અને અહિંસા જરૂરી છે. જ્યારે વિશ્વની વસ્તી યુદ્ધ, હિંસા, જળવાયુ પરિવર્તન, અસમાનતા જેવી સમસ્યાઓનો સામનો કરી રહી છે ત્યારે માનવીય મૂલ્યો પર કામ કરવાની જરૂર છે. જનપ્રતિનિધિઓ, ધર્મગુરુઓ અને સમાજસેવકો સાથે મળીને કામ કરે તો વિશ્વનું કલ્યાણ શક્ય છે.



આ પ્રસંગે આચાર્ય લોકેશજીએ વર્લ્ડ પીસ સેન્ટર વિશે જણાવ્યું જે દિલ્હી એનસીઆર, ઈન્ડિયા અને ન્યુ જર્સી, યુએસએમાં વિકસાવવામાં આવી રહ્યું છે. 'વિશ્વ શાંતિ કેન્દ્ર' દ્વારા માનવ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન, શાંતિ, સંવાદિતા અને અહિંસા માટે કાર્ય કરવામાં આવશે.આચાર્યશ્રીનું સન્માન કરતાં ડેપ્યુટી મેયરે જણાવ્યું હતું કે, આચાર્ય ડો. લોકેશજીએ સમાજમાં સામાજિક સુધારણા, અહિંસા અને પરસ્પર સહકાર સ્થાપિત કરવા માટે અથાક મહેનત કરી છે, શાંતિ શિક્ષણ ક્ષેત્રે તેમનું યોગદાન અનન્ય છે.આ પ્રસંગે રાષ્ટ્રપતિ બિડેનના સલાહકાર અજય ભુતોરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા, તેમણે કહ્યું કે પરમ પવિત્ર આચાર્ય લોકેશજીએ સમગ્ર વિશ્વમાં ભારતીયોને ગૌરવ અપાવ્યું છે.

સિવિલ હોસ્પિટલના લાભાર્થે

# વિંછીયામાં યુવા ભાજપ મોરચા દ્વારા શનિવારે રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

રાજકોટ સિવીલ હોસ્પિટલના જરુરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી વિંછીયા તાલુકા યુવા ભાજપ મોરચા દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી તા. ૨૯-૬ શનિવારે સવારે ૮.૩૦ થી ૧ વાગ્યા સુધી માર્કેટીંગ યાર્ડ વીંછીયા ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમના ઉદઘાટક કુંવરજીભાઈ બાવળીયા સવારે ૮.૩૦ કલાકે આ કાર્યક્રમનું ઉદઘાટન કરશે.

આ કેમ્પમાં વીંછીયા તાલુકા યુવા ભાજપ મોરચાના સભ્યો, પ્રમુખ પ્રવિણભાઈ જમોડ, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, રાજકોટ સિવીલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનવ સેવા આપશે. રકતદાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા નમ્ર વિનંતી કરવામાં આવી છે. કોઈના જન્મ દિવસ કે સ્મૃતિ રુપે રાજકોટ સિવીલ હોસ્પિટલના લાભાર્થે રકતદાન કેમ્પનું આયોજન કરવા માટે શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી મો. નં. ૯૪૨૮૨ ૦૦૬૬૦ પર સંપર્ક સાધવો.

# અબતકના કર્તવ્યનિષ્ઠ કર્મી રોહિત રાઠોડનો જન્મદિવસ

અબતકના સરકયુલેશન વિભાગના કર્મચારી રોહિત રાઠોડનો આજે જન્મ દિવસ છે. તેઓ ૨૧ વર્ષ પુર્ણ કરી ૨૨ના વર્ષમાં મંગલ પ્રવેશ કરનાર રોહિતભાઈ રાઠોડ કામ પ્રત્યે જુનુની અને મદદગાર છે.

સ્વભાવમાં મળતાવડા એવા રોહિતભાઈને આજે જન્મદિવસ નીમીતે અબતક પરિવાર તરફથી શુભેચ્છાઓનો વર્ષા થઈ રહ્યો છે.



# અબતક પરિવારના તૃપ્તિબેન મેઘાણીનો આજે જન્મદિવસ



અબતકના કર્મચારી તૃપ્તિબેન મેઘાણીનો આજે જન્મ દિવસ છે.

તેઓ ૪૪ વર્ષ પૂર્ણ કરી ૪૫ના વર્ષમાં મંગલ પ્રવેશ કરનાર તૃપ્તિબેન પોતાના કાર્ય પ્રત્યે નિષ્ઠાવાન છે. સ્વભાવમાં ઉદાર અને મળતાવડા એવા તૃપ્તિબેન ના આજે જન્મદિવસે અબતક પરિવાર તરફથી શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

## બેંકના પૂર્વ કર્મચારી વિબોધ દોશીએ બ્યુગલ ફૂંક્યું

# રાજકોટ નાગરિક બેંકના ૬૦ જેટલા લોન ખાતામાં કરોડોના કૌભાંડ છતાં બેંકના હોદ્દેદારોનું પેટનું પાણી પણ હલતું નથી : નાગરિક બેંક બચાઓ સંઘ

## આરબીઆઈ દ્વારા ફ્રોડનો રિપોર્ટ રજુ રાખવા પીટીશન : બેંકના સીઈઓ સહિતનાઓએ ફ્રોડ કર્યાના આક્ષેપો સાથે નાગરિક બેંક બચાઓ સંઘ દ્વારા અબતક મીડિયા સમક્ષ જાહેર કરાયા પુરાવા

**અબતક, રાજકોટ**

નાગરિક બેન્ક બચાઓ સંઘના મહામંત્રી વિબોધ દોશીએ જણાવ્યું છે કે તેઓ નાગરિક બેંકમાંથી ગેરકાયદેસર રીતે ટર્મીનેટ થઈ ગયા છે. સ્લીપેજ રીકવરીના મેનેજર તરીકે અગાઉ તેઓ કાર્યરત હતા. તેઓએ ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન ફાઈલ કરેલ છે. રાજકોટ નાગરિક બેંકની મુંબઈમાં આવેલી કાલબાદેવી બ્રાંચના ૨૫ ફ્રોડ લોન ખાતાઓ તેમજ જુનાગઢ બ્રાંચના ૩૫ ફ્રોડ લોન ખાતાઓ અંગે પોતાની નોકરીની ફરજના ભાગરૂપે અને માતૃ સંસ્થા પ્રત્યેની અડગ નિષ્ઠા દર્શાવીને તેઓ બેંકમાં અપાયેલી ૬૦ ફ્રોડ લોન કે જે પબ્લીક મનીના કરોડો રૂપિયા ખોટા થઈ ગયા છે તેની સામે વ્હીસલ બ્લોઅર તરીકે સંઘર્ષ કરી રહયા છે.

વિબોધ દોશી જણાવે છે કે જુની અને જાણીતી વિશ્વસનીય એવી રાજકોટ નાગરિક સહકારી બેંકના સાત દાયકાના ઈતિહાસમાં અભુતપુર્વ ફ્રોડ લોન સ્કેમ બહાર લાવનાર દોશીને બીરદાવવાની બદલે આ કૌભાંડમાં સીઈઓ સહીતના મોટા માથાઓ સંડોવાયેલા હોવાથી તેઓને ગેરકાયદેસર રીતે ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૩ ના સીધા જ ટર્મીનેટ કરી દેવામાં આવેલ. જેની સામે મનાઈહુકમ મેળવવા દોશી ગુજરાત હાઈકોર્ટમાં ગયેલ અને સ્ટે મેળવેલ પરંતુ બાદમાં ડીવીઝન બેંચે સ્ટે કાઢી નાખેલ. આથી વિબોધ દોશી સુપ્રિમ કોર્ટમાં ગયેલ અને ત્યાંથી સ્ટે મેળવીને બેંકમાં ચાર મહીના નોકરી કરવામાં સફળ થયેલ. બેંક દ્વારા અનેક નામાંકિત વકીલો બાદ છેલ્લે દેશના પ્રથમ ક્રમાંકિત એડવોકેટ હરીષ સાલ્વેને દોશી સામે રોકેલ, પબ્લીક મનીના લાખો રૂપિયાની ફી સ્વભાવિક રીતે બેંકે સાલ્વેને એટલા માટે ચુકવી કે આ લોનના ફ્રોડ જો સુપ્રિમમા બહાર આવે તો બેંક મેનેજમેન્ટ ની મોટી હસ્તીઓને પણ જેલની સજા ભોગવવાનો વારો આવી શકે. તા.૨૨-૪-૨૦૨૪ ના સુપ્રિમ કોર્ટે ટર્મીનેશન સામેનો સ્ટે કાઢી નાખેલ પરંતુ વિબોધ દોશી વ્હીસલ બ્લોઅર છે તે સ્વીકારીને ગુજરાત હાઈકોર્ટને ઓગસ્ટ અંત સુધીમાં આ અંગેનો હુકમ કરવા સ્પષ્ટ રીતે આગ્રહપુર્વક જણાવેલ છે. હાઈકોર્ટમાં આ મેટર ચાલી રહી છે તે દરમ્યાન દોશીએ વધુ એક પીટીશન દાખલ કરીને નાગરિક બેંકના ફ્રોડ લોન કૌભાંડ અંગે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા ઉંડી તપાસ કરીને સત્ય શોધક રીપોર્ટ હાઈકોર્ટ સમક્ષ રજુ કરે તેવી દાદ માંગેલ છે. લોનનો ફ્રોડ હોવાના સીલસીલાબંધ દસ્તાવેજી આધાર પુરાવાઓ પણ પીટીશન સાથે જોડવામાં આવેલ છે. આ ૩૧ મી મેં એ વયમર્યાદાના કારણે દોશી બેંકમાંથી નિવૃત થઈ ગયા છે. પરંતુ તેમનો સત્ય માટેનો સંઘર્ષ ચાલે છે અને ચાલતો જ રહેશે.

### કાલબાદેવીમાં અંદાજે ૨૫-૨૫ લાખની ૨૩ ફ્રોડ લોન થઈ

વિબોધ દોશી જણાવે છે કે તદુપરાંત કાલબાદેવીની ૨૩ ફ્રોડ લોનો પણ કે જે દરેક લોન સરેરાશ રૂા.૨૫,૦૦,૦૦૦/- ની હશે તેમાં પણ બેંકને કરોડો રૂપિયાનું બુચ લાગી ગયેલ છે. મેલીમુરાદથી જ લોન અપાયેલ એટલે બેંકને મોટો ચુનો લાગી ગયો છે તે સ્વભાવિક છે. કાલબાદેવીની આ ૨૫ ફ્રોડ લોનને સમર્થન આપતો ઈન્વેસ્ટીગેશન રીપોર્ટ બેંકના ઉચ્ચ અધિકારી હેમાંગ ઢેબર તેમજ તુષાર મહેતા દ્વારા બેંકને અપાઈ ગયેલ છે તેમ છતા નાગરીક બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા અગમ્ય કારણોસર તેને દબાવી દિધો છે, જે રીપોર્ટ દોશી પાસે છે અને તે હાઈકોર્ટમાં પણ રજુ કરી દીધેલ છે.

### શર્મા મેનેજમેન્ટને બ્લેકમેઈલ કરતા હોવાનું સ્પષ્ટ રીતે જણાય આવે છે

વિબોધ દોશી જણાવે છે કે નાગરિક બેંકનો બીઝનેશ હાલમાં રૂા. દસ હજાર કરોડથી વધુ છે ત્યારે તેના સુપ્રિમો અને સુકાની એવા સીઈઓ જ જયારે ફ્રોડ લોન આપે તેમજ અપાયેલી અન્ય ફ્રોડ લોનને સંપૂર્ણપણે નકારી કાઢે ત્યારે બેંકના દસ લાખથી વધુ થાપણદારો, સભાસદો, ગ્રાહકો વિગેરેની પરસેવાની કમાણીનું ભવિષ્ય શું ?? એની ગંભીર ચિંતા સાથે ચંદુભા પરમાર, વિબોધ દોશી, શ્રી શરદ વોરા, બાલુભાઈ શેઠ સહીતના અગ્રણીઓ મેદાને પડયા છે. બેંકના વર્તમાન ડીરેકટરો અને ચેરમેન કોઈ અગમ્ય અને ભેદી કારણોસર શર્માના તાબામાં છે અને શર્મા મેનેજમેન્ટને બ્લેકમેઈલ કરતા હોવાનું સ્પષ્ટ રીતે જણાય આવે છે.

આ દરમ્યાન આરએસએસ અને જનસંઘ-ભાજપના જુના જોગીઓ તેમજ બેંકના નિવૃત અધિકારી અગ્રણીઓએ પણ આ લડતમાં ઝંપલાવ્યુ છે. નાગરિક બેંક બચાવો સંઘની સ્થાપના ચંદુભા પરમાર, શરદભાઈ વોરા, બાલુભાઈ શેઠ વિગેરે અનેક નિઃસ્વાર્થી આગેવાનો મારફત થયેલ છે તેમાં મહામંત્રી તરીકેની મહત્વની જવાબદારી દોશીને સોંપવામાં આવેલ છે. કાલબાદેવી બ્રાંચ મારફત મુંબઈ થી ૧૧૦ કી.મી દૂર બ્રાંચના કાર્યક્ષેત્રની બહાર રાઈગઢ જિલ્લાના અલીબાગ તાલુકાના એક ગામડાના સર્વે નંબરમાં અધુરા બાંધકામ વાળી મીલ્કત સામે રૂપિયા એંસી લાખની ફ્રોડ લોન સને-૨૦૨૦ માં અપાયેલી છે. માત્ર ૮૦ ચો.મી. પર સાવ અધુરૂ બાંધકામ આજે પણ છે અને ત્યાં લાઈટ, પાણી, ડ્રેનેજ કે રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓ પણ ઉપલબ્ધ નથી. ત્યાં મકાન ખરીદીની લોન આપવામાં આવેલ છે.અતિ અગત્યની અને ચોંકાવનારી હકીકત એ છે કે આ લોન બેંકના સીઈઓ અને જનરલ મેનેજર વિનોદ કુમાર શર્મા અને ડેપ્યુટી જીએમ રજનીકાંત રાયચુરા દ્વારા મંજુર કરેલ છે. બેંકના આ લોન ખાતામાં બાકી લેણી રકમ આજે આશરે નેવુ લાખ જેટલી છે છતાં કોઈ કોઈપણ નીચી રકમના ટેન્ડર ભરવા સામે આવ્યુ નથી. બેંકે આપેલ લોનની રકમ કરતા પણ ખુબ નીચા ભાવે ઘણા મહીનાઓ પહેલા ટેન્ડર બહાર પાડયા છે પરંતુ મીલ્કતની માર્કેટ વેલ્યુ રૂપિયા વીસ લાખ આસપાસ પણ નથી અને આજુબાજુ દૂર દૂર પણ માનવ વસાહત નથી જેથી મીલ્કત ખરીદનારા મળતા જ નથી.લોન આપતા સમયે બેંકે જ વેલ્યુઅર પાસે ગેરકાયદેસર રીતે ઘણી મોટી કિંમતના વેલ્યુએશન રીપોર્ટ મેળવેલા, દસ્તાવેજ થયા વગર માત્ર સાટાખતના આધારે લોની પાસે મિલ્કત મોર્ગેજ કરાવી લીધેલ જે મોર્ગેજ લીગલ ટાઈટલ તરીકે ટકી શકે તેમ જ નથી. જેથી બેંકે નામ પુરતો મીલ્કતનો જે કબજો લીધેલ તે પણ હાલમાં વેચનાર બીલ્ડર્સે પાછો મેળવી લીધેલ છે. મીલ્કત ખરીદનાર એટલે કે લોની સંપુર્ણ બીનામી છે અને બેંકના આ રૂા.એંસી લાખની રકમ વેચનાર બીલ્ડર્સ અને અન્ય એક અનેક કૌભાંડો કરનાર મુખ્ય સુત્રધાર હજમ કરી ગયા છે.

વિબોધ દોશી જણાવે છે કે રીઝર્વ બેંક હજુ તપાસ કરી રહી છે તે પહેલા બેંકના ચેરમેને રીઝર્વ બેંકે કલીનચીટ આપી દીધા હોવાનું જાહેર કર્યુ છે. નાગરિક બેંક બચાવો સંઘ દ્વારા કલીનચીટ આપ્યા અંગેના આધાર પુરાવાઓ જાહેર કરવાની ચેલેન્જ આપતા ચેરમેન અને મેનેજમેન્ટે ભેદી મૌન સેવી લીધુ છે. બેંક બચાવો સંઘના અગ્રણીઓને શર્માએ ચોર કોટવાલને દંડે એ કહેવત સાચી પાડીને બદનક્ષીની ૨૫ દિવસ પહેલા નોટીસ આપેલ છે જેનો સણસણતો જવાબ પણ અપાઈ ગયો છે. પોતે આર્થિક અપરાધી હોવાથી બદનક્ષી અંગેની ફરીયાદ હજુ સુધી કોર્ટમાં દાખલ કરેલ નથી.

વિબોધ દોશી જણાવે છે કે નાગરીક બેંકના બની બેઠેલા કાયમી સુપર ચેરમેન જયોતિન્દ્ર મહેતા (મામા) ખાનગી પેઢીની જેમ બેંકને ચલાવે છે. મહેતા (મામા) બેંકના ખર્ચે પોતાની રાષ્ટ્રીય સહકારી નેતાની ઈમેજ બનાવવા અનેક વર્ષોથી કાર્યરત છે તે જગજાહેર છે. તેઓના દુરાગ્રહથી બોર્ડ ઓફ ડિરેકટર્સ બેંકના કોંભાડ્યાઓ સામે કોઈ કાર્યવાહી કરતા નથી અને ઉલ્ટાનુ જવાબદારોને છાવરે છે. તે બેંકની શાખ, લાખો લોકોનો બેંક પ્રત્યેનો વિશ્વાસ તેમજ બેંકના આર્થિક ભવિષ્યને વિપરીત અસર કરનારી સાબિત થઈ રહી છે. બેંકના પૂર્વ ડિરેકટર અને હાલના રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના ડિરેકટર સતિષ મરાઠે (મુંબઈ)ની વગનો ઉપયોગ કરી જ્યોતિન્દ્ર મહેતા રીઝર્વ બેંકમા પોતાની મનમાની કરાવી રહ્યાની આધારભૂત માહિતી નાગરીક બેંક બચાવો સંઘને મળી છે. સંઘના મહામંત્રી વિબોધ દોશીએ અંતમા જણાવ્યુ છે કે, લોન ફ્રોડ અંગેના તમામ દસ્તાવેજી આધાર પુરાવાઓ સંઘ પાસે ઉપલબ્ધ છે.

સંઘના અગ્રણીઓએ બેંક મેનેજમેન્ટને આ તમામ ફ્રોડ અંગે જાહેર ચર્ચા કરવા કે સંયુક્ત પત્રકાર પરીષદ કરવા સ્પષ્ટ ચેલેન્જ-પડકાર - પણ ફેંકયો છે.

### જૂનાગઢમાં બેન્ક પાસેથી એક પરિવારે ૫ કરોડની રકમ મેળવી લીધી

વિબોધ દોશી જણાવે છે કે જુનાગઢ બ્રાન્ચમાં પણ જુદા જુદા બીનામી લોકોના આધાર કાર્ડ, પાનકાર્ડ ભેગા કરીને તેમને સહીઓ કરવા માટે એકાદ લાખ જેવી સરેરાશ રકમ લાલચના હેતુથી વિપુલ ગચ્ચર પરિવાર દ્વારા આપેલી હતી. બેંકના આશરે રૂા. પાંચ કરોડ જેવી રકમ આ એક જ પરિવારે નાણાકીય હેરફેર કરીને મેળવી લીધાનું બેંકની કોમ્પ્યુટર સીસ્ટમના ડેટા જ સ્પષ્ટપણે આજે પણ દર્શાવે છે. આ લોનોમાં બેન્કીંગ નિયમો સાથે માત્ર બાંધછોડ નથી કરી પરંતુ નિયમોને બીલકુલ કોરાણે મુકી દીધેલ છે. આ અંગેનો જુનાગઢ બ્રાન્ચ મેનેજરનો ૩૫ લોન ખાતાનુ બ્લેક લીસ્ટ તેમજ અન્ય પુરાવાઓ પણ દોશી પાસે ઉપલબ્ધ છે.

# જમીનો પરના દબાણ અને ટીપરવાન ચાલકોના શોષણ મામલે જીગ્નેશ મેવાણીનું કલેકટર તંત્રને આવેદન

## પાથરણાવાળા ઉપર લેન્ડગ્રેબિંગ કરવા તંત્ર તૈયાર, ખેડૂતોની જમીનોમાં થયેલા દબાણો હટાવવા કેમ લેન્ડગ્રેબિંગની કાર્યવાહી થતી નથી ? : ધારાસભ્ય મેવાણી

**અબતક, રાજકોટ**

જમીનો પરના દબાણ અને ટિપ્પરવાન ચાલકોના શોષણ મામલે ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની આગેવાનીમાં કોંગ્રેસ દ્વારા જિલ્લા કલેકટર તંત્રને આવેદન પાઠવવામાં આવ્યું હતું. આવેદનમાં જણાવાયુ હતું કે કોર્પોરેશનમાં ફરજ બજાવતા ટીપર વાહનના ડ્રાઈવર અને સંલગ્ન સ્ટાફને લઘુત્તમ વેતન ચૂકવવામાં આવતું નથી. પગાર સ્લીપ આપવામાં આવતી નથી. તેમનું શોષણ કરવામાં આવે છે એમના શ્રમ બદલ એમને બિરદાવવાને બદલે ભયંકર શોષણ કરવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત તેઓએ આવેદનમાં જણાવ્યું હતું કે શ્રમિકોને સરકારે ૧૯૭૧ ની આસપાસ જમીનોની ફાળવણી કરી ખેડૂત બનાવ્યા હતા.


તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

પરંતુ આમાં ૨૫ એકર જમીનોમાં માથાભારે લોકોનું દબાણ છે એ બાબતે અરજદાર ખેડૂતોની વારંવાર રજૂઆતો બાદ પણ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી સંબંધિત મામલતદારો દ્વારા પણ ડીઆઈએલઆરને આ બાબતે માપણી કરવા જણાવેલ છે. જેથી કબજો સોપી જમીનમાં લાભાર્થીઓને ખેડતા કરી શકાય. પાથરણાવાળા ઉપર તંત્ર લેન્ડગ્રેબિંગ કરવા તૈયાર થઈ ગયું છે પરંતુ ખેડૂતોની જમીનોમાં થયેલા દબાણ સામે લેન્ડગ્રેબિંગ કેમ કરવા માગતું નથી. આવેદન બાદ ૧૫ દિવસમાં શું કામગીરી કરેલી છે તેની જાણ કરવામાં નહીં આવે તો કચેરી બહાર ધાણા ઉપર બેસીશુ.

# રવિવારી બજારના વેપારીઓને લેન્ડગ્રેબિંગની નોટિસ મળતા કલેકટર તંત્રને રજુઆત

## ૭ વેપારીઓએ તે જગ્યા ખાલી કરી દીધી હોવા છતાં નોટિસ મળી હોવાના આક્ષેપ



**અબતક, રાજકોટ**

રાજકોટની રવિવારી બજારમાં વેપાર કરીને ઘરનું ગુજરાન કરતા આર્થિક રીતે નબળા વેપારીઓને લેન્ડગ્રેબિંગની નોટિસ મળતા અંદાજે ૧૦૦ જેટલા વેપારીઓએ કલેકટર તંત્રને રજુઆત કરી હતી.

તેઓએ રજુઆતમાં જણાવ્યું હતું કે અગાઉ પૂર્વ મામલતદાર કચેરી દ્વારા ૭ વેપારીઓને લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ નોટિસ આપવામાં આવી હતી. જેમાં ફઝલેઅબ્બાસ મહમદઅલી તૈયબજી, વિક્રમભાઈ કડવાભાઈ ઉમરેજીયા, દેવશીભાઈ ભીમજીભાઈ વાઘેલા, મહેન્દ્રભાઈ જીવણભાઈ સરવૈયા, ઉમેશભાઈ બાબભાઈ રાઠોડ, કાસમભાઈ મામદભાઈ જુણાચ, કેશુભાઈ મોહનભાઈ ચૌહાણનો સમાવેશ થાય છે. તેઓએ જણાવ્યું હતું જે જે જમીનમાં કબજો કરવા મામલે નોટિસ મળી છે. અમે તો ત્યાં વેપાર કરવા બેસતા હતા અને છેલ્લા ઘણા સમયથી તે જગ્યા ખાલી પણ કરી નાખી છે. આ જગ્યા તેઓએ ખાલી કરી નાખી હોય, લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ તેઓ સામે હવે કાર્યવાહી ન થાય તેવું સૂત્રો જણાવી રહ્યા છે.

# રિલાયન્સ વધુ બે વિસ્તારોમાં ૧૮૦૦ મેગાહર્ટ્ઝના સ્પેક્ટ્રમના અધિકારો સાથે બન્યું સર્વોપરી

## વિશ્વની સૌથી વધુ વાયરલેસ ડેટા વહન કંપની બનવા તરફ જીયોની આગેકૂચ

**અબતક, રાજકોટ**

ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકમ્યુનિકેશન્સ દ્વારા હાથ ધરવામાં આવેલી અને આજે સમાપ્ત થયેલી સ્પેક્ટ્રમ હરાજીમાં ભારતમાં સૌથી મોટી ડિજિટલ સેવાઓ પૂરી પાડનાર જિયોએ બિહાર અને પશ્ચિમ બંગાળમાં ૧૮૦૦ મેગાહર્ટ્ઝબેન્ડમાં વધારાનું સ્પેક્ટ્રમ હસ્તગત કર્યું હતું.

આ એક્વિઝિશન સાથે જિયોએ તેના ૧૮૦૦ મેગાહર્ટ્ઝબેન્ડ સ્પેક્ટ્રમનું બે સર્કલમાં વિસ્તરણ કર્યું છે. જિયોની સ્પેક્ટ્રમ ફૂટપ્રિન્ટ વધીને ૨૬,૮૦૧ મેગાહર્ટ્ઝ (અપલિંક + ડાઉનલિંક) થઈ ગઈ છે, જે તેની આગેવાનીને વધુ મજબૂત બનાવે છે. જિયોએ પહેલાથી જ ૪ઞ્રૠઅને ૫ઞ્રૠ જેવી બેન્ડવિડ્થ કાર્યક્ષમ ટેકનોલોજીઓ પર આધારિત સ્પેક્ટ્રમ સમગ્ર ભારતમાં અમલી બનાવી દીધું છે, આ વધારાનું સ્પેક્ટ્રમ વિશિષ્ટ ભૌગોલિક જરૂરિયાતને પૂરી કરવા અને તેના નેટવર્ક પર ઉચ્ચ ગુણવત્તાવાળા ગ્રાહક અનુભવને સુનિશ્ચિત કરવા હસ્તગત કરવામાં આવ્યું છે.

ભારતમાં લો-બેન્ડ, મિડ-બેન્ડ અને હાઈ-બેન્ડ (૭૦૦ મેગાહર્ટ્ઝ, ૩૩૦૦ મેગાહર્ટ્ઝ અને ૨૬ ગીગાહર્ટ્ઝ ) સ્પેક્ટ્રમ ધરાવનાર જિયો એકમાત્ર ઑપરેટર છે જે તેને ૫ઞ્રૠસેવાઓમાં ગ્રાહકોને ઉત્તમ અનુભવ પૂરો પાડવા માટેનો અનોખો ફાયદો આપે છે.

રિલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમિટેડના ચેરમેન આકાશ એમ. અંબાણીએ જણાવ્યું કે અમે સ્પેક્ટ્રમની ફાળવણીના ૧૨ મહિનામાં જ વિશ્વના સૌથી ઝડપી અને બહોળા સ્ટેન્ડ અલોન ૫જી નેટવર્કમાંના એક નેટવર્કને શરૂ કરીને ડિજિટલ ઈન્ડિયા વિઝન પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ નવું સ્પેક્ટ્રમ એક્વિઝિશનહવે માત્ર શહેરી બજારો પૂરતા મર્યાદિત નથી તેવા નવા ભારતની વધતી જતી ટ્રાફિક માંગ અને શ્રેષ્ઠ ગ્રાહક અનુભવના સંદર્ભમાં દેશની અપેક્ષાઓ પૂરી કરવા અમને સક્ષમ બનાવશે. અમે ઈચ્છીએ છીએ કે દરેક ભારતીય જિયોના નેક્સ્ટ જનરેશનના ડિજિટલ સોલ્યુશન્સના પરિવર્તનકારી લાભોનો આનંદ માણી શકાય.

# કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા કાલે "ન્યુરો લેંગ્વેજ" અંગે ઓનલાઇન સેમિનાર

## બિઝનેસ સ્ટેટર્જી કોચ હિતેશ પરમાર દ્વારા અપાશે સચોટ માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈનના ઉપક્રમે સ્પીરીટ્યુઅલ બીઝનેસ સ્ટેટર્જી કોચ હિતેશ પરમાર દ્વારા 'ડેસ્ટિની ડિઝાઈન સાથે એસોટેરિક ન્યુરો ભાષાકીય પ્રોગ્રામિંગ' વિષય પર ઓનલાઈન ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું છે.



એસોટેરિક ન્યુરો ભાષાકીય પ્રોગ્રામિંગમાં વિશિષ્ટ ન્યુરો-લિંગ્વિસ્ટિક પ્રોગ્રામિંગ તકનીકો, આધ્યાત્મિક અને રહસ્યમય ખ્યાલોનો સમાવેશ થાય છે. તે અર્ધજાગ્રત મનને પ્રભાવિત કરીજરૂરી વ્યક્તિગત પરિવર્તન હાંસલ કરવા માટે એક પ્રકારની ભાષાકીય પેટર્ન અને માનસિક પ્રક્રિયાઓનો ઉપયોગ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.જેમાં ધ્યેય નિર્ધારિણ, માન્યતા પરિવર્તન, રૂપકો અને પ્રતીકો દ્વારા અર્ધજાગ્રત મનને અપાતા મેસેજીસ અને ભાષાકીય દાખલાઓ વગેરેનો સમાવેશ થાય છે.

આ નિઃશુલ્ક ઓનલાઈન ટ્રેનિંગ સેમિનારનું આયોજન કાલે બપોરે ૨ થી ૪ વાગ્યા સુધીકરવામાં આવ્યું છે. આ ટ્રેનીંગ સેશનની ભાષા હિન્દી અને અંગ્રેજી રહેશે. આ સેશન કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન- રાજકોટનાં ફેસબુક પેઈજ https://www.facebook.com/KarunaFoundation TrustOfficial?mibex tid=ZbWKwL અને યુ-ટ્યુબ ચેનલ https:// youtube.com/karunafoundationtru stofficial?si=7L8hoPe -P6fvEZr પર લાઈવ કરવામાં આવશે. સૌને આ ઓનલાઈન ટ્રેનીંગ સેશનમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ પાઠવાયું છે.

આ સેમિનાર સમાજ સેવાકાર્યકરો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે સેવાકીય ક્ષેત્રમાં કાર્ય કરતી વખતે આ પ્રકારનું શિક્ષણ લોકોને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે.સમાજ સેવાકાર્યકરોને વિવિધ પૃષ્ઠભૂમિ, સંસ્કૃતિઓ અને અનુભવો ધરાવતા લોકો સાથે કામ કરવાનું હોય છે ત્યારે જરૂરિયાતમંદ લોકોની જરૂરિયાતોને વધુ સારી રીતે સમજવામાં અને તેમના માટે યોગ્ય સહાય પ્રદાન કરવામાં મદદ કરે છે.


ભાવભીની શ્રદ્ધાંજલી-બેસણું



રડી પડે છે આંખો અમારી જોઈ તસ્વીર તારી,
મન હજુ માનતું નથી કે અમારી વચ્ચે નથી,
હર પળ તારો હોવાનો આભાસ થયા કરે છે,
જીવન એવુ જીવી ગયો કે મૃત્યુ પણ રડી પડ્યું,
તારી અચાનક અણધારી વિદાય અમારૂ કાળજું કંપાવી ગઈ,
પરમ કૃપાળુ પરમાત્મા તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે...

સ્વ. નૈમિષ અરજણભાઈ રામોલીયા
સ્વ. તારીખઃ ૨૬-૬-૨૦૨૪, બુધવાર
ઉ.વ. ૨૪, મું. નિકાવા,
તા. કાલાવડ (હાલ. રાજકોટ)

-: બેસણું :-
તા. ૨૮-૬-૨૦૨૪, શુક્રવાર
બપોરે ૩ થી ૬ કલાકે
સ્થળ- અમારા નિવાસ સ્થાને,
મારવિયા પરિવારના શ્રી ખોડીયાર
માતાજીના મંદિરની પાછળ,
પીપર રોડ, નિકાવા.

-: બેસણું :-
તા. ૨૯-૬-૨૦૨૪, શનિવાર
બપોરે ૪ થી ૬ કલાકે
સ્થળ- પટેલ પાર્ક, શ્યામ પાર્ક
મેઈન રોડ, રામપાર્કની પાછળ,
અક્ષરમ એપાર્ટમેન્ટ, મવડી,
રાજકોટ.

લી.
અરજણભાઈ નાથાભાઈ રામોલીયા
નિલેષભાઈ નાથાભાઈ રામોલીયા
રાજેશભાઈ નાથાભાઈ રામોલીયા
(રાજુભાઈ રામોલીયા-પત્રકાર કાલાવડ)
તથા રામોલીયા પરિવારના જયશ્રી કૃષ્ણ
મું. નિકાવા, તા. કાલાવડ, જી. જામનગર.

# આકાશી આફત : વરસાદે પાંચ લોકોનો ભોગ લીધો

## જામજોધપુરમાં વીજળી પડતા એક યુવક અને 30 જેટલાં પશુઓના મોત



અબતક, ભરત ગોહેલ, જામજોધપુર

એકતરફ વરસાદના આગમનથી જગતનો તાત ખુશખુશાલ થયો છે. વાવણીની શરૂઆત થઈ ચુકી છે પણ બીજી બાજુ આકાશમાંથી વરસતા કાચા સોનાની સાથે વરસેલી આફતમાં સૌરાષ્ટ્રમાં પાંચ લોકોએ જીવ ગુમાવ્યાના અહેવાલ સામે આવ્યા છે. જયારે ૫૦ જેટલાં પશુઓ પણ મોતને ભેંટ્યા છે.

પ્રાપ્ત વિગત અનુસાર જામજોધપુર પંથકમાં બુધવારે ખાબકેલા વરસાદના લીધે બમથિયા ગામમાં કરુણ કિસ્સો સામે આવ્યો છે. જ્યાં વરસાદના પગલે વીજળી પડતા એક યુવાન અને 30 જેટલાં પશુઓએ જીવ ગુમાવ્યો છે.

બામથીયા ગામમાં રહેતા ગોગનભાઈ બુધાભાઈ નામના ૨૫ વર્ષીય માલધારી યુવાન બુધવારે બપોરના સમયે બમથીયા ગામની સીમમાં ઘેટાં બકરા ચરાવવા માટે ગ્યો હતો. જે દરમિયાન આકાશમાંથી કડાકા ભડાકા સાથે વીજળી સાથે વરસાદ શરૂ થયો હતો. જેમાં વીજળી પડવાના કારણે ઘેટાં બકરા ચરાવતા માલધારી યુવાનનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

સાથે જ યુવાન સાથે રહેલા આશરે 30 થી ૪૦ જેટલાં ઘેટાં બકરાનું પણ વીજળી પડવાના કારણે મોત નીપજ્યું હતું. બનાવ બાદ માલધારી પરિવારમાં ભારે ગમગીની સર્જાઈ છે. ઘટનાને પગલે જામજોધપુર મામલતદાર ટીમ તેમજ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

### કાલાવડ તાલુકાના મકરાણી સણોસરા ગામે વીજળી પડતા ખેત મજુરનું મોત

અબતક, રાજુ રામોલીયા, કાલાવડ

કાલાવડ તાલુકાના મકરાણી સણોસરા ગામમાં વીજળી પડતા એક ખેત મજુરનું મોત નીપજ્યું હતું. કાલાવડ પંથકમાં મેઘરાજા સટાસટી બોલાવી રહ્યા છે ત્યારે ગાજવીજ અને વીજળીના કડાકા ભડાકા સાથે વરસી રહેલા વરસાદમાં જાનહાની સમાચાર પણ પ્રાપ્ત થઈ રહ્યા છે. કાલાવડ તાલુકાના મકરાણી સણોસરા ગામે વીજળી પડતા એક ખેતમજુરનું કરુણ મોત નીપજ્યું છે.

### હળવદ પંથકમાં બે જગ્યાએ વીજળી પડતા એક યુવાન અને એક પશુનું મોત

અબતક, ઋષિ મહેતા, મોરબી

હળવદ પંથકમાં બે વીજળી પડવાની ઘટનામાં એક યુવક અને એક પશુના મોત નીપજ્યા છે. હળવદ તાલુકા વિકાસ અધિકારી મેહુલ સિંધવના જણાવ્યા અનુસાર હળવદ ગ્રામ્ય પંથકમાં ને અલગ અલગ સ્થળો ઓર વીજળી પડવાની ઘટના સામે આવી છે. જેમાં હળવદ તાલુકાના જોગડ ગામમાં વીજળી પડતા અનિલભાઈ અરજણભાઈ નાયક નામના ખેત મજુર યુવાનનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જયારે બીજા બનાવમાં ચિત્રોડી ગામે રૂદાતલા છનાભાઈની વાડીમાં એક ભેંસનું મોત નીપજ્યું હતું.

### કાલાવડ તાલુકાના ડેરી ગામે બળદગાડાં સાથે તણાઈ જતાં દોઢ વર્ષના માસુમ બાળકનું મોત

અબતક, સાગર સંઘાણી, જામનગર



જામનગર જીલાલના કાલાવડ તાલુકાના ડેરી ગામે પણ એક કરુણ બનાવ સામે આવ્યો છે. જેમાં વરસાદના કારણે રક વોકળામાંથી છ વ્યક્તિઓ સાથે પસાર થઈ રહેલા એક બળદગાડુ પાણીમાં તણાવા લાગ્યું હતું. જે બનાવમાં બે બળદ અને દોઢ વર્ષના એક બાળકનું પાણીના વહેણમાં તણાઈ જતાં કરુણ મોત નીપજ્યું છે. વધુ વિગતો અનુસાર ડેરી ગામના રહેવાસી ખેડૂત ધર્મેનસિંહ ભુપતસિંહ જાડેજાની વાડીમાં રહીને ખેતમજૂરી કરતા મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના વતની રિતેશભાઈ ધનસિંગભાઈ ડાવર નામના પરપ્રાંતિય શ્રમિક પરિવારના મહિલાઓ અને બાળકો સહીત પાંચ સભ્યો ભગત ખીજડીયા ગામે જઈ રહ્યા હતા દરમિયાન વોકળામાંથી ગાડું પસાર થઈ રહ્યું હતું. ત્યારે એકાએક વરસાદી પાણીનહીં વહેણ આવતા બળદગાડું પલટી મારીને વોકળામાં તણાવા લાગ્યું હતું. જેના લીધે દોઢ વર્ષીય બાળક રવિ રિતેશભાઈ ડાવર પાણીમાં તણાઈ ગયો હતો.

## ધરમનગર આવાસ યોજનાના કવાર્ટરમાં યુવકનો આપઘાત

અબતક રાજકોટ

શહેરના ગાંધીનગર વિસ્તારમાં આવેલ ધરમ નગર આવાસ ક્વાર્ટર માં રહેતા યુવાને પોતાના ઘરે આપઘાત કરી લીધો હતો. આ બનાવ થી પરિવાર માં શોકનું મોજુ ફેલાયું છે. વધુ વિગત મુજબ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ ધરમનગર આવાસ યોજના ના ક્વાર્ટર માં રહેતા શ્રીદેવ મહેન્દ્રભાઈ નકુમ નામના ૧૮ વર્ષીય સતવારા યુવાને પોતાના ઘરે ગળા ફાસો ખાય લેતા બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતો. જ્યાં ફરજ પરના તબીબે અમૃત જાહેર કર્યો હતો આ બનાવની જાણ પોલીસને થતા દોડી જાય મૃતક શ્રીદેવ નકુમનું પીએમ કરી મૃતદેહ પરિવારજનોને સોપ્યો હતો. મૃતક શ્રીદેવ નકુમ તાજેતરમાં ધોરણ ૧૨ ની પરીક્ષા પાસ કરી કોલેજના ૧ સેમેસ્ટરમાં પ્રવેશ લીધો છે. આજે બપોરના સુમારે પોતાની માતા અને પિતા કામે ગયા ત્યારે આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે શ્રીદેવ બે ભાઈ માં સૌથી મોટો છે. પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે

## સેલવાસમાં મોડી રાત્રે વેપારી પર ફાયરીંગ: સારવારમાં

અબતક, શિવભાણસિંહ, સેલવાસ

સેલવાસ આમલી સ્થિત સોની મોબાઈલના શોપના માલિક આનંદ સોની રાત્રે ૧૧ વાગ્યે દુકાન બંધ કરીને પોતાના ઘરે જવા નીકળી રહ્યા હતા ત્યારે રસ્તામાં બાઈક સવાર બે અજાણ્યા યુવકો આવ્યા અને તેમની સાથે વાતચિત કરવા લાગ્યા અને બોલાચાલી બાદમાં દાંદુલ ફળિયામાં આનંદ સોની પર ગોળીબાર કર્યો અને બાદમાં યુવકો ફરાર થઈ ગયા હતા.



ઘાયલ યુવકને સેલવાસની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે અને જેની સારવાર ચાલી રહી છે. આ અંગે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

## ધંધામાં મંદીના કારણે બાંધકામના ધંધાર્થીનો આપઘાતનો પ્રયાસ

### કાલાવડ રોડ પર સ્વિમિંગ પુલ પાસે કારમાં ઝેરી પાવડર પીધો

અબતક,રાજકોટ

શહેરના કાલાવડ રોડ પર સ્વિમિંગ પુલ પાસે કારમાં બેસી ઝેરી પાવડર પી લેતા બાંધકામના ધંધાર્થી સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ધંધામાં મંદીના કારણે પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ મોટા મવામાં અમરનાથ પાર્કમાં રહેતા કિશોરભાઈ પરસોતમભાઈ હિરપરા (ઉ.વ.૩૯) નામના યુવકે ગઈકાલે કાલાવડ રોડ પર સ્વિમિંગ પુલ પાસે પોતાની કારમાં ઝેરી પાવડર પી લઈ તેના મિત્રને ફોન કરતા મિત્ર ત્યાં દોડી ગયો હતો અને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી. કિશોરભાઈ બાંધકામના કોન્ટ્રાકટ રાખવાનું કામ કરે છે અને સંતાનમાં એક દીકરો છે. ધંધામાં મંદી આવી જતા ટેન્શનમાં પગલું ભરી લીધું હતું. તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

(પહેલા પાનાનું ચાલું)

### ડ્રગ્સ...

ભાવિને તહસ-નહસ કરી દેવાના આ કાવતરા સામે વિશ્વ આખાએ એક મોરચે આવી લડત આપવાની તાતી જરૂરિયાત ઉભી થઈ છે. એકતરફ સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારમાંથી રોજબરોજ ડ્રગ્સનો જથ્થો મળી રહ્યો છે જયારે બીજી બાજુ આ ડ્રગ્સના દુષણથી અમેરિકા જેવી મહાસતા પણ બાકાત નથી.

સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયા કાંઠેથી ચરસના બિનવારસી પેકેટ મળ્યાના સિલસિલા દરમિયાન આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ વિરોધી દિવસે દ્વારકા એસઓજી પોલીસને મોટી સફળતા સાંપડી છે. જેમાં દેવભૂમિ-દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના નાવદ્રા ગામેથી રૂ. ૨૧.૦૬ કરોડની કિંમતનું ચરસ ઝડપી પાડવામાં આવ્યું છે.

હકીકતમાં એસઓજીની ટીમને બાતમી મળી હતી કે, નાવદ્રા ગામની સીમ વિસ્તારમાં રહેતો દેવશી વાઘેલા નામનો શખ્સ ઘરમાં ડ્રગ્સ છૂપાવીને રાખ્યું છે. આ બાતમીના આધારે એસઓજીની ટીમે દેવશીના ઘરે દરોડો પાડ્યો હતો, જેમાં તેણે ઘરમાં ખાટલા નીચે છૂપાવીને રાખેલા ૪૦ જેટલા ચરસના પેકેટ મળી આવ્યા હતા. કલ્યાણપુરના નાવદ્રા દરિયા કિનારેથી એસઓજી પોલીસને ૪૨ કિલો ચરસ મળી આવ્યું છે. જેની બજાર કિંમત અંદાજે ૨૧ કરોડથી વધુ થાય છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દ્વારકાના દરિયાકાંઠેથી એસઓજી પોલીસને પેટ્રોલિંગ દરમિયાન ચરસના ૪૦ પેકેટ મળી આવ્યા છે. ઝડપાયેલ ૪૨ કિલો ચરસના જથ્થાની બજાર કિંમત અંદાજે ૨૧,૦૬,૭૫ ૦૦૦ થાય છે. આ મામલે એસઓજીએ એક વ્યક્તિની ધરપકડ કરી છે.

### જામનગર...

અબ્દુલસતાર દરજાદા (શિશુ વિહારવાળી શેરી, લીમડા લાઈન, જામનગર) વાળાને ઝડપી લેવામાં આવ્યા હતા. જે બાદ પોલીસ તપાસમાં જામનગરના જ વધુ એક શખ્સ જુનેદ અબ્દુલ રઝાક ચૌહાણ (રે. પીલુડીફળી)નું નામ ખૂલ્યું છે. આ શખ્સ હજુ સુધી પકડાયો નથી. જેથી જામનગર તેમજ ડીસા પોલીસ તેને શોધી રહી છે.

### ગુજરાત...

રાજ્યમાં સરકાર પાસે આ ડ્રગ્સની બદીને નાથવા માટે પુરતો પોલીસ ફોર્સ પણ નહી. કેન્દ્ર સરકારના અહેવાલ અનુસાર દેશનાં પ્રતિ લાખ જનસંખ્યા પ્રમાણે ૧૯૬ પોલીસ જવાનની જરૂર જેની સામે હાલ માત્ર ૧૫૨ પોલીસ જવાન છે. ગુજરાતમાં પ્રતિલાખ જનસંખ્યા પ્રમાણે ૧૭૪ પોલીસ જવાન હોવા જેઈએ જેની સામે ગુજરાતમાં પ્રતિલાખ માત્ર ૧૧૭ પોલીસ જવાન છે જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ ઓછા પોલીસ જવાન છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૯૩૬૯૧ કીલો ડ્રગ્સ પકડાયુ, જયારે ૨૨૨૯ લીટર પ્રવાહી ડ્રગ્સ તથા ૯૩૭૬૩ ડ્રગ્સ પીલ્સ-ઈન્જેકશન પકડાયા છે. ગુજરાતમાં ડ્રગ્સની બદીને નાથવામાં ભાજપ સરકાર નિષ્ફળ નીવડી છે. મોઘવારી, બેરોજગારી ઉપરાંત અન્ય કારણોસર સગીર વયના બાળકો, મહિલાઓને ડ્રગ્સની તસ્કરી માટે ડ્રગ્સ માફિયાઓ ઉપયોગ કરી રહ્યા છે. રાષ્ટ્રીય સર્વે અનુસાર ગુજરાતમાં વર્ષ ૨૦૧૮ના આંકડા પ્રમાણે રાજ્યના ૧૭ લાખ ૩૫૦૦૦ પુરુષો ડ્રગ્સના બંધાણી જયારે ૧ લાખ ૮૫ મહિલાઓમાં પણ ડ્રગ્સની બંધાણી છે જે દર્શાવે છે ગુજરાતમાં કેટલી હદે ડ્રગ્સનો કારોબાર ફુલ્યો ફાલ્યો છે. રાજ્ય પોલીસ, એનસીબી, ડીઆરઆઈ સહીતની કેન્દ્રીય સંસ્થાઓ રાજ્યમાં બોર્ડર પોસ્ટ, પેટ્રોલિંગ, રાઉન્ડ-ધ-કલોક સર્વેલન્સ, સીસીટીવી કેમેરા સહીતની ટેકનોલોજી હોવા છતાં રાજ્યમાં હવાઈમાર્ગ, દરિયાઈમાર્ગ, પોર્ટ જેવા માર્ગથી ગુજરાતમાં કરોડો રૂપિયાનું હજારો કિલો ડ્રગ્સ ઠલવાઈ રહ્યું છે. જો પકડાયેલા ડ્રગ્સની માત્ર હજારો કિલોમાં છે તો પાછલા બારણે આ કાળો કારોબાર કેટલો મોટો હશે? ત્યારે ગુજરાત ડ્રગ્સનું પ્રવેશ દ્વારા અને એપી સેન્ટર બને તે ખુબ જ ચિંતાજનક છે

નશામુકિત અભીયાન, અવેરનેસ એકટીવીટી, ડ્રગ્સ અંગે જનજાગૃતિ કાર્યક્રમો માત્ર કાગળ પર હોય તેમ જણાઈ રહ્યું છે. સરકારે છેલ્લા કેટલાય સમયથી ડ્રગ્સ સામે લડાઈ લડતી ૭૫થી વધુ સંસ્થાઓની ગ્રાન્ટ બંધ કરી દીધી છે. ગુજરાતમાં ડ્રગ્સની ભયાવહ બદીને નાથવા સ્કુલ અને કોલેજમાં એન્ટી ડ્રગ્સ - નો ડ્રગ્સ કેમ્પેઈન ચલાવાવામાં આવે, વહેલીતકે પોલીસકર્મીઓની ભરતી કરે અને ડ્રગ્સ માફિયાઓ પર તાત્કાલિક કડક પગલાં લે તેવી કોંગ્રેસ પક્ષની માંગ છે.

### દવાઓ...

વપરાયેલ દવાઓના સલામત અને યોગ્ય નિકાલ માટે અપનાવી શકાય.

આ દસ્તાવેજ વિશ્વ આરોગ્ય સંસ્થા અને યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા જારી કરાયેલા સહિત વિવિધ આંતરરાષ્ટ્રીય માર્ગદર્શિકાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. બાયોમેડિકલ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલિંગ) નિયમો, ૨૦૧૬ પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

### અડવાણી...

પ્રાપ્ત કર્યાના ત્રણ મહિના પછી, ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દિલ્હીમાં તેમના ઘરે અડવાણીને ભારત રત્ન અર્પણ કર્યો. સત્તાવાર સમારોહમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ અને લાલ કૃષ્ણ અડવાણીના પરિવારના સભ્યો હાજર હતા.

### ઘાસ ચારવાનો ટેક્સ...

કરનાર પ્રથમ દેશ તરીકે ડેનમાર્કની અગ્રણી ભૂમિકા પર ભાર મૂક્યો અને આશા વ્યક્ત કરી કે અન્ય દેશો પણ તેનું પાલન કરશે. આ નીતિ ડેનમાર્કની સંસદ, ફોલ્કેટિંગમાં મંજૂરી માટે બાકી છે, જ્યાં તે વ્યાપક સમર્થન સાથે પસાર થવાની અપેક્ષા છે.

### ટી-૨૦ વિશ્વકપ...

કરી દીધું. ફઝલહક ફારુકીએ કિવન્ટન ડી કોક ૫ રન પર આઉટ કરી શરૂઆતની વિકેટ લઈને અફઘાનિસ્તાનની આશાઓ અમુક હદ સુધી વધારી હતી, પરંતુ કેપ્ટન એડન માર્કરામના અણનમ ૨૩ રન અને રીઝા હેન્ડ્રીક્સના ૨૯ અણનમ રનના યોગદાને સ્ટીકી વિકેટ પર કોઈ જોખમ લીધું ન હતું અને અફઘાનિસ્તાનને કચળી નાખી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. આફ્રિકાના બોલરો નો તરખાટ પણ જોવા મળ્યો હતો જેમાં માર્કો જેન્સન અને તબરેઝ શમસીએ ત્રણ ત્રણ વિકેટ લીધી હતી જ્યારે રબાડા અને નોરકિયાએ બે બે વિકેટ ઝડપી અફઘાનિસ્તાનને ઘુટાણીએ પાડી દીધું હતું અને ૫૬ રનમાં જ ઓલ આઉટ કરી દીધું હતું.

(ત્રીજા પાનાનું ચાલુ)

### "શાળા પ્રવેશોત્સવ"...

શરૂ કરવામાં આવેલ કંટ્રોલ રૂમ ખાતે કર્મચારીઓ જરૂરી માહિતી સાથે જવાબદારી સંભાળી રહ્યા છે.

(ચોથા પાનાનું ચાલુ)

### કીરીટ આદ્રોજા

પૂજ્ય દેવપ્રસાદ સ્વામી અને સમગ્ર આદ્રોજા પરિવારના આશીર્વાદ પ્રાપ્ત થયા છે તેમજ કિરીટ આદ્રોજાના વિવિધ ક્ષેત્રના સ્વજનો જેરામભાઈ વાંસજાળીયા, શહેર ભાજપ અધ્યક્ષ મુકેશભાઈ દોશી, નાથાભાઈ કાલરીયા, મૌલેશભાઈ પટેલ, વલ્લભભાઈ વડાલીયા, બાબુભાઈ ઘોડાસરા, ફિલ્ડમાર્સલ ગ્રુપના નીતિનભાઈ પટેલ, તેમજ દીકારનું ઘર વૃદ્ધાશ્રમ પરિવારના પ્રતાપભાઈ પટેલ, વલ્લભભાઈ સતાણી, નીદતભાઈ બારોટ, અનુપમ દોશી, સુનિલ વોરા, નલીન તન્ના, હસુભાઈ રાચ્છ તરફથી શુભેચ્છાઓ પાઠવેલ છે, તેમજ ઉદ્યોગજગત તરફ થી કિરીટ આદ્રોજાના ૯૮૨૪૨૮૪૪૦૪ મોબાઈલ નંબર પર શુભકામનાઓ વરશી રહી છે.

(અગિયારમાં પાનાનું ચાલુ)

### પહિંદવિધિ ....

અને હવે એ જ કોમી એકતાનું ઉદાહરણ અહીંયા પણ જોવા મળે છે.તેમજ ૩.૧૫ વાગે દિલ્હી ચકલાઅને ૩.૪૫ વાગે શાહપુર દરવાજા, સંવેદનશીલ વિસ્તારની માનવામાં આવે છે અને પોલીસ સુરક્ષા વધારી દેવામાં આવે છે.

૪.૩૦ વાગે આર.સી.હાઈસ્કુલ. અહીંયા ભગવાનને ભેટ આપવામાં આવે છે.અને ૫ વાગે ઘી કાંટા, વેપારીઓ દ્વારા ભગવાનનું ભવ્યથી ભવ્ય સ્વાગત કરવામાં આવે છે સાથે સોના ચાંદીના ઘરેણા સહિતની પણ ભગવાનને ભેટ આપવામાં આવે છે, કહેવાય છે કે આ વિસ્તારમાં નાનામાં નાના વેપારીથી લઈને મોટામાં મોટા વેપારીની વસ્તુ હોય છે, જે પોતાની યથાશક્તિ પ્રમાણે ભગવાન આંગણે આવ્યા હોવાથી મનગમતી ભેટો આપતા હોય છે.

૫.૪૫ વાગે પાનકોર નાકા, અહીંયા લોકો શ્રીફળની પ્રસાદ ચઢાવવાનું અનેરુ મહત્વ હોય છે, વર્ષોથી અનેક માનતાઓ જેને રાખી હોય અને તેની મનોકામના પૂર્ણ થાય છે. ત્યારે ભગવાનને શ્રીફળનો પ્રસાદ અહીંયા અર્પણ કરવામાં આવે છે.૬.૩૦ માણેકચોક, નિજ મંદિર પરત ફરતા હોય છે ત્યારે સોની માર્કેટમાંથી રથ પસાર થાય છે, ત્યારે અનેક જ્વેલર્સ દ્વારા ભગવાનની આરતી ઉતારવામાં આવે છે, સાથે જ ભગવાનની નજર ઉતારવાનું પણ અહીંયા વિશેષ મહત્વ રહેલું છે.

૮.૩૦ વાગે નિજ મંદિર પરત, અહીંયા ભગવાનને એક દિવસ મંદિરના પ્રાંગણમાં જ રાત વિતાવી પડતી હોય છે અને બીજા દિવસે ભગવાનને નિજ મંદિરમાં બિરાજમાન કરવામાં આવે છે.

(બારમા પાનાનું ચાલું)

### કાઉ ટુરીઝમ...

હતું કે સાંસ્કૃતિક જાગૃતિ, સામાજિક-આર્થિક વિકાસ અને પર્યાવરણીય સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટે કાઉ ટુરીઝમ કેન્દ્રો મહત્વની ભૂમિકા ભજવે છે.જે

દેશભરની ગૌશાળા - પાંજરાપોળોને પ્રદેશની ભૌગોલિક, સામાજિક - આર્થિક, સાંસ્કૃતિક સ્થિતિ પ્રમાણે આદર્શ ગૌધામ - મોડેલ ગૌશાળાઓ કાઉ ટુરીઝમ ક્ષેત્રે વિકાસ પામે એ માટે જીસીસીઆઈ દરેક રાજ્યમાં ઓછામાં ઓછા એક - એક આવા કેન્દ્રો ઊભા કરવા કૃતનિશ્ચયી છે.

સમગ્ર વેબિનારનું સંચાલન સહકારભારતીના રાષ્ટ્રીય પદાધિકારી અને જીસીસીઆઈના રાષ્ટ્રીય કારોબારી ચેરમેન શતાબ્દી પાંડે દ્વારા કરવામાં આવ્યું હતું.

કાઉ ટુરીઝમ કેન્દ્રો અને આગામી પહેલ વિશે વધુ માહિતી માટે ડો. લીનાગુપ્તા મો. ૮૨૦૦૨ ૨૮૨૬૭, જીસીસીઆઈ ના જનરલ સેક્રેટરી મિત્તલભાઈ ખેતાણી અને તેજસ ચોટલીયા મો. ૯૪૨૬૯ ૧૮૯૦૦ પર સંપર્ક કરવા જણાવ્યુ છે.

### ઈન્ડિયા હાઉસ...

પ્રતિબિંબિત પણ કરે છે.

### ભારત માટે વિન્ડો ખોલશે

પેરિસમાં ઈન્ડિયા હાઉસ ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધ અને વૈવિધ્યસભર ઝાંખી કરવા માટેના લાઈવ પોર્ટલ તરીકેની સેવા આપશે. ઝરોખાના બારીક નકશીકામથી પ્રેરિત તેનો લોગો ભારત તરફની અનોખી બારી (વિન્ડો)નું પ્રતીક છે. ભારતના આબેહૂબ રંગોની ભાતમાં પ્રસ્તુત, આલોગો રાષ્ટ્રની વિવિધતાના સારને સુંદર રીતે આવરી લે છે અને પેરિસમાં ઈન્ડિયા હાઉસ ઓલિમ્પિક અનુભૂતિના દરેક પાસામાં વણાઈ જશે, અને દરેકને ભારતીય સાંસ્કૃતિક વૈવિધ્યમાં ગરકાવ થઈ જવા આમંત્રિત કરશે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### પાંચ ઈંચ વરસાદ....

નોંધાયો હતો. જ્યારે મેંદરડામાં પોણા બે ઈંચ, માંગરોળ તાલુકામાં દોઢ ઈંચ, વંથલી તથા કેશોદમાં પોણો ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો.

રાજકોટ શહેર તથા જિલ્લામાં અસહ્ય બફારા વચ્ચે છૂટો છવાયો વરસાદ વરસ્યો હતો. રાજકોટ શહેરમાં અસહ્ય બાફ વચ્ચે ઝાપટાં વરસ્યા હતા તો ગોંડલમાં ત્રણ ઈંચ જ્યારે જેતપુરમાં અને ધોરાજીમાં પણ બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. ગોંડલમાં વરસાદ વચ્ચે લાલપુલ અને ઉમવાડા અન્ડરબ્રિજમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જિલ્લાના ધોરાજી તાલુકાના નાની મારડ ગામે બે કલાકમાં બે ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જેને લઈ ખેતરોમાં પાણી ભરાયા હતા. નદી-નાળા અને ચેકડેમમાં પણ નવા નીરની આવક થઈ હતી.

### કાલાવડ તાલુકા....

વતની રિતેશભાઈ ધનસિંગભાઈ ડાવર નામના પરપ્રાંતિય શ્રમિક પરિવારના મહિલાઓ અને બાળકો સહીત પાંચ સભ્યો ભગત ખીજડીયા ગામે જઈ રહ્યા હતા દરમિયાન વોકળામાંથી ગાડું પસાર થઈ રહ્યું હતું. ત્યારે એકાએક વરસાદી પાણીનહીં વહેણ આવતા બળદગાડું પલટી મારીને વોકળામાં તણાવા લાગ્યું હતું. જેના લીધે દોઢ વર્ષીય બાળક રવિ રિતેશભાઈ ડાવર પાણીમાં તણાઈ ગયો હતો.

### નવા પ્રમુખ કોણ?....

ચૂંટણીમાં ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠક જીતનાર ભાજપનો વિજયરથ આ વખતે બનાસકાંઠામાં કોંગ્રેસના ગેનીબેન ઠાકોરે રોકી દીધો છે. એક બેઠક ઓછી મળી છે. જે પક્ષ માટે ચિંતાનો વિષય છે. લોકસભાની ચૂંટણીના પરિણામો અંગે મનોમંથન કરવામાં આવશે. આ ઉપરાંત કેન્દ્રમાં સતત ત્રીજી વખત વડાપ્રધાન પદે સત્તારૂઢ થવા બદલ નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપતા ઠરાવ સહિતના કેટલાક મહત્વપૂર્ણ ઠરાવ પસાર કરવામાં આવશે.

## અમેરિકામાં તેલુગુ બોલનારા લોકોની સંખ્યા છેલ્લા ૮ વર્ષમાં ચાર ગણી વધી

### હાલ ત્યાં ૧૨.૩ લાખ તેલુગુઓ નિવાસ કરી રહ્યા છે : તેલુગુ અમેરિકાની ૩૫૦ માંથી ૧૧મી સૌથી વધુ બોલાતી ભાષા છે.

અબતક, નવી દિલ્હી

અમેરિકા જઈ રહેલા તેલુગુ વિદ્યાર્થીઓને ત્યાં ઘર જેવું જ લાગે છે. કારણકે અમેરિકામાં તેલુગુ ભાષી લોકોની વસ્તી ઝડપથી વધી છે. ૨૦૧૬માં અહીં તેલુગુ બોલનારાઓની સંખ્યા ૩.૨ લાખ હતી. જે ૨૦૨૪માં વધીને ૧૨.૩ લાખ થઈ ગઈ છે. યુએસ સેન્સસ બ્યુરોના ડેટાના આધારે યુએસ સ્ટેટિસ્ટિકલ એટલાસ રિપોર્ટ અનુસાર, આ વસ્તી ચોથી પેઢીના ઈમિગ્રન્ટ્સથી લઈને તાજેતરમાં આવેલા વિદ્યાર્થીઓ સુધીની છે. કેલિફોર્નિયામાં સૌથી વધુ તેલુગુ ભાષી વસ્તી છે. જે લગભગ ૨ લાખ છે. તે પછી ટેક્સાસ (૧.૫ લાખ) અને ન્યુ જર્સી (૧.૧ લાખ) આવે છે. ઈલિનોઈસ (૮૩,૦૦૦), વર્જિનિયા (૭૮,૦૦૦) અને જ્યોર્જિયા (૫૨,૦૦૦) જેવા રાજ્યોમાં પણ તેલુગુ રાજ્યોના લોકો નોંધપાત્ર સંખ્યામાં છે. ડેટા દર્શાવે છે કે આમાંના દરેક રાજ્યોની સંખ્યામાં લગભગ ચાર ગણો વધારો જોવા મળ્યો છે. સ્થાનિક તેલુગુ યુનિયનો કહે છે કે આ સંખ્યાઓ તેમના પોતાના અંદાજ પ્રમાણે છે.અહેવાલ મુજબ દર વર્ષે ૬૦,૦૦૦ થી ૭૦,૦૦૦ વિદ્યાર્થીઓ અમેરિકા આવે છે. આ સાથે લગભગ ૧૦,૦૦૦ એચવનબી વિઝા ધારકો પણ આવે છે. તેલુગુ એસોસિએશન ઓફ નોર્થ અમેરિકાના ભૂતપૂર્વ સેક્રેટરી અશોક કોલ્લાએ જણાવ્યું હતું કે તેમાંથી લગભગ ૮૦% અમારી સાથે નોંધાયેલા છે. તેમાંથી ૭૫% થી વધુ અહીં અમેરિકામાં સ્થાયી થયા છે. મોટાભાગના ડલ્લાસ, ખાડી વિસ્તાર, ઉત્તર કેરોલિના, ન્યુ જર્સી, એટલાન્ટા, ફ્લોરિડા અને નેશવિલમાં રહે છે. જૂની પેઢીના લોકો મુખ્યત્વે ઉદ્યોગસાહસિકો છે. જ્યારે ૮૦% થી વધુ યુવા પેઢી આઈટી અને ફાઈનાન્સ સેક્ટરમાં છે. તેલુગુ ભાષાનો પ્રભાવ એટલો વધી ગયો છે કે હવે તે ૩૫૦ ભાષાઓમાંથી અમેરિકામાં ૧૧મી સૌથી વધુ બોલાતી વિદેશી ભાષા છે. તે હિન્દી અને ગુજરાતી પછી ત્રીજી સૌથી વધુ બોલાતી ભારતીય ભાષા છે.

વિનય કે, એક યુવા પ્રોફેશનલ કે જેઓ ડેટા વિશ્લેષક તરીકેની નોકરી માટે ટેક્સાસ ગયા હતા, તેમણે જણાવ્યું હતું કે જ્યારે હું ગયા વર્ષે ડલાસ ગયો હતો, ત્યારે મને ઘરે બરાબર લાગ્યું હતું. મારા પીજીથી લઈને ઓફિસ સુધી, શેરીઓથી લઈને મોલ સુધી, હું તેલુગુ લોકોથી ઘેરાયેલો હતો. ભારતમાં મારા મોટાભાગના સાથીદારો આંધ્રપ્રદેશ અને તેલંગાણાના છે. આનાથી મને સ્થાયી થવામાં મદદ મળી. ૬૩ વર્ષીય વેપારી ટી રાઘવેન્દ્ર રાવ પાંચ દાયકાથી ન્યુ જર્સીમાં રહે છે. રાવે કહ્યું કે વૃદ્ધ લોકો જણાવે છે કે કેવી રીતે તેમની આસપાસના સમુદાયોએ વર્ષોથી જાતિની રચનામાં ફેરફાર જોયા છે. જ્યારે હું પહેલીવાર આવ્યો ત્યારે મને ચાર-પાંચથી વધુ તેલુગુ પરિવારો મળ્યા ન હતા. પરંતુ વર્ષોથી સમુદાય નોંધપાત્ર રીતે વિકસ્યો છે. એવું લાગે છે કે આંધ્રપ્રદેશ અને તેલંગાણા પછી અમેરિકામાં ત્રીજું રાજ્ય છે. હવે વધુ લોકો મંદિરો અને સમુદાયના સ્થળોએ આવે છે.મોટાભાગના વિદ્યાર્થીઓ આંધ્ર પ્રદેશ અને તેલંગાણાના ભારતીય મોબિલિટી રિપોર્ટ ૨૦૨૪ મુજબ, અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓનો સૌથી મોટો સમૂહ આંધ્ર પ્રદેશ અને તેલંગાણાનો છે. કુલ વિદ્યાર્થી મંડળના ૧૨.૫% અહીંથી આવે છે. એટલું જ નહીં, કેન્ટ સ્ટેટ યુનિવર્સિટીએ વિદ્યાર્દુલકુ સ્વાગતમ વાંચતા ચિહ્નો સાથે તેની નવી બેચનું સ્વાગત કરવાનું શરૂ કર્યું છે. ન્યુ જર્સીમાં આઈટીમાં માસ્ટર્સનો અભ્યાસ કરતી ઈન્દ્ર વર્સિનીએ કહ્યું કે હું આ લાગણીથી અભિભૂત છું. મને લાગે છે કે હું મારા લોકોથી બહુ દૂર નથી.

## શહેર ભાજપ પ્રમુખના લેખિતમાં રજૂઆતના પત્રથી કમળમાં કકળાટ:કોર્પોરેટરો નારાજ

### વોર્ડ નં.૭ના ભાજપના કોર્પોરેટર નેહલ શુક્લે કહ્યું કે,પ્રમુખે આ સિસ્ટમ ઘણા સમય પહેલાં લાગુ કરવાની જરૂરત હતી

અબતક રાજકોટ

ભાજપના કોર્પોરેટરને લેખિત રજૂઆત કરવાના ભાજપ અધ્યક્ષ મુકેશ દોશીના પત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે.વોર્ડ નં.૭ના ભાજપના કોર્પોરેટર અને સ્ટેન્ડિંગ કમિટી સભ્ય નેહલ શુક્લે આ અંગે નિવેદન આપતા જણાવ્યું છે કે,શહેર ભાજપ પ્રમુખે આ સિસ્ટમ વહેલી લાગુ કરવાની જરૂર હતી.જો આવુ પહેલા કરાયું હોત તો ઘણો ફાયદો થયો હોત. કોર્પોરેશનનાઅધિકારીઓની જવાબદારી ફિક્સ થવી જોઈએ.તેઓએ ઉમેર્યું હતુ



કે,મૌખિક ભલામણો કરતા લેખિત ભલામણ કરવામાં આવે તો ઓન પેપર કાયદેસર જ ભલામણ થાય.લોકોના કામ ઝડપથી થશે.ટીઆરપી ગેમઝોન આગકાંડ બાદ તંત્ર જાગ્યું અને આડેધડ એકમો સીલ કર્યા છે.કાયદાની મર્યાદામાં નિયમ મુજબ નોટિસ આપી સીલ કરવા જોઈએ.

કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીમાં પણ આવતી દરખાસ્તો સામે પણ તેઓએ સવાલો ઉઠાવ્યા હતા.સ્ટેન્ડિંગ ચેરમેન દરખાસ્તોનો અભ્યાસ કરી પછી જ મંજુર થાય પણ સમયના અભાવે અનેક દરખાસ્તોમાં ઉતાવળે નિર્ણય લેવાઈ જાય છ

.નેહલ શુકલેમ્યુ.કમિશ્નર દ્વારા મુકવામાં આવતી દરખાસ્તોમાં પૂરતો અભ્યાસ ન થતો હોવાનો આરોપ લગાવ્યો છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજુલાઃ** સ્વ. પફુલ્લાબેન મુકુંદરાય ત્રિવેદી તે નિવૃત્ત શિક્ષક સ્વ. મુકુંદરાય હરિલાલ ત્રિવેદીની પત્નિ, , નીરજભાઈ મુકુંદરાય ત્રિવેદીના માતા, અ. સો. ઈશાબેન નીરજભાઈ ત્રિવેદીના સાસુ, યજુર્વભાઈ, ક્ષિરસાબેન નીરજભાઈ ત્રિવેદીના દાદીમા, ચંદાબેન મનિષભાઈ મકવાણા, વિભાબેન વનરાજભાઈ ગોહિલના માતા, દિલીપભાઈ,, દિપકભાઈ લલિતરાય ત્રિવેદી, ,જીજ્ઞેશભાઈ કનૈયાલાલ ત્રિવેદીના કાકી,સ્વ. અશોકભાઈ,જયંતભાઈ, અજીતભાઈ, પદ્દિપભાઈ પભાશંકર વ્યાસના બહેનનું તા.૨૫ ના રોજ અવસાન થયેલ છે. તેમની સાદડી તા. ૨૭ ને ગુરૂવારના રોજ સમય સાંજના ૪ થી ૬ કલાકેપટેલવાડી, કૃષ્ણનગર. રાજુલા મુકામે રાખેલ છે. તેમની પીયરપક્ષની સાદડી સાથે રાખેલ છ

**રાજકોટઃ** અશોકભાઈ લાભશંકરભાઈ ઠાકરના પત્ની ગુણવંતીબેન અશોકભાઈ ઠાકર (રાવલ) તે રાજકોટ નિવાસી ધવલ અશોકભાઈ ઠાકરના માતાનું તા. ૨૬ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તે પ્રાણશંકર મેઘજીભાઈ રાવલના પુત્રીનું બેસણું તા. ૨૯ ને શનિવારના રોજ સાંજે ૪ થી ૫ કલાકે તેમના નિવાસ સ્થાનની સામે ચિત્રકુટેશ્વર મહાદેવ મંદિર, ચિત્રકુટ ધામ, કિસ્ટલ મોલની પાછળ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# શેરબજારમાં તેજીના તરંગોઃ સેન્સેક્સ પ્રથમવાર ૭૯ હજાર અને નિફ્ટી ૨૪ હજારને પાર

## રોકાણકારોના હૈયે આનંદની હેલીઃ એકધારી તેજીથી રોકાણકારો થયા માલામાલ

**અબતક, રાજકોટ**

કેન્દ્રમાં સતત ત્રીજી વખત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એનડીએની સરકાર સત્તારૂઢ થયા બાદ ભારતીય શેરબજારમાં શરૂ થયેલી એકધારી તેજી રોજ-રોજ નવા કિર્તીમાન બનાવી રહી છે. આજે શેરબજારના ઈતિહાસમાં પ્રથમવાર સેન્સેક્સે ૭૯ હજાર અને નિફ્ટીએ ૨૪ હજારની સપાટી ઓળંગતા રોકાણકારોના હૈયે આનંદની હેલી વ્યાપી જવા પામી હતી. તેજીના તોખારના પગલે રોકાણકારો માલામાલ થઈ ગયા છે. આગામી દિવસોમાં પણ બજારમાં તેજીના તરંગો યથાવત રહે તેવા શુકનવંતા સંકેતો મળી રહ્યા છે.

ભારતીય શેરબજારમાં છેલ્લા ઘણા દિવસોથી તેજી જોવા મળી રહી છે. કેન્દ્રમાં સતત ત્રીજી વખત પૂર્ણ બહુમત સાથે એનડીએની સરકાર બન્યા બાદ બજારમાં તેજી વધુ મજબૂત બની છે. શેરબજાર રોજ નવા કિર્તીમાન હાંસલ કરી રહ્યું છે. વિદેશી રોકાણકારો પણ ભારતીય શેરબજારમાં મૂડી રોકાણ કરવા માટે આકર્ષાઈ રહ્યા છે. આજે મુંબઈ શેરબજારના બંને આગેવાન ઈન્ડેકસે નવો જ કિર્તીમાન હાંસલ કર્યો હતો. સેન્સેકસે ૭૯ હજાર અને નિફ્ટીએ ૨૪ હજારની મહત્વપૂર્ણ સપાટી કૂદાવી હતી. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સે ૭૯,૨૪૦.૦૮ની નવી સર્વોચ્ચ સપાટી હાંસલ કરી હતી. ત્યારબાદ સરકીને ૭૮,૪૬૭.૩૪ સુધી ગયો હતો. આજે બજારમાં ૮૦૦ પોઈન્ટની અફરા જોવા મળી હતી. તેજીના પગલે નિફ્ટીએ પણ પ્રથમવાર ૨૪ હજારની સપાટી ઓળંગવા સફળતા મેળવી હતી. આજે નિફ્ટીએ ૨૪૦૩૬.૬૦ની નવી લાઈફ ટાઈમ હાઈ સપાટી બનાવી હતી. સરકીને ૨૩૮૦૫.૪૦ સુધી આવી ગઈ હતી. ૨૩૦ પોઈન્ટથી વધુનો ઉતાર-ચઢાવ રહેવા પામ્યો હતો. બેંક નિફ્ટીમાં આજે નરમાશ જોવા મળી હતી. જ્યારે નિફ્ટી મિડકેપ-૧૦૦માં સામાન્ય તેજી રહી હતી.



આજની તેજીમાં ઈન્ડિયા સિમેન્ટ, મન્નાપુરમ ફાયનાન્સ, ગ્રાશિમ, વિપ્રો, રિલાયન્સ, એકિસસ બેંક, વોડાફોન-આઈડીયા સહિતની કંપનીઓના શેરોના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે તેજીમાં પણ ઈન્ડિયન હોટેલ્સ, એયુ સ્મોલ ફાયનાન્સ, ચંબલ ફર્ટીલાઈઝર, ગોધરેજ કન્ઝયુમર, એચડીએફસી બેંક અને પીએનબી સહિતની કંપનીઓના શેરોના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. બૂલીયન બજારમાં આજે નરમાશ રહેવા પામી હતી.

સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો થોડો મજબૂત રહ્યો હતો. ઘણા દિવસોથી એકધારી તેજીના પગલે બજાર પર રોકાણકારોનો વિશ્વાસ સતત વધી રહ્યો છે. જેના કારણે તેજી વધુ મજબૂત બની રહી છે. વિશ્વભરના રોકાણકારો ભારત તરફ આકર્ષાઈ રહ્યા છે.

આ લખાઈ રહ્યું છે ત્યારે સેન્સેકસ ૩૩૨ પોઈન્ટના ઉછાળા સાથે ૭૯૦૦૬ અને નિફ્ટી ૯૮ પોઈન્ટના ઉછાળા સાથે ૨૩૯૬૭ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે.

# કેન્યાના નૈરોબીમાં હિંસાના પગલે ભારતે સુરક્ષા એડવાઈઝરી જાહેર કરી

## ભારતીય લોકો સાવચેતી રાખેઃ હિંસા પ્રભાવિત ક્ષેત્રોથી દુર રહે

**અબતક, રાજકોટ**

પૂર્વ આફ્રિકન દેશ કેન્યામાં સરકારના પ્રસ્તાવિત ટેક્સ વધારા સામે ચાલી રહેલી હિંસક ઘટનાઓને ધ્યાનમાં રાખીને, ભારતીય ઉચ્ચાયોગે મંગળવારે તમામ ભારતીયો માટે સાવચેતીના પગલા તરીકે એક એડવાઈઝરી જાહેર કરી છે.

કેન્યામાં ટેકસમાં વધારો થવાથી નાખુશ થયેલા હજારો લોકો મંગળવારે સંસદ પરિસરમાં પ્રવેશ્યા હતાં. આ દરમિયાન સંસદમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા પ્રદર્શનકારીઓ પર પોલીસે ગોળીબાર કર્યો હતો જેમાં અમુક લોકોનું મૃત્યુ થયું હતું અને ઘણા લોકો ઘાયલ થયા હતાં. કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિને ટાળવા માટે, કેન્યાની રાજધાની નૈરોબીમાં ભારતીય ઉચ્ચાયોગે તમામ ભારતીયો માટે એક એડવાઈઝરી જાહેર કરીને કહ્યું છે કે અહીં પરિસ્થિતિ તંગ છે, તેથી તમામ ભારતીયોને સલાહ આપવામાં આવે છે કે ખૂબ જ સાવધાની રાખો, બિનજરૂરી હિલચાલ ટાળો અને પ્રદર્શનો અને હિંસાથી પ્રભાવિત વિસ્તારોથી દૂર રહો.

ભારતીય ઉચ્ચાયોગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઙ' પર લખ્યું, "કેન્યામાં ભારતીય નાગરિકો માટે સલાહ. હાલની તંગ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, કેન્યામાં તમામ ભારતીયોને અત્યંત સાવધાની રાખવાની, બિનજરૂરી હિલચાલ ટાળવાની અને જ્યાં સુધી સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી વિરોધ અને હિંસાથી પ્રભાવિત વિસ્તારોમાં ન જવાની સલાહ આપવામાં આવે છે. ઉચ્ચાયોગે અન્ય એક પોસ્ટમાં કહ્યું છે કે હિંસાને લગતી લેટેસ્ટ માહિતી માટે સ્થાનિક સમાચાર, ભારતીય ઉચ્ચાયોગની વેબસાઈટ અને સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર નજર રાખો. એક અહેવાલ અનુસાર, કેન્યાના રાષ્ટ્રપતિ વિલિયમ રૂટોએ હિંસક ઘટનાઓની નિંદા કરી છે અને કહ્યું છે કે તેઓ 'હિંસા અને અરાજકતા' વિરુદ્ધ કડક વલણ અપનાવશે. બીજી તરફ, સંયુક્ત રાષ્ટ્રએ એ વાત પર ભાર મૂક્યો છે કે લોકોને શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરવાનો અધિકાર છે. અમેરિકાએ કેન્યાની સરકારને ધીરજ રાખવા માટે વિનંતી કરી છે.

# ગોંડલ, ઉપલેટા, ધોરાજી અને જેતપુર માર્કેટીંગ યાર્ડના ચેરમેન-વા.ચેરમેન માટે કાલે લેવાશે સેન્સ

## પ્રદેશ ભાજપના નિરીક્ષકો પ્રદિપભાઈ ખિમાણી, વંદનાબેન મકવાણા અને મનુભાઈ ભૂવા દાવેદારોને સાંભળશેઃ રાજકોટ માર્કેટીંગ યાર્ડ માટે આવતા સપ્તાહે સેન્સ પ્રક્રિયા હાથ ધરાશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના ચાર માર્કેટીંગ યાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેનની આગામી શનિવારે અને રવિવારના રોજ ચૂંટણી યોજાવાની છે. ત્યારે આવતીકાલે પ્રદેશ ભાજપના ત્રણ નિરિક્ષકોની ટીમ દ્વારા ગોંડલ, ઉપલેટા, ધોરાજી અને જેતપુર યાર્ડના ચેરમેન તથા વાઈસ ચેરમેનની નિમણુંક માટે દાવેદારોને સાંભળવવામાં આવશે. કાલે સવારથી સાંજ સુધી સેન્સ પ્રક્રિયા ચાલશે. દરમિયાન રાજકોટ મોર્કટીંગ યાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી આગામી ૫ જુલાઈના રોજ યોજાવાની હોય આવતા સપ્તાહે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સૌરાષ્ટ્રના પ્રથમ પંક્તિના ગોંડલ માર્કેટીંગ યાર્ડ ઉપરાંત ઉપલેટા માર્કેટીંગ યાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેન માટે આગામી ૨૯મી જૂનના રોજ જ્યારે ધોરાજી અને જેતપુર માર્કેટીંગ યાર્ડના ચેરમેન માટે ૩૦મી જૂનના રોજ ચૂંટણી યોજાવાની છે. પ્રદેશ ભાજપ દ્વારા પ્રદિપભાઈ ખિમાણી, વંદનાબેન મકવાણા અને મનુભાઈ ભૂવાની નિરિક્ષકો તરીકે નિયુક્તી કરવામાં આવી છે. જે આવતીકાલે સવારથી અલગ-અલગ ચારેય યાર્ડ માટે સેન્સ લેવામાં આવશે. દાવેદારોને સાંભળશે. સેન્સ દરમિયાન આવનારા નામો નિરિક્ષકો દ્વારા પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ રજૂ કરી દેશે. દરમિયાન ચૂંટણીના એક કલાક અગાઉ જિલ્લા ભાજપના અધ્યક્ષને બંધ કવરમાં નામ મોકલી દેવામાં આવશે.

રાજકોટ માર્કેટીંગ યાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી પાંચમી જુલાઈના રોજ યોજાવાની છે. આવતા સપ્તાહે પ્રદેશ નિરિક્ષકો દ્વારા સેન્સ લેવામાં આવશે.

# પંચાયત ચોકમાં એપાર્ટમેન્ટમાં લિફ્ટનો દરવાજો ખુલ્લો રહી જતા બાળકીનું મોત

## રમતા રમતા લિફ્ટ સુધી પહોંચી, એકાએક આવેલી લિફ્ટ હેઠળ ચગદાઈ જતા સર્જાયો અકસ્માત

**અબતક, રાજકોટ**

શહેરના પંચાયત ચોક નજીક શિવશક્તિ સોસાયટી રોડ પર આવેલા હેવલોક એપાર્ટમેન્ટના પાર્કિંગમાં અરેરાટીજનક ઘટનામાં ફુલડા જેવી બાળકીનું મોત થયું છે. અહી પાંચેક માસથી રહેતાં અને ચોકીદારી કરતાં નેપાળી દંપતિની ૩વર્ષની પુત્રી પાર્કિંગમાં રમતી હતી, ત્યારે લિફ્ટનો દરવાજો કોઈપણ કારણોસર ખુલી જતાં, બાળકી તેમાં ગબડી પડી હતી. એ



પછી ઉપરથી અચાનક લિફ્ટ આવતાં અંદર રહેલી બાળકી લિફ્ટ હેઠળ ચગદાઈ જતાં કમકમાટીભર્યું મોત નિપજયું હતું.

પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, પંચાયત ચોક નજીક હેવલોક એપાર્ટમેન્ટમાં રહેતાં બિમલ કાર્કીની દિકરી મરીના (ઉ.વ.૩) સવારે સાડાદસેક વાગ્યે એપાર્ટમેન્ટના પાર્કિંગમાં રમતી હતી. રમતી વેળાએ તે લિફ્ટ પાસે ગઈ હતી. આ વખતે લિફ્ટ ઉપર હતી છતાં દરવાજો ખુલ્લો હતો, અથવા તો રમતા રમતાં બાળકીએ ખોલી નાખ્યો હતો. બાદમાં અજાણ એવી આ બાળકી લિફ્ટના ગેપમાં પડી ગઈ હતી. એ દરમિયાન ઓચિંતી લીફ્ટ આવી જતાં તે ચગદાઈ જતાં ગંભીર ઈજા થઈ હતી. ચીસ સાંભળી પિતા બિમલ, માતા ક્રિષ્નાબેન સહિતના દોડી ગયા હતાં. બાળકીને ગંભીર હાલતમાં બહાર કાઢી સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. પરંતુ અહિ તબિબે ટુંકી સારવારને અંતે મૃત જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મરીના માતા-પિતાની એકની એક દિકરી હતી. આ દંપતિ અહિ પાંચેક મહિનાથી રહે છે અને ચોકીદારી કરે છે. બનાવથી એપાર્ટમેન્ટના રહેવાસીઓમાં પણ ગમગીની વ્યાપી ગઈ હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

# ૭૨ સ્થળોએ ચેકિંગઃ ૬ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક પકડાયું

## ગંદકી કરનારાઓ પાસેથી રૂ.૨૨ હજારનો દંડ વસૂલાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. ત્રણેય ઝોનમાંથી કુલ ૭૨ આસામીઓ પાસેથી ૬.૨૪ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૨,૨૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.



સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૫ આસામીઓ પાસેથી ૨.૫૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૫૫૦/- નો વહીવટી ચાર્જ વસુલવામાં આવી છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૦ આસામીઓ પાસેથી ૨.૯૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૬૩૦૦/- નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૭ આસામીઓ પાસેથી ૦.૭૫ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૦૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# સરગમ પરિવારના બાળકો માટે રવિવારે જાદુગરોની જુગલબંધી કોમેડી શોની થશે 'જમાવટ'

**અબતક,રાજકોટ**




સરગમ ચિલ્ડ્રન કલબના સભ્યો માટે તા. ૩૦/૦૬/૨૦૨૪ ને રવિવારે જાદુગરોની જુગલબંધી જાદુગર શો નો કાર્યક્રમ હેમુગઢવી હોલ માં યોજાશે. આ કાર્યક્રમ માં જુગલબંધીની કરામત બતાવશે. સરગમ ચિલ્ડ્રન કલબ ના સભ્ય નંબર ૧ થી ૧૦૦૦ માટે તા. ૩૦/૦૬/૨૪ ને રવિવારે સવારે ૯/૦૦ થી ૧૨/૦૦ કલાક સુધી રાખેલ છે. તથા સરગમ ચિલ્ડ્રન કલબ ના સભ્ય નંબર ૧૦૦૧ થી ૨૦૦૦ માટે બપોરના ૩/૦૦ થી ૬/૦૦ કલાક સુધી પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવ્યું છે. તમામ ચિલ્ડ્રન કલબ ના સભ્યો એ આઈકાર્ડ સાથે રાખવું રહેશે તેના વગર પ્રવેશ નહિ મળે જો કોઈ બાળકને ગેસ્ટ તરીકે આવું હોય તો તેના રૂ. ૧૦૦/- ચાર્જ ભરીને આવી શકશે. જે સભ્યો નો જે ગ્રુપ માં વારો હોય તે જ ગ્રુપમાં આવવાનું રહેશે જેની નોંધ લેવી.

આ કાર્યક્રમ માં મનહર ગઢવી અને ઉમેશ રાવ નામના બે જાદુગરો જાદુ અને મિમિક્રીનો બેવડો અનુભવ કરાવશે અને પોતાની કલા દ્વારા હાસ્યની રમઝટ બોલાશે.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં સરગમ કલબ ના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા ના માર્ગદર્શન હેઠળ ગીતાબેન હિરાણી, અલ્કાબેન કામદાર, ડો.અલ્કાબેન ધામેલિયા. ચેતનાબેન સવજાણી, ભાવનાબેન મહેતા, છાયાબેન દવે, જયશ્રીબેન મહેતા, જયશ્રીબેન વ્યાસ, વૈશાલીબેન શાહ, હેતલબેન થડેશ્વર વગેરે લેડીઝ કલબ ના તમામ કમિટી મેમ્બરો જહેમત ઉઠાવી રહ્યા છે.

# માધાપરમાં વરસાદી ઝાપટાથી રબડી રાજઃ સ્કુલ બસ ખાડામાં ખુંચી

## વોર્ડ નં.૩માં માધાપર વિસ્તારમાં આડેધડ ખોદાયેલા રસ્તાથી લોકો હેરાન-પરેશાન

**અબતક, રાજકોટ**



શહેરના વોર્ડ નં.૩ માં પાણીની પાઈપલાઈન અને ભૂગર્ભ ગટરની લાઈનો નાખવા માટે આડેધડ રસ્તાઓ ખોદી નાખવામાં આવ્યા છે. જેના કારણે સામાન્ય વરસાદમાં પણ માધાપર વિસ્તારમાં રબડી રાજ જોવા મળે છે. લોકો ત્રાહિમામ પોકારી ગયા છે.

માધાપરમાં આડેધડ રસ્તાઓ ખોદી નાંખવામાં આવ્યા છે. જેના કારણે લોકો છેલ્લા ઘણા સમયથી હાલાકી ભોગવી રહ્યા છે. હાલ પાણીની પાલપઈ લાઈન અને ડ્રેનેજ લાઈન નાંખવા માટેની કામગીરી ચાલી રહી છે. ચારેય તરફ રસ્તાઓ ખોદી નાંખવામાં આવ્યા છે. હવે વરસાદનું સામાન્ય ઝાપટુ પડે તો પણ માધાપર વિસ્તારમાં કાદવ કિચડનું સામ્રાજય છવાય જાય છે. વાહન ચાલકો સ્લીપ થઈ રહ્યા છે. બાળકો, વૃધ્ધો અને મહિલાઓને ભારે હાલાકી પડી પડી છે. ગઈકાલે પડેલા સામાન્ય વરસાદમાં એક ખાડામાં સ્કુલ બસ ખુંચી ગઈ હતી. ખાડા કર્યા બાદ વ્યવસ્થિત મેટલીંગ કરવામાં આવ્યું ન હોવાના કારણે વરસામાં રોડ બેસી જાય છે. જેના કારણે વાહનો ખુંચી જાય છે.

# ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરને કરાયા સસ્પેન્ડ

## ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડમાં ધરપકડ થયા બાદ મ્યુનિ.કમિશનર દ્વારા કરાઈ આકરી કાર્યવાહી

**અબતક, રાજકોટ**

ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા જીવલેણ અગ્નિકાંડમાં કોર્પોરેશનની ફાયર ઈમરજન્સી શાખાની બેદરકારી હોવાનું સીટના તપાસ અહેવાલમાં સાબિત થયા બાદ પોલીસ દ્વારા ગત રવિવારે ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરની ધરપકડ કરવામાં આવી હતી. દરમિયાન ગઈકાલે સાંજે મ્યુનિ.કમિશનર દેવાંગ દેસાઈ દ્વારા ખેરને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.



વોર્ડ નં.૧૦માં નાના મવા રોડ પર ટીઆરપી ગેમ ઝોનમાં ભભૂકેલી આગમાં ૨૭ લોકો બળીને ભડથું થઈ ગયા હતા. ગેમીંગ ઝોનમાં નાના બાળકો આવતા હોય છે. જ્યારે અહિં ફાયરના પૂરતા સાધનો હોવા જોઈએ અને ફાયર એન્ડ ઈમરજન્સીસ સર્વિસીસ શાખા દ્વારા ચેકીંગ કરી ફાયર એનઓસી આપવાનું રહે છે. લાંબા સમયથી ટીઆરપી ગેમ ઝોન કાર્યરત હોવા છતાં ફાયર બ્રિગેડ શાખા દ્વારા કોઈ જ પ્રકારનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું ન હતું. જો ચેકીંગ કરી પૂરતા પગલા લીધા હોત તો અગ્નિકાંડ જેવી મોટી દુર્ઘટના ન સર્જાત. સીટના રિપોર્ટમાં ફાયર બ્રિગેડ શાખાની ગેરજવાબદારી, બેદરકારી અને નિષ્ક્રિયતા સાબિત થવા પામી છે. આ ઘટનામાં પોલીસ દ્વારા ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર સામે ગુનો દાખલ કરી ગત ૨૨મી જૂનના તેઓની અટકાયત કરવામાં આવી હતી. નિયમાનુસાર કોઈપણ સરકારી અધિકારી ૪૮ કલાકથી વધુ સમય પોલીસ કસ્ટડીમાં વિતાવે તો તેને સસ્પેન્ડ કરવામાં આવે છે. મ્યુનિ.કમિશનર દેવાંગ દેસાઈ દ્વારા ઈલેશ ખેરને પાણીચું પકડાવી દેવામાં આવ્યું છે.

# આકાર ઈવેન્ટસનાં નયન ભટ્ટ અને મૃણાલિનીભટ્ટ દ્વારા કાલે ભકિત સંગીત સમારોહ

**અબતક,રાજકોટ**

ગુજરાતના કલા સાધકો, સાહિત્યકારો, લોક સંગીત અને ભકિત સંગીતની કલા સેવાને ચિરસ્મરણીય રાખવા આકાર ઈવેન્ટ્સ અહર્નિશ સતત પ્રયત્નશીલ રહ્યું છે. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરનાં આર્થિક સહયોગથી આકાર ઈવેન્ટ્સનાં નયન ભટ્ટ અને મૃણાલિની ભટ્ટ દ્વારા ભકિત સંગીત સમારોહ ' એક તારો આધાર ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમની પરિકલ્પના, વિભાવના તેમજ સંચાલન ગુણવંત ચુડાસમાં દ્વારા કરવામાં આવશે. સમસ્ત બ્રહ્મસમાજ, રાજકોટના પ્રમુખ દર્શિતભાઈ જાની દ્વારા દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમનું શુભારંભ કરવામાં આવશે. કાર્યક્રમમાં ગાયક કલાકાર ગીતા ચૌહાણ, ઉર્વશી પંડ્યા, સંદિપ પ્રજાપતિ, કુમાર પંડ્યા, અનિલ પટેલ સહિતના પોતાની કલા પ્રસ્તુતી કરશે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સરદાર સૌશ્યલ ગ્રુપના પ્રમુખ અશોકભાઈ વઘાસિયા તેમજ રાજકોટનાં જીલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશભાઈ દિહોરા, વિશેષ તરીકે હાજરી આપશે. કાર્યક્રમની મંચ સજ્જા, પ્રકાશ આયોજન અને પ્રોડકશન મેનેજર ચેતન ટાંક દ્વારા કરવામાં આવશે.કાર્યક્રમ તા. ૨૮ જુન, શુક્રવારના રોજ રાત્રીના ૯:૩૦ કલાકે હેમુ ગઢવી ઓડિટોરીયમ, ટાગોર માર્ગ, રાજકોટ ખાતે રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમનું આયોજન આકાર ઈવેન્ટ્સ, રાજકોટ દ્વારા આવ્યું છે.

# દલીત સમાજના કલ્યાણ માટે દલીત સેવા સંસ્થાન 'દલીત પંચાયત'ની સ્થાપના

**અબતક,રાજકોટ**

સમગ્ર રાજકોટ શહેર અને જિલ્લા ભરના દલિત સમાજમાં પ્રવર્તી રહેલ સામાજિક સમસ્યા થકી કૌટુંબિક ભાવના લુપ્ત થતી જાય છે. સંયુકત કુટુંબની ભાવના ભાંગતી જાય છે. સમાજ વેરવિખેર થઈ રહ્યો છે. તેવા સમયમાં સમાજમાં ફેલાયેલ લગ્ન સમસ્યા, વિચ્છેદ સમસ્યા, કોર્ટ-કચેરી, ખાધા ખોરાકી, ભરણ-પોષણ, છુટાછેડા, પોલીસ કેસ જેવા કાર્યથી ભાવિ બાળકો નિરાધાર બની જાય છે. તેઓનું ભવિષ્ય અંધકારમય બની જાય છે. ભણતર, સંસ્કાર, સમસ્યા, ઉછેર સમસ્યા વિગેરે આજના સમયમાં વિકરાળ અજગર મોઢું ફાડીને બેઠો છે તે માટે તંદુરસ્ત



તસ્વીરઃ કરન વાડોલીયા

સંબંધોની સચ્ચાઈ માટે વડીલો, આગેવાનો, સમાજ સુધારકો પોતાની બુધ્ધિમતાનો ઉપયોગ કરીને આવી પરિસ્થિતિને ડામવામાં આવે એ માટે એક નવું સંગઠનરૂપી દલિત સેવા સંસ્થાન, (દલિત પંચાયત)ની સ્થાપના કરેલ છે. જેમાં પુખ્તવયના દિકરા-દિકરીઓના વેવિશાળ, લગ્ન સંબંધો, પુખ્ત સમજણથી વડીલો, બુધ્ધિજીવીઓ, સમાજ સુધારકો દ્વારા લગ્ન વિશે આ મુજબની સમસ્યાને નેસ્તનાબુદ કરવાની નેમ ધરાવે છે. જેથી કુરિવાજો, અંધશ્રધ્ધા, ખોટા દેખાડા વિગેરે ખોટા ખર્ચ ઉપર બાન મુકવાની

## અબતકની મુલાકાતમાં દલીત સમાજના આગેવાનોએ આપી વિગતો

પેરવી કરશે. અમુક પરિવારોના જીદ્દી વલણથી દલિત સમાજને થતું નુકશાન રોકવા રમાબાઈ આંબેડકર સેવા સંસ્થાન નામની દલિત પંચાયતની રચના કરવામાં આવે છે. જેના આયોજકો નીચે મજબના આગેવાનો છે.

ડો. ધિરેન ઘીવાલા, દેવસીભાઈ દાફળા, દિલીપભાઈ નગવાડીયા, માધુભાઈ ગોહેલ ,બીપીનચંદ્ર રાઠોડ, શાન્તાબેન મકવાણા, હંસાબેન ધમ્મર, ઈલાબેન ચંદ્રપાલ

આ આગેવાનો સવારના ૧૧ થી સાંજના ૫ વાગ્યા સુધી નીચે મુજબની ઓફીસે દલિત સમાજ માટે સેવા આપશે.

પારેખ ચેમ્બર, બીજો માળ, ઓફીસ નં.૫૧, ઢેબર રોડ, "એ" ડીવીઝન પોલીસ સ્ટેશન પાસે, ખાદી ભંડારથી આગળ, રાજકોટ

અબતકની મુલાકાતે ડો. ધિરેન ઘીવાલા, દેવસીભાઈ દાફડા, દિલીપભાઈ નગવાડીયા, માધુભાઈ ગોહેલ, બીપીનચંદ્ર રાઠોડ, શાંતાબેન મકવાણા, હંસાબેન ધમ્મર, ઈલાબેન ચંદ્રપાલ સમગ્ર વિગત આપી હતી.



# હિજાબ ઉપર પ્રતિબંધને મુંબઈ હાઈકોર્ટની મ્હોર

## ચેમ્બુરની એનજી આચાર્ય અને ડીકે મરાઠે કોલેજમાં હિજાબ અને બુરખા ઉપર પ્રતિબંધને પડકારતી અરજી હાઈકોર્ટે ફગાવી

**અબતક, નવી દિલ્હી**

મુંબઈની કોલેજના કેમ્પસમા હિજાબ, બુરખા અને નકાબ પર પ્રતિબંધ મૂકવાના નિર્ણયને હાઈકોર્ટે સમર્થન આપી તેમાં દખલ કરવાનો ઈનકાર કર્યો હતો. નવ મુસ્લિમ વિદ્યાર્થીનીઓએ આ મહિનાની શરૂઆતમાં ચેમ્બુર ટ્રોમ્બે એજ્યુકેશન સોસાયટીના એનજી આચાર્ય અને ડીકે મરાઠે કોલેજના નિર્દેશને બોમ્બે હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

આ અંતર્ગત વિદ્યાર્થીઓ કોલેજ પરિસરમાં હિજાબ, નકાબ, બુરખો, ચોરાઈ, કેપ અને બેજ નહીં પહેરી શકે, જસ્ટિસ એએસ ચંદુરકર અને રાજેશ પાટીલની ડિવિઝન બેન્ચે બુધવારે કહ્યું કે તે કોલેજ દ્વારા લેવામાં આવેલા નિર્ણયમાં દખલ કરવા તૈયાર નથી. સાયન્સ ડિગ્રી કોર્સના બીજા અને ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી નવ મુસ્લિમ વિદ્યાર્થિનીઓએ આ વિરુદ્ધ દાખલ કરેલી અરજીને ફગાવી દેવામાં આવી હતી.

અરજીકર્તાઓ તરફથી હાજર રહેલા એડવોકેટ અલ્તાફ ખાને કહ્યું કે આ બાબતને કર્ણાટક હાઈકોર્ટના નિર્ણયથી અલગ રાખવી જોઈએ. કારણ કે આ સિનિયર કોલેજના વિદ્યાર્થીઓનો મામલો છે જ્યાં યુનિફોર્મ નથી. તેણે આરોપ લગાવ્યો કે વોટ્સએપ મેસેજ દ્વારા દરેક પર ડ્રેસ કોડ લાદવામાં આવ્યો હતો. આ અરજદારોની પસંદગીની સ્વતંત્રતા, ભૌતિક પવિત્રતા અને સ્વાયત્તતાનું ઉલ્લંઘન કરે છે.

જ્યારે કોલેજ પ્રશાસનનું કહેવું છે કે આ અનુશાસનાત્મક નિર્ણય તમામ જાતિ અને ધર્મના વિદ્યાર્થીઓ માટે છે.

આ નિર્ણય મુસ્લિમ સમુદાય વિરુદ્ધ નથી. વિદ્યાર્થીઓએ આ મહિનાની શરૂઆતમાં ચેમ્બુર ટ્રોમ્બે એજ્યુકેશન સોસાયટીના એનજી આચાર્ય અને ડીકે મરાઠે કોલેજના ડ્રેસ કોડને લાગુ કરવાના નિર્દેશને પડકાર્યો હતો, જેના હેઠળ વિદ્યાર્થીઓને કોલેજ પરિસરમાં હિજાબ, નકાબ, બુરખો પહેરવાની છૂટ છે, ચોરાઈ, કેપ પહેરી શકાતી નથી બેજ અરજદારોએ દાવો કર્યો હતો કે આ પ્રકારનો નિર્દેશ તેમના ધર્મ પાળવાના મૂળભૂત અધિકારો, ગોપનીયતાના અધિકાર અને પસંદગીના અધિકારની વિરુદ્ધ છે.

ગયા અઠવાડિયે સુનાવણી દરમિયાન કોલેજે રજૂઆત કરી હતી કે, આવી બાબતો પર પ્રતિબંધ મૂકવાનો હેતુ ધાર્મિક પ્રતીકોના પ્રદર્શનને ટાળવાનો છે, સિવાય કે શીખો માટે પાઘડી જેવા ધર્મના મૂળભૂત અધિકારનો ભાગ માનવામાં આવે છે.

કોલેજનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ અનિલ અંતુરકરે સમજાવ્યું કે, પ્રતિબંધ તમામ ધાર્મિક પ્રતીકો પર લાગુ થાય છે અને મુસ્લિમો પર નિશાન નથી. કોલેજની નીતિ ધાર્મિક પ્રતીકોના ખુલ્લા પ્રદર્શનને રોકવાની છે, સિવાય કે તે ધર્મના મૂળભૂત અધિકારો હેઠળ આવશ્યક હોય.

# કટોકટીના નિંદા પ્રસ્તાવના ઠરાવને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આવકાર્યો

## યુવા પેઢીને લોકશાહીના આ કાળા અધ્યાયની જાણ થાય તે માટે નિંદા ઠરાવ ખુબ જરૂરી હતોઃ મુખ્યમંત્રી


**અબતક, રાજકોટ**

૧૮મી લોકસભામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એક ઠરાવ પસાર કરીને ૧૯૭૫માં દેશભરમાં કટોકટી લાદવાના નિર્ણયની સખત નિંદા કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકસભામાં પસાર થયેલા આ પ્રસ્તાવને આવકારવા સાથે પોતાની પ્રતિક્રિયા આપી હતી અને આ પ્રસ્તાવ માટે વડાપ્રધાનના નેતૃત્વની સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીએ કહ્યું કે, જેમણે કટોકટીનો સખત વિરોધ કર્યો, અભૂતપૂર્વ લડત આપી અને ભારતના લોકતંત્રની સુરક્ષાની જવાબદારી નિભાવી તે તમામ લોકોના નિશ્ચયની પ્રશંસા કરું છું અને તેમના પ્રત્યે આદર વ્યક્ત કરું છું.

મુખ્યમંત્રીએ ૧૯૭૫ થી ૧૯૭૭ સુધીના કાળને અંધકારમય સમયગાળો ગણાવતા જણાવ્યું કે, આ સમયગાળો આપણને બંધારણના સિદ્ધાંતો, સંઘીય માળખું અને ન્યાયિક સ્વતંત્રતાના મહત્વની યાદ અપાવે છે. આ સમયગાળો તત્કાલીન લોકો પર કેવી રીતે હુમલો કરવામાં આવ્યો હતો અને શા માટે તેઓને સુરક્ષિત રાખવાની જરૂર છે તેની પણ યાદ તાજી કરવાનો સમય છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, તત્કાલીન કોંગ્રેસ સરકારનો એકમાત્ર ઉદ્દેશ્ય તમામ સત્તાઓ એક વ્યક્તિ પાસે લાવવાનો, ન્યાયતંત્રને અંકુશમાં લેવાનો અને બંધારણના મૂળભૂત સિદ્ધાંતોને નષ્ટ કરવાનો હતો. કટોકટી લાદીને નાગરિકોના અધિકારો દબાવવામાં આવ્યા હતા અને લોકશાહીના સિદ્ધાંતો પર કુઠારાઘાત કરવામાં આવ્યો હતો.



એટલું જ નહીં, તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ સમર્પિત અમલદારશાહી અને સમર્પિત ન્યાયતંત્રની વાત કરી હતી, જે તેમના લોકશાહી વિરોધી વલણનું ઉદાહરણ છે. કટોકટી તેની સાથે ભયંકર અસામાજિક અને સરમુખત્યારશાહી નીતિઓ લઈને આવી જેણે ગરીબો, દલિતો અને વંચિતોનું જીવન બરબાદ કરી નાખ્યું હતું તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ કટોકટી દરમિયાન, તત્કાલીન કોંગ્રેસ સરકાર દ્વારા બળજબરીથી લાદવામાં આવેલા કેટલાંક તુઘલખી અને મનસ્વી નિર્ણયોનો લોકોને ભોગ બનવું પડ્યું હતું તેને દેશનું દુર્ભાગ્ય ગણાવતા કહ્યું હતું કે, લોકસભા સદનમાં આ તમામ લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે તેને પણ હું આવકારું છું.

મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં લોકસભામાં પસાર કરાયેલો આ ઠરાવ ઈમરજન્સીના ૫૦મા વર્ષમાં પ્રવેશ કરતી વખતે, આ ૧૮મી લોકસભા બાબા સાહેબ આંબેડકર દ્વારા નિર્મિત બંધારણની જાળવણી, સંરક્ષણ અને જાળવણી માટેની તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતો ઠરાવ છે.૧૯૭૫માં તત્કાલીન કેબિનેટે સરમુખત્યારશાહી અને ગેરબંધારણીય નિર્ણયને બહાલી આપતાં ઈમરજન્સીને પોસ્ટ ફેક્ટો બહાલી આપી હતી. તેથી, આપણી સંસદીય પ્રણાલી અને અસંખ્ય બલિદાન પછી પ્રાપ્ત થયેલી આ બીજી આઝાદી પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરવા માટે, યુવા પેઢીને લોકશાહીના આ કાળા અધ્યાય વિશે જાણ થાય તે માટે જે ઠરાવ પસાર કરાયો તે ખૂબ જરૂરી છે એમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. ઈમરજન્સીએ ભારતના ઘણા નાગરિકોના જીવનને બરબાદ કરી નાખ્યું હતું, ઘણા લોકો મૃત્યુ પામ્યા હતા તે સૌ કર્તવ્યનિષ્ઠ અને દેશપ્રેમી નાગરિકોની યાદમાં લોકસભામાં બે મિનિટનું મૌન પાળીને તેમને સાચી સ્મરણાંજલિ આપી છે એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

# હીટવેવના પગલે છેલ્લા ચાર દિવસમાં કરાંચીમાં ૪૫૦ લોકોના મોત

## જે મૃતદેહ મળી આવ્યા અને તેની જ્યારે તપાસ હાથ ધરાય તો તેઓ બેઘર અને નશાખોરો હતા

**અબતક, કરાચી**

પાકિસ્તાનના ઘણા વિસ્તારો અતિશય ગરમી અને હીટ વેવને કારણે સળગી રહ્યાં છે. દરમિયાન, એક સંગઠને દાવો કર્યો છે કે ચાર દિવસમાં પાકિસ્તાનના કરાચીના વિસ્તારોમાં ભારે ગરમી અને હીટ વેવને કારણે ૪૫૦ લોકોના મોત થયા છે. એક એન.જી.ઓ ફાઉન્ડેશનનું કહેવું છે કે બુધવાર સિવાય છેલ્લા ચાર દિવસમાં ૪૫૦ લોકોના મોત થયા છે. આ સિવાય મંગળવારે સિંધ પ્રાંતની ત્રણ સરકારી હોસ્પિટલોમાંથી ૨૩ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા.

પાકિસ્તાનના બંદર શહેર કરાચીમાં ગયા સપ્તાહથી શનિવારથી ભારે ગરમી અને ગરમીના મોજાની અસર જોવા મળી રહી છે. શનિવારે અહીંનું તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી ગયું હતું અને બુધવાર સુધી આ જ સ્થિતિ સતત જોવા મળી હતી. ઈધી ફાઉન્ડેશનના વડા ફૈઝલ એધી કહે છે કે કરાચીમાં કુલ ચાર શબઘર છે. આ શબઘરોમાં મૃતકોના મૃતદેહ રાખવા માટે હવે જગ્યા બચી નથી. દુઃખદ હકીકત એ છે કે જ્યાં ભારે વીજ કાપ છે તેવા વિસ્તારોમાં ભારે ગરમીને કારણે મોટાભાગના લોકો મૃત્યુ પામ્યા છે. આમાંના મોટાભાગના મૃતદેહો નિરાધાર અને નશાખોરોના છે. તેમણે વધુમાં કહ્યું કે મંગળવારે ૧૩૫ અને સોમવારે ૧૨૮ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા. એધીએ વધુમાં કહ્યું કે કરાચીના લોકોને વધુ વીજ કાપનો સામનો કરવો પડશે. બીજી બાજુ, કરાચીના વીજળી વિભાગનું કહેવું છે કે સરકારે ૧૦ અબજ રૂપિયાની લોન ચૂકવવાની છે, જેના કારણે વીજળી કાપ કરવામાં આવી રહ્યો છે.

મૃત્યુના સતત કેસ નોંધાયા પછી, સિંધ સરકારે કરાચીમાં ૭૭ હીટ વેવ રાહત કેન્દ્રો સ્થાપ્યા છે. દેશના દક્ષિણી વિસ્તારોમાં અતિશય તાપમાનને લઈને ગંભીર ચેતવણી વચ્ચે પાકિસ્તાન હવામાન વિભાગ દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે. કરાચીની હોસ્પિટલોમાં દરરોજ મોટી સંખ્યામાં દર્દીઓ આવી રહ્યા છે, જેના કારણે શહેરના તબીબી સંસાધનો પર દબાણ વધી રહ્યું છે.



# દોઢ અબજ વર્ષ પહેલાં ૧૮ કલાકનો જ દિવસ હતો

## ચંદ્ર દર વર્ષે પૃથ્વીથી લગભગ ૩.૮ સેમી દૂર જઈ રહ્યો છે, જેને કારણે દિવસ સતત લાંબો થઈ રહ્યો છે


**અબતક, નવી દિલ્હી**

ચંદ્રનું પૃથ્વીથી ધીમે ધીમે દૂર જવું એ ઘટના અબજો વર્ષોથી થઈ રહી છે. હાલમાં, ચંદ્ર દર વર્ષે લગભગ ૩.૮ સેમી દૂર જઈ રહ્યો છે. આ ગતિ પૃથ્વી પર ઊંડી અસર કરે છે, જે દિવસની લંબાઈ, ભરતીની વર્તણૂક અને સંભવિત રીતે પૃથ્વીના પરિભ્રમણની સ્થિરતાને અસર કરે છે.

ચંદ્રનું દૂર જવાનું કારણ પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું ભરતી બળ છે. જેમ જેમ પૃથ્વી ફરે છે તેમ, તે ચંદ્ર પર ગુરુત્વાકર્ષણ બળનો ઉપયોગ કરે છે, જેના કારણે મહાસાગરોમાં ભરતી ઉછળે છે. પૃથ્વીના પરિભ્રમણને કારણે ચંદ્રથી થોડો આગળ આવેલો આ બલ્જ, ચંદ્રમાં ઊર્જાનું પરિવહન કરે છે, તેને ઊંચી ભ્રમણકક્ષામાં ધકેલે છે અને તેને ખસી જાય છે.

આ પ્રક્રિયા ચંદ્રની રચના પછીથી ચાલી રહી છે, જે લગભગ ૪.૫ અબજ વર્ષો પહેલા મંગળના કદના એક ગ્રહ સાથે વિશાળ અથડામણ પછી થઈ હોવાનું માનવામાં આવે છે. શરૂઆતમાં, ચંદ્ર પૃથ્વીની ખૂબ નજીક હતો, લગભગ ૨૨,૫૦૦ કિમીના અંતરે હતો, જ્યારે અત્યારે અંતર ૩૮૪,૪૦૦ કિમી છે.

ચંદ્રના અંતરની અસરો મહત્વપૂર્ણ છે. સૌથી નોંધપાત્ર અસરો પૈકીની એક એ છે કે પૃથ્વીના દિવસોની લંબાઈ. ભૂસ્તરશાસ્ત્રીય સમય સ્કેલ પર, આના કારણે એક દિવસની અવધિમાં ધીમે ધીમે વધારો થયો છે.



૧.૪ અબજ વર્ષ પહેલાં, પૃથ્વી પર એક દિવસ લગભગ ૧૮ કલાક લાંબો હતો, જ્યારે હવે તે ૨૪ કલાક છે.

દિવસની લંબાઈમાં આ ફેરફાર પૃથ્વી પરના જીવન પર અસર કરે છે, જૈવિક લય અને ઈકોસિસ્ટમને અસર કરે છે.

ચંદ્રનું અંતર પૃથ્વીના અક્ષીય ઝુકાવ પર સંભવિત લાંબા ગાળાની અસરો પણ ધરાવે છે. ચંદ્રનો ગુરુત્વાકર્ષણ પ્રભાવ પૃથ્વીના ઝુકાવને સ્થિર કરવામાં મદદ કરે છે, જે ગ્રહની આબોહવા જાળવવા માટે મહત્વપૂર્ણ છે. ચંદ્રના સ્થિરતા પ્રભાવ વિના, પૃથ્વીનો ઝુકાવ વધુ અલગ રીતે બદલાઈ શકે છે, જે ભારે આબોહવા પરિવર્તન તરફ દોરી જાય છે.

# અસલીની જગ્યાએ ૧૦ કેરેટનો લેબગ્રોવન ડાયમંડ ધાબડી રૂ.૪.૫ કરોડની છેતરપિંડી

## હીરો ખરીદવાના બહાને નજર ચૂકવી નકલી હીરા સાથે તેને બદલી નાખ્યો, પોલીસ ફરિયાદ નોંધાતા તપાસનો ધમધમાટ

અબતક, સુરત : સુરતમાં એક હીરાના વેપારીને ત્યાંથી હીરો ખરીદવાના બહાને એક ઠગે તેનો રૂ.૪.૫ કરોડનો અસલી હીરો નકલી હીરા સાથે બદલી લઈને છેતરપીંડી આચરી હોવાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વેસુ એસ.ડી.જૈન સ્કુલની વેસ્ટર્ન રેસીડેન્સીમાં રહેતી વેપારી શાહે મહિધરપુરા હીરાબજાર એલ.બી. પાસે દેવનિરંજની બિલ્ડિંગમાં કેબિન રાખી હીરાનો ધંધો કરતા હિતેશ મનજ પુરોહીત અને ઈશ્વર સામે ફરિયાદ નોધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, ખોડલ જેમ્સના માલીક યોગેશ કાકલોતરએ રેપનેટ સાઈટ ઉપર જીઆઈ સર્ટીફાઈડ હીરો ૧૦.૮૦ કેરેટ વજનનો ડી કલરનો વીવીએસ ટુ પ્યોરીટીનો જેનો જીઆઈટી ગ્રેડીંગ વાળો હીરો વેચાણ અર્થે મુક્યો હતો. આ હીરો ખરીદવા માટે આરોપી હિતેશ પુરોહીતે દલાલ મારફતે સંપર્ક કર્યો હતો.





ચિરાગભાઈના પુત્ર અક્ષતે ગત તા ૮ જુનના રોજ મૂળ માલિક યોગેશભાઈ પાસેથી હીરો જાગંડ પર હીરો લઈ હિતેશ પુરોહિતને તેની ઓફિસમાં બતાવ્યો હતો. હિતેશે બીજા દિવસે પેમેન્ટ આપાવાની વાત કરતા અક્ષતે ના પાડી હીરો પરત તેના મુળ માલિકને આપી દીધો હતો. જોકે, ત્યારબાદ ૨૫મીના રોજ ફરી દલાલે ફોન કરતા અક્ષત હીરો લઈને હિતેશ આવી વેચાણ કરવા માટે પુરોહિતની ઓફિસે ગયા હતા.

આરોપી હિતેશ પુરોહિતે ભાવતાલ બાબતે વાતચીત કરી સીવીડી ચેક કરાવી હીરો અને સર્ટીફિકેટ માંગી હીરો થોડીવાર જોઈ પોતાના હાથમાં રાખ્યો હતો. હિતેશે અક્ષતને ટોકન પેટે ૧૦ લાખ રૂપિયા આપવાનું કહી હીરો ટેબલ ઉપર મુક્યો હતો અને લોકરમાંથી રૂપિયા લેવા જવાં કહી ઓફિસમાંથી નીકળી ગયો હતો. અક્ષતે ટેબલ ઉપર મૂકેલો હીરો જોતા હીરો બદલાય ગયો હતો. અક્ષત તે હીરો બતાવવા માટે લાવ્યો હતો તેના બદલામાં સીવીડી હીરો હતો અને હીરાની ધારામાં ગ્રેડીંગ નંબર પણ જુદો લખેલો હતો. હિતેશ પુરોહિતે વાતચીત દરમ્યાન નજર ચૂકવી રૂપિયા ૪.૫૫ કરોડની કિંમતનો હીરો લઈ જઈ તેની જગ્યાએ સીવીડી હીરો મૂકી ભાગી ગયો હતો અને અક્ષતે ફોન કરતા તેનો મોબાઈલ પણ બંધ આવતો હતો. પોલીસે ચિરાગભાઈ શાહની ફરિયાદ લઈ હિતેશ પુરોહિત અને ઈશ્વર નામના વ્યકિત સામે ૪.૫૫ કરોડના હીરાની છેતરપિંડીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# ફુડ લાયસન્સ-રજીસ્ટ્રેશનની સુવિધા ઝડપી બનાવવા ગુજરાતમાં શરૂ થશે પાયલોટ પ્રોજેકટ

## ગુજરાત સહિત ચાર રાજ્યોમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડા આ પાઈલોટ પ્રોજેક્ટનો કાલે શુભારંભ કરાવશે

**અબતક, રાજકોટ**

ભારત સરકારની ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્ર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ન્યૂ દિલ્હી દ્વારા ફૂડ સેકટરમાં ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેશને વધુ પ્રોત્સાહન આપવા માટે અને ખાદ્ય પદાર્થના વેપાર સાથે સંકળાયેલા એકમોને તાત્કાલિક ફૂડ લાયસન્સ/ રજીસ્ટ્રેશન ઈસ્યુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણય અંગે માહિતી આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ફૂડ સેક્ટર સાથે જોડાયેલા વેપારીઓની સરળતા માટે નવા ઉપક્રમ અંતર્ગત ગુજરાત રાજ્ય સહિત ચાર રાજ્યોમાં આ પાઈલોટ પ્રોજેક્ટ અમલમાં આવશે. આ પાઈલોટ પ્રોજેક્ટનો શુભારંભ કાલે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડા દ્વારા દિલ્હી ખાતેથી કરાવવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, આ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ફૂડ સેક્ટર સાથે જોડાયેલા વેપારીઓએ યોગ્ય દસ્તાવેજો સાથે www.foscos.fssai.gov.in પર ઓનલાઈન અરજી કરી, ફી ચૂકવવાની રહેશે. ફી ચૂકવ્યા પછી જીએસટી અને આધાર સાથે વેરિફીકેશન થયા બાદ વેપારીઓને તુરંત જ ફૂડ લાઈસન્સ/ રજિસ્ટ્રેશન ઈશ્યુ કરવામાં આવશે. ગુજરાતમાં આ પાઈલોટ પ્રોજેક્ટ અંતર્ગત દરેક જિલ્લાના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર અને મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા તત્કાલ લાયસન્સ/ રજિસ્ટ્રેશન માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.



આ નવી પ્રક્રિયા ફૂડ લાયસન્સ/રજીસ્ટ્રેશનને તુરંત જ મેળવવાની તક આપે છે, જે મંજૂરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો લાવશે.

આ નવી વ્યવસ્થાથી ફૂડ બિઝનેસને તેમની વ્યવસાયિક કામગીરી શરૂ કરવા માટે ઝડપથી સક્ષમ બનાવશે અને સાથે જ તેમની કાર્યક્ષમતામાં પણ વધારો કરશે. ઉપરાંત સરકારની કામગીરીનું ભારણ ઘટશે, સમયનો બચાવ થશે અને સંપૂર્ણ પ્રક્રિયા સંકલિત અને પારદર્શક બનશે.

આ નવી પદ્ધતિમાં ખાદ્યપદાર્થના વેપારકર્તાઓએ નિયત દસ્તાવેજો સાથે જ અરજી કરવાની રહેશે. ખોટા દસ્તાવેજો દર્શાવી આ પ્રકારે લાયસન્સ/ રજીસ્ટ્રેશન મેળવાવાના પ્રયાસો કરતા વેપારીઓને રૂ. ૧૦ લાખ સુધીના દંડની કાર્યવાહી કરવામાં આવશે.

આ નવા અભિગમથી ફૂડ સેક્ટર સાથે જોડાયેલા તમામ ઈમ્પોર્ટર, મરચન્ટ એક્ષપોર્ટર, હોલસેલર, ડિસ્ટ્રીબ્યુટર, રિટેલર, ટ્રાન્સપોર્ટર, સ્ટોરેજ, ફૂડ વેન્ડિંગ એજન્સી, ચા-નાસ્તા વાળા, લારી વાળા અને ડાયરેક્ટ સેલરને લાભ થશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

# કોંગ્રેસે ફરી એક વખત સામ પિત્રોડાને ઈન્ડિયન ઓવરસીઝના અધ્યક્ષ બનાવ્યાં

## અગાઉ વિવાદિત નિવેદનો આપવા બદલ અધ્યક્ષ પદેથી દૂર કરાયા હતા, હવે ફરી નિમણૂંક થતા ભાજપનો વિરોધ

**અબતક, નવી દિલ્હી**

ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ તરીકે સામ પિત્રોડાની પુનઃ નિમણૂક કરવામાં આવી છે.

પાર્ટીના સત્તાવાર નિવેદનમાં જાહેર કરવામાં આવ્યું છે કે પિત્રોડાની નિમણૂક તાત્કાલિક અસરથી કરવામાં આવી છે.

વિવાદિત ટિપ્પણીઓ માટે હંમેશા સમાચારમાં રહેનારા સામ પિત્રોડાએ કહ્યું હતું કે, ભારત જેવા વિવિધતાવાળા દેશમાં દરેક વ્યક્તિ સાથે રહે છે. અહીં પૂર્વ ભારતના લોકો ચીનના લોકો જેવા, પશ્ચિમ ભારતમાં રહેતા આરબો જેવા અને દક્ષિણમાં રહેતા આફ્રિકન લોકો જેવા દેખાય છે. પરંતુ આ હોવા છતાં, અમે બધા હજી પણ સાથે રહીએ છીએ.

પિત્રોડાની આ ટિપ્પણીએ લોકસભાની ચૂંટણી વચ્ચે હોબાળો જોવા મળ્યો હતો. સત્તાધારી ભાજપે કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. જોકે, પાર્ટીએ પિત્રોડાની ટિપ્પણીથી પોતાને દૂર રાખ્યા હતા. ત્યારે જયરામ રમેશે કહ્યું હતું કે સામ પિત્રોડા દ્વારા કરવામાં આવેલી તુલના સૌથી દુર્ભાગ્યપૂર્ણ અને અસ્વીકાર્ય છે.



આવી તો અનેક ટિપ્પણીએ વિવાદ સર્જાયો છે. બીજી તરફ કોંગ્રેસે ફરીથી સામ પિત્રોડાને હોદો આપતા ભાજપે આ મુદ્દો ઉઠાવ્યો છે. ભાજપના નેતાઓનું કહેવુ છે કે કોંગ્રેસે માત્ર ચૂંટણી પૂરતી જ કાર્યવાહી કરી હતી. ચૂંટણી પૂર્ણ થતાં જ તેઓને ફરીથી પાર્ટીમાં સામેલ કરી દેવાયા છે.

# ભારતનું ઝડપથી વિકસતું અર્થતંત્ર વિશ્વ માટે આશિર્વાદરૂપ: રાષ્ટ્રપતિ

## કેન્દ્રની એનડીએ સરકાર દેશના સંતુલિત વિકાસ માટે સક્ષમ અને સફળ ગ્રામ્ય વિકાસમાં ખૂબ જ સારા પરિણામો મળ્યા



**અબતક-રાજકોટ**

વિશ્વની સૌથી મોટી લોકશાહીનું માન ધરાવતા ભારતના પગલાં હવે આર્થિક મહાસત્તા તરફ મકમ પગલે આગળ વધી રહ્યા છે ત્યારે આગામી સમય વિશ્વસ્તરે ભારતની વિકાસ ગાથા ના ઈતિહાસ ના ગુણગાન ગવાશે. આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવા સંસદ ભવનમાં સંયુક્ત સત્રને સંબોધિત કર્યું. આ દરમિયાન રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે ભારત ઝડપથી વિકસતું અર્થતંત્ર છે.

તેમણે કહ્યું કે છ દાયકા બાદ દેશમાં પૂર્ણ બહુમતવાળી સ્થિર સરકાર બની છે. લોકોએ આ સરકારમાં ત્રીજી વખત વિશ્વાસ વ્યક્ત કર્યો છે. લોકો જાણે છે કે આ સરકાર જ તેમની આકાંક્ષાઓ પૂરી કરી શકે છે.

ભારતમાં ગરીબો અને વંચિતોના વિકાસ માટે ખૂબ જ પરિણામદાયિક કાર્યવાહી થઈ રહી છે કેન્દ્રની મોદી સરકાર મહિલા સશકિતકરણ અને કન્યા કેળવણી માટે ખૂબ જ અસરકારક કામગીરી કરી રહી છે

છેલ્લા એક દાયકાથી ગ્રામ્ય વિકાસ માં મહત્તમ પ્રગતિ થઈ છે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુરમુ જીએ જણાવ્યું હતું કે ટેકનોલોજી કૃષિ વિકાસ ની સાથે સાથે સામાજિક સમરસતા અને લોકોના જીવન ધોરણ ઊંચા લાવવા માટે સરકારના પ્રયત્નો અસરકારક પરિણામ આપી રહ્યા છે

નવા સંસદ ભવનનું ઉદઘાટન ગયા વર્ષે ૨૮ મેના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. નવું લોકસભા કેમ્પસ ષટ્કોણ આકારનું છે અને હાલના કેમ્પસને અડીને બનાવવામાં આવ્યું છે. આ બિલ્ડિંગને ૧૫૦ વર્ષથી વધુ સમય માટે ડિઝાઈન કરવામાં આવી છે. તે ભૂકંપ પ્રતિરોધક બનાવવામાં આવ્યું છે અને તેમાં ભારતના વિવિધ ભાગોની સ્થાપત્ય શૈલીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભાવિ સીમાંકનને ધ્યાનમાં રાખીને, લોકસભા અને રાજયસભાની ચેમ્બરમાં વધુ સભ્યો માટે બેઠક જગ્યા છે.બેઠકની ક્ષમતાઃ લોકસભામાં ૮૮૮ સભ્યોની બેઠક ક્ષમતા છે અને રાજયસભામાં ૩૮૪ સભ્યોની બેઠક ક્ષમતા છે.

નવી સંસદ ચાર માળની છે જેમાં મંત્રીઓ માટે અલગ ઓફિસ અને કમિટી રૂમ છે. નવા સંસદ ભવનમાં જ્ઞાન દ્વાર, શકિત દ્વાર અને કર્મ દ્વાર નામના ત્રણ પ્રવેશદ્વાર છે.

ઉલ્લેખનીય છે કે નવી સંસદ ભવન સરકારના સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ હેઠળ આવે છે. નવા સંસદ ભવન સિવાય, સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટમાં અન્ય કેટલીક સરકારી ઈમારતો અને જાહેર જગ્યાઓનું પુનર્નિર્માણ પણ સામેલ છે. આ સમગ્ર પ્રોજેક્ટ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.

સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂ. ૨૦,૦૦૦ કરોડ (ગજ્ર.) હોવાનો અંદાજ છે. ભારતના પ્રગતિના દરેક આયામો સંતુલિત રીતે વિકસિત થઈ રહ્યા છે પ્રશાસન ચૂંટાયેલા પદાધિકારીઓ જનતા જનાર્દન દેશના વિકાસ માટે એક રૂપ થઈને કામ કરી રહ્યા છે તેમણે વિકસિત ભારત ની પ્રગતિ માટે યશભાગી ગળાવ્યા હતા.

# રાજકોટમાં મેઘાવી માહોલ વચ્ચે ઝરમર વરસાદઃ બફારો યથાવત

## સેન્ટ્રલ અને ઈસ્ટ રાજકોટમાં બપોર ૨ વાગ્યા સુધી ૯ મીમી જયારે વેસ્ટમાં ૭ મીમી વરસાદ નોંધાયોઃ શહેરના મોટાભાગના વિસ્તારો સામાન્ય વરસાદમાં પાણી-પાણી





તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**


રાજકોટ શહેરમાં એક સપ્તાહથી મેઘાવી માહોલ અને હુંફાળા તળકા વચ્ચે આજે ઝરમર વરસાદ વરસતા થોડી વાર વાતાવરણમાં ઠંડક થયા બાદ ફરી અસહય બફારો શરુ થતા લોકો ગરમીથી ત્રસ્ત થઈ ગયા હતા.રવિવારે અને સોમવારે વરસાદ વરસ્યા બાદ મંગળવારે માત્ર વાદળો છવાયા હતા જેથી બફારો અનુભવાયો હતો. બુધવારે બપોર સુધી ધૂપછાંવનો માહોલ રહ્યા બાદ બપોર બાદ ઝાપટાં પડ્યા હતા અને દિવસ દરમિયાન ૧૯ મીમી વરસાદ નોંધાયો હતો આ કારણે સાંજના સમયે ટાઢક પ્રસરી હતી. જોકે હવામાન વિભાગે આજે અને કાલ માટે ભારે વરસાદની આગાહી કરી છે. જો કે બપોર બાદ આજે ઝરમર વરસાદ વરશ્યો હતો. સેન્ટ્રલ રાજકોટમાં ૯ મીમી, ઈસ્ટમાં પણ ૯ મીમી જયારે વેસ્ટમાં ૭ મીમી વરસાદ નોંધાયો હતો. ઝરમર વરસાદમાં પણ શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. બુધવારે રાજકોટના ગ્રામ્ય વિસ્તારો ખાસ કરીને ગોંડલ, જેતપુરમાં દોઢથી બે ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જ્યારે રાજકોટ શહેરમાં પણ ૧૯ મીમી વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદની શકયતા છે. દક્ષિણ ગુજરાતમાં તો ૩૦થી ૪૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે. ચોમાસાની સિસ્ટમ સામાન્ય રીતે ૨૦ તારીખ સુધીમાં સૌરાષ્ટ્રમાં આવી જાય છે પણ આ વર્ષે અલ નીનોની અસરના કારણે સિસ્ટમ ધીમી પડી હતી અને હવે આગળ વધી રહી છે. રાજકોટ જિલ્લામાં મેઘરાજાની ધીમા પગલે પધરામણી બાદ છેલ્લા ત્રણેક દિવસથી ડેમમાં નવાં નીરની આવક શરૂ થઈ છે.

છેલ્લા ૨૪ કલાકમાં ગગનની ગોખેથી વરસેલી મેઘ મહેરના પગલે રાજકોટ સિંચાઈ હસ્તકના ન્યારી-૨ ડેમમાં ૧ ફૂટ સહિત કુલ ૯ ડેમમાં નવાં નીરની આવક થયાનું નોંધાયુ છે. જેમાં આજી-૧માં ૦.૧૦, ફોફળમાં ૦.૨૦, મચ્છુ-૨માં ૦.૫૯, બ્રાહ્મણી-૨માં ૦.૧૬, ઘોડાધ્રોઈમાં ૦.૯૮ ફૂટ નવાં નીરની આવક બુધવારે સવાર સુધીમાં નોંધાઈ છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ૨ જુલાઈ સુધીમાં ક્યાંક ક્યાંક છૂટો છવાયો તો ક્યાંક એકધારો વરસાદ ચાલુ જ રહેશે. ત્યારબાદ જુલાઈના પ્રથમ ૧૦ દિવસમાં મુસળધાર વરસાદ પડશે.

# રાજયમાં ૭ હજારથી વધુ શિક્ષકોની ભરતી ટૂંક સમયમાં કરાશેઃ મંત્રી ઋષિકેશ પટેલ

## તાજેતરમાં ૧૫૦૦ જેટલા એચએમએટી પ્રિન્સીપાલની ભરતી રાજયની ગ્રાન્ટ ઈન એડ શાળાઓમાં કરવામાં આવીઃછેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૧૮,૩૮૨ જેટલા શિક્ષકોની કાયમી ભરતી



**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ફરી એકવાર શિક્ષકોની ભરતીને લઈને એક ખુશખબર સામે આવી રહ્યા છે. રાજયના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે ટેટ ભરતી મુદ્દે એક નિવેદન આપીને ઉમેદવારોને ખુશખલા કરી દીધા છે. ઋષિકેશ પટેલે નિવેદન આપતા જણાવ્યું હતું કે સરકારે માધ્યમિક અને હાયર માધ્યમિક ૭૫૦૦ શિક્ષકોને લઈ મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ટેટ ભરતી મુદ્દે ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે સરકારે માધ્યમિક અને હાયર માધ્યમિકમાં ૭૫૦૦ શિક્ષકો ભરતી કરશે. ટેટ ૧ અને ૨ માં સરકારે ભરતી અંગે આયોજન કર્યું છે.

આગામી સમયમાં ભરતી નિયમો પૂરા થતાંની સાથે એ શિક્ષકોની પણ ભરતી કરવામાં આવશે. અગાઉ કેબિનેટ બેઠકમાં થયેલ ચચા[...] સંદર્ભે[...] પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ એ જણાવ્યું હતુ કે, રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી અને ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓમાં આગામી ત્રણ મહિનામાં ૭,૫૦૦ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરાશે. રાજયની ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓમાં ટેટ માધ્યમિક અને ટેટ ઉચ્ચતર માધ્યમિક પાસ ઉમેદવારોની યોગ્યતાના આધારે કસોટી પ્રમાણે કાયમી ભરતી કરાશે. તેમણે વધુમાં કહ્યું કે, ટેટ-૧ અને ટેટ-૨ ઉમેદવારોની પણ ભરતી પ્રક્રિયા હાથ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. માધ્યમિક એટલે કે ધોરણ ૯ અને ધોરણ ૧૦ની સરકારી શાળામાં કુલ ૫૦૦ અને ગ્રાન્ટ-ઈન-એડ શાળામાં ૩,૦૦૦ એમ કુલ ૩૫૦૦ ટેટ-૧ પાસ થયેલ ઉમેદવારોની ભરતી કરાશે. જયારે ઉચ્ચર માધ્યમિક એટલે કે ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ માં સરકારી શાળામાં ૭૫૦ અને ગ્રાન્ટ-ઈન - એડ શાળામાં ૩૨૫૦ એમ મળીને ટેટ-૨ ના કુલ ૪૦૦૦ જેટલા ઉમેદવારોની ભરતી કરાશે. તાજેતરમાં ૧૫૦૦ જેટલા એચએમએટી પ્રિન્સીપાલની ભરતી રાજયની ગ્રાન્ટ ઈન એડ શાળાઓમાં કરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, રાજયમાં છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૧૮,૩૮૨ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવી છે.

# લોસ એન્જેલસ સ્વામિનારાયણ મંદિરે પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીએ નિલકંઠ મહાદેવનો જલાભિષેક કર્યો





બી એ પીએસ સ્વામિનારાયણ મંદિર લોસ એન્જલસ, યુએએસ ખાતે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભગવાન નીલકંઠ વર્ણીની મૂર્તિને પરીવાર સાથે જળાભિષેક કરી. તથા બી એ પીએસ સ્વામિનારાયણ મંદિર લોસ એન્જલસ ખાતે આયોજિત સભામાં હાજરી આપી સંતોના પ્રવચન નો લાભ તેમજ આશીર્વાદ આશીર્વાદ મેળવી ને ધન્યતા અનુભવી હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જગન્નાથ રથયાત્રાની પહિંદવિધિ કરાય

## રથયાત્રામાં ૧૮ ગજરાજો, ૧૦૧ ટ્રકો, ૩૦ અખાડા, ૧૮ ભજન મંડળીઓ, ૩ બેન્ડબાજા વાળા જોડાશે તથા સાધુસંતો અને ભક્તો સાથે ૧૦૦૦થી ૧૨૦૦ જેટલા ખલાસીઓ જોડાશે



**અબતક રાજકોટ**

અમદાવાદમાં રથયાત્રાનો પ્રારંભ ૧૪૭ વર્ષ પહેલા થયો હતો. સૌપ્રથમ ભગવાનની રથયાત્રા બળદગાડામાં નિકળતી હતી. તેમજ જગન્નાથ મંદિરના મહંત નરસિંહદાસજીએ રથયાત્રા શરૂ કરાવી હતી. જેમાં વર્ષ ૧૮૭૮માં અષાઢી બીજના દિવસે પ્રથમ વખત રથયાત્રા નિકળી હતી. ત્યારે નાથની અમદાવાદમાં ૧૮ કિલોમીટરની રથયાત્રાના રૂટ પર અનેક રસપ્રદ પ્રસંગ પણ જોડાયેલા છે. ત્યારે આ ૧૮ કિલોમીટરની રથયાત્રા ના રૂટ માં નીકળશે

રથયાત્રાના રૂટનું મહત્વ

સવારે ૭ વાગે મંદિરથી રથયાત્રાનો પ્રારંભ થશે. જ્યાં ગુજરાતના મુખ્યમંત્રી પહિંદ વિધિ કરવાનું અનેરું મહત્વ હોય છે.

૯ વાગે એએમસી ઓફિસ પાસે પહોંચશે. જ્યાં નગર સેવક તરીકે નગરપતિ એટલે કે મેયર સહિત અન્ય લોકો ભગવાનનું સ્વાગત કરશે.તેમજ ૯.૪૫ વાગે રાયપુર ચકલા જ્યાં નગરજનો આરતી ઉતારી ભગવાનનું સ્વાગત કરશે.

૧૦.૩૦ વાગે ખાડીયા ચાર રસ્તા, જ્યાં ભગવાન જગન્નાથજીનું ધારાસભ્ય ભૂષણ ભટ્ટ સહિત અનેક આગેવાનો રથ પૂજન અને નાથનું પૂજન કરે છે અને ભગવાનને ભેટ અપાય છે.

૧૧.૧૫ વાગે કાલુપુર સર્કલ, જ્યાં વર્ષોથી શિરાના પ્રસાદનું મહત્વ રહેલું છે.અને૧૨ વાગે સરસપુર. જ્યાં ભગવાનનું મોસાળ કહેવાય છે અને અહીંયા ભગવાનનું મામેરુ કરવામાં આવે છે અને થોડીક વાર માટે રથ અહીંયા વિરામ કરે છે.

૧.૩૦ વાગે સરસપુરથી પરત ફરે છે.અને ૨ વાગે કાલુપુર સર્કલ. નિજ મંદિર પરત ફરતા રથોનું પોલીસ પ્રશાસન દ્વારા સ્વાગત કરવામાં આવે છે અને ભક્તોની ભીડ ઉમટી પડતી હોય છે.

૨.૩૦ વાગે. પ્રેમ દરવાજાથી દિલ્હી દરવાજાની વચ્ચે સંવેદનશીલ વિસ્તાર હોવાથી અહીંયા પોલીસનો બંદોબસ્ત પણ વધારી દેવામાં આવે છે, સાથે જ સાંકળી શેરીઓ હોવાથી ખૂબ તકેદારી પણ રાખવામાં આવતી હોય છે. ત્યારે આ વિસ્તારમાં કોમી એકતાનું ઉદાહરણ અને કબૂતર ઉડાડીને મુસ્લિમ સમાજના લોકો પોતાની ભગવાન પ્રત્યેની ભક્તિ દર્શાવતા હોય છે અને દિલીપદાસજીનું સ્વાગત મંદિરના મહંત તરીકે કરતા હોય છે, કહેવામાં આવે છે કે વર્ષોથી આ રથયાત્રાના રૂટમાં અહીંયા પરંપરાગત રીતે નરસિંહદાસજીનું પણ સ્વાગત કરવામાં આવતું હતું

(અનુ. આઠમા પાને)

## દેશની બીજા નંબરની સૌથી મોટી રથયાત્રા

અમદાવાદની રથયાત્રા દેશની બીજા નંબરની સૌથી મોટી રથયાત્રા છે. રથયાત્રામાં ૧૮ ગજરાજો, ૧૦૧ ટ્રકો, ૩૦ અખાડા, ૧૮ ભજન મંડળીઓ, ૩ બેન્ડબાજા વાળા જોડાશે તથા સાધુસંતો અને ભક્તો સાથે ૧૦૦૦થી ૧૨૦૦ જેટલા ખલાસીઓ જોડાશે. રથયાત્રા દરમિયાન ૩૦,૦૦૦ કિલો મગ, ૫૦૦ કિલો જાંબુ, ૫૦૦ કિલો કેરી, ૪૦૦ કિલો કાકડી અને દાડમનો પ્રસાદ ધરાવવામાં આવશે તથા ૨ લાખ ઉપરણા પ્રસાદમાં અપાશે.સીએમ ભૂપેન્દ્ર પટેલ દ્વારા પહિંદવિધિ કરાશે તથા સવારે ૪ વાગે મંગળા આરતીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હાજર રહેશે. સવારે ૫ વાગે જગન્નાથજીના પ્રિય આદિવાસી નૃત્ય અને રસ ગરબા, ભગવાનના પાટા ખોલવાની વિધિ કરવામાં આવશે. સવારે ૫.૪૫ વાગે રથમાં ભગવાનને બિરાજમાન કરવામાં આવશે. સવારે ૭ વાગે રથયાત્રાનો શુભારંભ કરવામાં આવશે.

## રથયાત્રાનો ઈતિહાસ

વર્ષો પહેલાં નીકળવાની રથયાત્રામાં કોમી તોફાનો પણ ફાટી નીકળતા હતા તે દરમિયાન સરયુ દાસ નામના હાથીએ રથયાત્રાનો પ્રતિબંધ છતાં પણ તે સમયે પ્રારંભ કરાવ્યો હતો અને મંદિરનો ગેટ તોડીને રથયાત્રાની પ્રારંભ કરાવ્યો, ત્યારથી ગજરાજોને રથયાત્રામાં પ્રથમ સ્થાન આપવામાં આવે છે અને સમયની સાથે બધું જ બદલાયું અને રંગે ચંગે નગર ચરિયાએ નાથ નીકળતા હોય છે, ત્યારે દરેક જ્ઞાતિના લોકો ખુશીથી આ રથયાત્રાની શુભકામનાઓ મંદિરના મહંતને આપતા હોય છે. સાથે જ મુસ્લિમ વિસ્તારમાંથી આ રથ જયારે પસાર થાય છે ત્યારે ભાઈચારાનો નજારો પણ આ રથયાત્રામાં જોવા મળે છે.

# ડો. બાબાસાહેબ આંબેડકર યુનિ. દ્વારા ટ્રાન્સજેન્ડર વ્યકિતઓને અપાશે નિ:શુલ્ક શિક્ષણ

## ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને મફત શિક્ષણ આપી સમાન તકો આપવા પ્રતિબદ્ધ: વી.સી. અમી ઉપાદયાય





**અબતક, રાજકોટ**

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ઉચ્ચ શિક્ષણ મેળવવા ઈચ્છતા તમામ ટ્રાન્સજેન્ડર વ્યકિતઓને મફત શિક્ષણ પ્રદાન કરવા માટે એક અભૂતપૂર્વ પહેલની જાહેરાત કરતાં ગર્વ અનુભવે છે. આ નોંધપાત્ર પગલું યુનિવર્સિટી દ્વારા બધા માટે સમાન તકો માટેની પ્રતિબધ્ધતાનો એક ભાગ છે. ડિસેમ્બર ૨૦૧૯ થી, બીએઓયુ તેના 'અત્રી' સ્પેશિયલ લર્નર સપોર્ટ સેન્ટર દ્વારા ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને મદદ કરવામાં મોખરે છે. ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને શિક્ષણની સમાન તક મળે તેની ખાતરી કરવા માટે 'અત્રી' કેન્દ્ર વ્યકિતગત આધાર અને સંસાધનો પૂરા પાડે છે. આ કેન્દ્ર શૈક્ષણિક વાતાવરણને ઉત્તેજન આપવા માટે નિમિત્ત બની રહ્યું છે. શૈક્ષણિક સહાય ઉપરાંત, બીએઓય 'તેજ તૃષા' ટેલેન્ટ હન્ટ પ્રોગ્રામ દ્વારા ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓની પ્રતિભાને ઉજાગર કરે છે. આ પ્રોગ્રામ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે વિવિધ કળા અને પ્રદર્શનમાં તેમની પ્રતિભા દર્શાવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે, સમુદાય અને સંબંધની ભાવનાને પ્રોત્સાહન આપે છે. ૨૦૨૧ થી દર વર્ષે, બીએઓય એ ઉત્કૃષ્ટ ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીનું સન્માન કર્યું છે, તેમની સિદ્ધિઓ, સ્થિતિસ્થાપકતા અને યુનિવર્સિટી સમુદાયમાં યોગદાનને માન્યતા આપી છે. વાઈસ ચાન્સેલર પ્રો. (ડો.) અમી ઉપાધ્યાયના દીર્ઘદ્રષ્ટા નેતૃત્વ હેઠળ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને મફત શિક્ષણ આપીને એક પગલું આગળ વધારવાનો નિર્ણય સર્વોચ્ચ સત્તા મંડળ દ્વારા કરવામાં આવે છે. આ પહેલનો ઉદ્દેશ્ય નાણાકીય અવરોધોને દૂર કરી અને ટ્યુશન ફીનાં બોજ વિના ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણિક લક્ષ્યો હાંસલ કરવાની તક પૂરી પાડવાનો છે.

વાઈસ ચાન્સેલર પ્રો.(ડો.) અમી ઉપાધ્યાયે જણાવ્યું, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણની પરિવર્તનશીલ શકિતમાં માને છે. ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને મફત શિક્ષણ આપીને, અમે બધા માટે સમાન તકો પ્રત્યેની અમારી પ્રતિબધ્ધતાને વ્યક્ત કરીએ છીએ. અમે તમામ ટ્રાન્સજેન્ડર વ્યકિતઓને આમંત્રિત કરીએ છીએ જેઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા ઈચ્છે છે અને અમારી સાથે જોડાવા અને ઉજ્જવળ ભવિષ્યનો ભાગ બનવા માટે આમંત્રિત કરીએ છીએ.'' બીએઓય રસ ધરાવતા ટ્રાન્સજેન્ડર વ્યકિતઓને યુનિવર્સિટીની વેબસાઈટની મુલાકાત લેવા અથવા આ નવી પહેલ અને ઉપલબ્ધ વિવિધ સહાયક સેવાઓ વિશે વધુ માહિતી માટે પ્રવેશ કાર્યાલયનો સંપર્ક કરવા પ્રોત્સાહિત કરે છે.

---

### ટાઈપ વન ડાયાબિટીક બાળકો માટે કાર્યરત

# જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશનના ૨૧માં સ્થાપના દિવસે રવિવારે ચેકઅપ -અવરનેશ કેમ્પ

## અબતકની મુલાકાતમાં ફાઉન્ડેશનના આગેવાનોએ કાર્યક્રમની વિગતો આપી ડાયાબિટીસના સારવારની સામગ્રીને ઈમ્પોર્ટ ડ્યુટી જીએસટીમાંથી મુક્તિ આપવા કરી માંગણી



તસવીર: કરન વાડોલિયા

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ડાયાબિટીસ બાળકો માટે ૨૧ વર્ષથી કાર્યરત જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન ડાયાબીટીસ બાળકો માટે આશીર્વાદરૂપ બની રહી છે. સંસ્થાના ૨૧ માં સ્થાપના દિવસે ટાઈપ એક ડાયાબિટીસ બાળકો માટે ચેક અપ અને અવેરનેસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે અબતકની મુલાકાતે આવેલા જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન સંસ્થાપક અપુલભાઈ દોશી અનીશ ભાઈ શાહ રોહિતભાઈ કાનાબાર અજયભાઈ લાખાણી હિતેશભાઈ ગણાત્રા રાહુલભાઈ રાઠોડ પાર્થભાઈ સચદે અને ઋષિલભાઈ દવે એ કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું હતું કે ડાયાબીટીક બાળકોના ઉત્કર્ષ માટે કાર્યરત જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન ના સેવા અભિયાનને ૨૦ વર્ષ પૂરા થયા ને ૨૧માં વર્ષની સ્થાપના થઈ રહી છે ત્યારે ૩૦ જૂન રવિવારે સવારે ૧૦:૦૦ વાગે પ્રમુખસ્વામી હોલ આલાપ ગ્રીન સીટી સામે રહ્યા રોડ રાજકોટ ખાતે ડાયાબિટીકિ બાળકો માટે નિશુલ્ક મેગા ચેકઅપ અને ઓવેરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે

આ સેવા યજ્ઞ માં આશીર્વાદ માટે અને ઉદ્દઘાટક તરીકે વૈષ્ણવ આચાર્ય વ્રજરાજકુમાર ખાસ ઉપસ્થિત રહેશે. સાથે સાથે ડાયાબિટીસ બાળકો અને તેમના પરિવારો ને પ્રોત્સાહન આપવા માટે પ્રસિદ્ધ ક્રિકેટર જયદેવ ભાઈ ઉનટકટ મિસ બ્રાન્ડ ઈન્ડિયા પ્રાચીબેન નાગપાલ અને ફિલ્મ અભિનેત્રી એશ્વર્યાબેન સખુંજા ખાસ ઉપસ્થિત રહેશે.

આ સેવા કાર્યોમાં બાન લેબ્સના મૌલેશભાઈ ઉકાણી, ફાલ્કન પંપ વાળા પ્રભુદાસ પારેખ, ઈસુઝું મોટર ના જગતસિંહ જાડેજા, આરસીસી બેંકના પરસોતમભાઈ પીપળીયા, પ્રશાંત કાસ્ટિંગ વાળા શંભુભાઈ પરસાણા, ધીરુભાઈ સુવાગીયા હરીશભાઈ લાખાણી પરેશભાઈ રૂપારેલીયા પૃથ્વીરાજસિંહ જાડેજા મનીષભાઈ માડેકા જગદીશભાઈ કોટડીયા રાજુભાઈ કોબારુ પુનિતભાઈ ચોવટીયા કિશોરભાઈ ત્રિવેદી અને બાળકોની લાઈફ લાઈન જેવા ડોકટરો નિલેશભાઈ દેત્રોજા ,ડોક્ટર કૌશલભાઈ શેઠ, ડોક્ટર પંકજભાઈ પટેલ, ડોક્ટર તપનભાઈ પારેખ, ડોક્ટર હર્ષભાઈ દુર્ગીયા ડોક્ટર ચેતનભાઈ દવે, ડોક્ટર સાગરભાઈ બરાસરા અને ડોક્ટર ઝલક શાહ ઉપાધ્યાય, ખાસ ઉપસ્થિત રહેશે. જુવેલાઈન ડાયાબિટીસ ફાઉન્ડેશન ના સેવાના અપૂલભાઈ દોશી એ જણાવ્યું હતું કે સંસ્થા ૨૧ વર્ષથી આ સેવા કાર્ય કરી રહી છે ટાઈપ ૧ ડાયાબિટીસ બાળકોને સારવાર અને માર્ગદર્શન આપવાનું કામ થઈ રહ્યું છે ત્યારે ડાયાબિટીસની સારવાર ની કીટ અને સાધન સામગ્રી વિદેશમાંથી આયાત કરવામાં આવતી હોય જો કેન્દ્ર અને રાજ્ય સરકાર ડાયાબિટીસ સારવાર ની કીટ સહિતની વસ્તુઓ ને જીએસટી અને ઈમ્પોર્ટ ડ્યુટી માંથી મુક્તિ આપે તો સારવાર સસ્તી થઈ જાય તેમણે જણાવ્યું હતું કે સરકારે આ તમામ સાધન સામગ્રી બહારથી આયાત જ ન કરવી પડે અને ઘર આંગણે ઉત્પાદન થાય તે માટે પ્રોત્સાહન આપવું જોઈએ.

---

### જીસીસીઆઈ આયોજીત

# ગોકુલમ વેબિનાર સિરીઝમાં 'કાઉ ટુરીઝમ' પર ડો.લીના ગુપ્તા દ્વારા અપાયું માર્ગદર્શન



**અબતક, રાજકોટ**

મગૌ કુલમ વેબીનાર સિરીઝ ગૌ જાગૃતિ અને ગૌ ઈકોનોમી દ્વારા સામાજિક-આર્થિક વૃદ્ધિ માટેની તકોને હાઈલાઈટ કરે છે. રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ અને જીસીસીઆઈ ના ફાઉન્ડર ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરિયાના માર્ગદર્શન હેઠળ જીસીસીઆઈ દ્વારા કાઉ ટુરીઝમ વિષયની વધુ સમજણ અને ઉપયોગને પ્રોત્સાહન આપવાના પ્રયાસરૂપે, તા.૨૬-૬ બુધવાર ના રોજ ડો. લીના ગુપ્તાના વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્તમાનમાં તેઓ કોન્ફીડેરેશન ઓફ કાઉ બ્લેસ ઈન્ડસ્ટ્રીઝમાં કાઉ ટુરીઝમ વિભાગના ચેરમેન તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે. તેઓએ જણાવ્યુ હતું કે કાઉ ટુરીઝમ કેન્દ્રો સાંસ્કૃતિક વારસાના ભંડાર તરીકે સેવા આપી શકે છે, પ્રાચીન પ્રથાઓ અને પશુપાલન સંબંધિત જ્ઞાનની જાળવણી આપે છે. મુલાકાતીઓને અ-૨ દૂધ પીવડાવવા, ગૌ આધારિત ખેત ઉત્પાદનો ખવડાવવા અને સ્વદેશી ગૌ જાતિઓ વિશે શીખવા જેવા અનુભવો આપીને, આ કેન્દ્રો સાંસ્કૃતિક ગૌરવ અને સમજણને પ્રોત્સાહન આપવામાં ફાળો આપે છે.

ગ્રામીણ અર્થવ્યવસ્થાઓમાં કાઉ ટુરીઝમ કેન્દ્રોની આર્થિક સંભાવનાને પ્રકાશિત કરી. કૃષિ ઉત્પાદન ઉપરાંત, આ કેન્દ્રો પ્રવાસન પ્રવૃત્તિઓ, હોસ્પિટાલિટી સેવાઓ અને ડેરી ઉત્પાદનો અને હસ્તકલાના વેચાણ દ્વારા આવક પેદા કરે છે. આવી પહેલો માત્ર સ્થાનિક સ્તરે જ નોકરીઓનું સર્જન કરતું નથી પરંતુ સમગ્ર પ્રાદેશિક વિકાસમાં પણ યોગદાન આપે છે.

ટકાઉ ગ્રામીણ વિકાસ અને સાંસ્કૃતિક જાળવણીના પ્રયાસોના અભિન્ન ઘટકો તરીકે કાઉ ટુરીઝમ કેન્દ્રોના વિકાસને ઓળખવા અને સમર્થન આપવા નીતિ નિર્માતાઓ, રોકાણકારો અને સમુદાયો સહિતના હિસ્સેદારો માટે પગલાં લેવાના આહ્વાન કર્યું હતું.

વેબીનારના અંતમાં રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ અને જીસીસીઆઈના ફાઉન્ડર ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરિયાના માર્ગદર્શન આપ્યું હતું અને જણાવ્યુ

(અનુ. આઠમા પાને)

---

# વિશ્વ શાંતિ કેન્દ્ર વૈશ્વિક સંઘર્ષોનાં ઉકેલની દિશામાં મહત્વપૂર્ણ પગલું: આચાર્ય લોકેશજી

## આચાર્ય લોકેશજીનાં નેતૃત્વમાં અમેરિકામાં વિશ્વ શાંતિ કેન્દ્રની સ્થાપના કરાશે





**અબતક, રાજકોટ**

શાંતિ રાજદૂત જૈન આચાર્ય લોકેશજીએ ન્યુ જર્સીમાં 'વર્લ્ડ પીસ સેન્ટર'ની સ્થાપનાની જાહેરાત કરી હતી, જેનો ઉદ્દેશ્ય શાંતિ રાજદૂતોની તાલીમ સહિત વિવિધ માધ્યમો દ્વારા વૈશ્વિક શાંતિને પ્રોત્સાહન આપવાનો છે.

વિશ્વ વિખ્યાત જૈન આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે ન્યુ જર્સીમાં વર્લ્ડ પીસ સેન્ટરની સ્થાપના એ એક પ્લેટફોર્મ હશે જ્યાંથી વૈશ્વિક સંઘર્ષોને સંબોધિત કરી શકાય છે, જે વિશ્વ શાંતિ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. ભલે તે યુક્રેનમાં ચાલી રહેલ યુદ્ધ હોય કે ઈઝરાયેલ-પેલેસ્ટાઈન સંઘર્ષ, તેનો ઉદ્દેશ્ય હિંસા વધે તે પહેલા વિરોધાભાસી પક્ષોને વાતચીત માટે સામસામે લાવવાનો છે.

ન્યુ જર્સીમાં વર્લ્ડ પીસ સેન્ટર માટે જમીન પસંદ કરવામાં આવી છે. આ આવું બીજું 'વિશ્વ શાંતિ કેન્દ્ર' હશે, જેમાં આ વર્ષના અંતમાં નવી દિલ્હીમાં પ્રથમ 'વિશ્વ શાંતિ કેન્દ્ર'નું ઉદઘાટન થશે.

વિશ્વ શાંતિ કેન્દ્રમાં શાંતિ શિક્ષણ અને તાલીમ, ધ્યાન અને યોગ દ્વારા વ્યકિતત્વ નિર્માણ, મહિલા સશક્તિકરણ, બાળકો અને યુવાનોનું સંસ્કૃતિ નિર્માણ, પર્યાવરણ સંરક્ષણ વગેરે માટે ભારતીય સંસ્કૃતિ અને જૈન જીવનશૈલી વગેરે પર આધારિત કાર્યક્રમો યોજવામાં આવશે.આ પ્રસંગે વિશ્વ શાંતિ કેન્દ્રની સ્થાપના માટે કામ કરતી અનેક પ્રતિષ્ઠિત હસ્તીઓ હાજર રહી હતી.

---

# પેરિસ ઓલિમ્પિક મહોત્સવમાં નિતા અંબાણીનું ઈન્ડિયા હાઉસ ભારતીય ખેલાડીને હરણફાળ ભરાવશે

## ઈન્ડિયા હાઉસ એથ્લીટસ ચાહકો માટે ઘરથી દુરનું એક ઘર બની રહેશે અને વિશ્વને ભારતની ઝાંખી કરાવશે

**અબતક, રાજકોટ**

આગામી મહિને પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિક્સમાં અનેક ઘટનાઓ પહેલી વખત બનશે, પરંતુ ભારત માટે જે સૌથી વધુ મહત્વ ધરાવે છે તે પહેલ છે ઓલિમ્પિક ગેમ્સ ખાતે તેનું સૌપ્રથમ કન્ટ્રી હાઉસ એટલે - ઈન્ડિયા હાઉસ. રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (આઈ.ઓ.એ.) સાથેની ભાગીદારીના ભાગરૂપે પરિકલ્પનાકૃત કરાયેલું ઈન્ડિયા હાઉસ આપણા દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક અને રમતગમતના વારસાની ઉજવણી સમાન રહેશે. તે ભારતના ભવ્ય ભૂતકાળ, વૈવિધ્યપૂર્ણ વર્તમાન અને રોમાંચકારી ભવિષ્યનીસાથે ટેક્નોલોજી અને ડિજિટલાઈઝેશન ક્ષેત્રની પ્રગતિની ઝાંખી કરાવશે. વિશ્વભરના રમતવીરો, મહાનુભાવો અને રમતપ્રેમીઓ માટે પોતાના દ્વાર ખોલવાઈન્ડિયા હાઉસ સજ્જ થઈ રહ્યું છે, ત્યારે તે એકતા, વિવિધતા અને શ્રેષ્ઠતાની ભાવનાને મૂર્તિમંત કરશે, જે ભારતીય સંસ્કારોને વ્યાખ્યાયિત કરે છે.

ઈન્ડિયા હાઉસના મહત્વ વિશે ઉલ્લેખ કરતાઆઈઓસીના સભ્ય અને રિલાયન્સ ફાઉન્ડેશનના ફાઉન્ડર તથા ચેરપર્સન નીતા એમ. અંબાણીએ જણાવ્યું હતું કે, પેરિસ ઓલિમ્પિક ગેમ્સ ખાતે સૌપ્રથમ વખત સ્થપાનારા ઈન્ડિયા હાઉસની ઘોષણા કરતાં હું અત્યંત આનંદ અને રોમાંચ અનુભવું છું. ગતવર્ષે ભારતમાં ૪૦ વર્ષમાં પ્રથમ વખત યોજાયેલું આઈ.ઓ.સી. સત્ર, અનેઆપણી ઓલમ્પિક સફરમાં એક મહત્ત્વનું સીમા ચિહ્ન હતું.




અમે ઈન્ડિયા હાઉસને લોંચ કરવા સાથે આ ગતિને જાળવી રાખવાનો આનંદ અનુભવીએ છીએ -આ એક એવું સ્થળ હશે જ્યાં આપણે આપણા એથલીટ્સને વધાવીશું,આપણી જીતની ઉજવણી કરીશું, આપણી વાતો એકબીજાને કહીશું અને ભારતમાં વિશ્વનું સ્વાગત કરીશું.

તેમણે ઉમેર્યું હતું કે, ''આપણે ખરેખર આશા રાખીએ છીએ કે ઈન્ડિયા હાઉસ એ ઓલિમ્પિક મૂવમેન્ટને ભારતમાં લાવવાના ૧.૪ અબજ ભારતીયોના સહિયારા સ્વપનને સાકાર કરવાની દિશામાંનું વધુ એક કદમ બની રહેશે!

**ભારતીય સંસ્કૃતિ અને વારસાની ઝાંખી:**

આઈકોનિક પાર્ક ડે લા વિલે સ્થિત અનેવર્ષ ૨૦૨૪ના સમગ્ર ઉનાળા દરમિયાન પાર્ક ઓફ નેશન્સ તરીકે પણ કાર્યરત રહેનારું ઈન્ડિયા હાઉસ એ નેધરલેન્ડ, કેનેડા, બ્રાઝિલ અને યજમાન ફ્રાન્સ જેવા વિશ્વભરના ૧૪ કન્ટ્રી હાઉસમાંનું એક હશે.



ઈન્ડિયા હાઉસ ભારતની પ્રતિભા, ક્ષમતા અને મહત્વાકાંક્ષાની ઝલક પૂરી પાડવાનું વચન આપે છે. આ માટે તે ચાહકોને પોતાની સંસ્કૃતિથી માંડીને કળા અને રમતગમત, યોગ, હસ્તકળા, સંગીત અને ભારતીય નૃત્યવૃંદની કૃતિઓ જેવી આનંદદાયકઅનુભૂતિમાં ગરકાવ થવાની તક પૂરી પાડશે.

**ભારતીય એથ્લીટ્સ અને ચાહકો માટે ઘરથી દૂરનું એક ઘર**

ઈન્ડિયા હાઉસનો હેતુ દેશના સહભાગી એથ્લીટ્સને ઘરથી દૂરનું એક ઘરબનવાનો અને ભારતની જીત તથા મેડલ પ્રાપ્તિની ઉજવણી કરવાનો છે. તે મુલાકાતીઓ માટે રમતગમત માંધાતાઓ સાથે વાર્તાલાપ કરવાનું સ્થળ પણ બની રહેશે અને જકડી રાખનારી ઈવેન્ટ્સ દ્વારા મિત્રો સાથે મહત્વની ઈવેન્ટ્સ જોવા માટેનું સ્થળ પણ બની રહેશે કારણ કે તે તમામ દેશોના મીડિયા અને ચાહકો માટે ખુલ્લું રહેશે. ઈન્ડિયા હાઉસ ખાતે ભારતમાં ઓલિમ્પિક ગેમ્સ માટે એક્સક્લુઝિવ મીડિયા રાઈટ્સધારક વાયકોમ૧૮ સાથેની ભાગીદારીમાં ખાસ ભારતીય ઈવેન્ટ્સની વોચ પાર્ટીઝ યોજાશે.

**ભારતની ઓલિમ્પિક સફર અને મહત્વાકાંક્ષાની ઉજવણી:**

આ ઈન્ડિયા હાઉસ ૧૯૨૦માં આઈઓએના નેજા હેઠળ ભારતે પ્રથમ વખત ઓલિમ્પિક રમતોમાં ભાગ લીધો ત્યારથી અત્યાર સુધીના પૂર્ણ કરેલા ૧૦૦ વર્ષની ઉજવણી કરશે. તેના થકી રમતગમતની દુનિયામાં પ્રબળ દાવેદાર તરીકે ભારતની ઉત્ક્રાંતિની પ્રતિતિ થાય છે અને ઓલિમ્પિક મૂવમેન્ટ પ્રત્યે રાષ્ટ્રની અતૂટ પ્રતિબદ્ધતા અને ભાવિ ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવાની મહત્વાકાંક્ષાને

(અનુ. આઠમા પાને)

## સરકારી કર્મચારીઓની મારામારી ટોક ઓફ ધ ટાઉન બની

# બહુમાળી ભવનમાં કર્મચારીઓ વચ્ચે નજીવી બાબતે બઘડાટી

## ડિઝાસ્ટર મેનેજમેન્ટનો ઓર્ડર લઇ જવા બાબતે ક્લાર્ક બાખડ્યા

## જુનિયર ક્લાર્કના બહેન અને જીએસટી વિભાગના મહિલા ઈન્સ્પેક્ટર સહિત ચારને ઈજા

## પ્રધ્યુમનનગર પોલીસે સામ-સામે એક મહિલા સહિત છ વિરૂદ્ધ ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

શહેરના બહુમાળી ભવનમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેનો ઓર્ડર લઈ જવા બાબતે સરકારી કર્મચારીઓ વચ્ચે શરૂ થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા બે સિનિયર ક્લાર્ક, એક જુનિયર ક્લાર્ક અને જીએસટી વિભાગના મહિલા ટેક્સ ઈન્સ્પેક્ટરને ઈજા પહોંચતા તમામ સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે દાખલ થયાં હતા. બનાવના પગલે પ્ર.નગર પોલીસે સામ-સામે છ શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર બહુમાળીમાં સિંચાઈ વિભાગ હેઠળની ઈરીગેશન કચેરી દાદાગીરીનું ઘર બની ગયું હોઈ તેમ ગત રોજના બનાવ ઉપરથી લાગી રહ્યું છે. કચેરીમાં ફરજ બજાવતા બે સિનિયર ક્લાર્ક ભાઈઓએ જુનિયર કર્મચારીને ગાળોભાંડી ટ્યુબલાઈટના હોલ્ડર વડે માર મારતા તેને છોડાવવા માટે વચ્ચે પડેલા અને જી.એસ.ટી. કચેરીમાં સેલ્સ ટેક્સ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા તેમના બહેનને પણ ઢીકાપાટુનો મારમારી ચશ્માં તોડી નાખી તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જયારે સામાપક્ષે બે સિનિયર ક્લાર્ક ભાઈઓએ જીએસટી વિભાગના ઈન્સ્પેક્ટર અને જુનિયર ક્લાર્ક સહીત કુલ ૪ કર્મચારીઓ વિરુદ્ધ ગાળો આપી, ઝપાઝપી કરી માર મારી ઈજા પહોંચાડ્યાની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સરકારી કચેરીમાં જ સરકારી કર્મચારીઓની મારામારીનો બનાવ બહુમાળી ભવનમાં ટોપ ઓફ ધી ટાઉન બન્યો છે.

બનાવ અંગે શ્રોફ રોડ પર આવેલા સરકારી ક્વાર્ટરમાં રહેતા અને બહુમાળી ભવનમાં આવેલી જીએસટી ઓફિસમાં સેલ્સ ટેક્સ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા નિરાલીબેન કિશોરભાઈ પાડલીયા (ઉ.વ.૨૬)ના એ પ્ર.નગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં બહુમાળી ભવનમાં આવેલી ઈરીગેશન વિભાગની કચેરીમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા શિવરાજસિંહ શૈલેન્દ્રસિંહ જાડેજા અને તેના ભાઈ સિધ્ધરાજસિંહ શૈલેન્દ્રસિંહ જાડેજા સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું છે કે, નાનો ભાઈ શિવમ (ઉ.વ.૨૮) બહુમાળી ભવનમાં ઈરીગેશન વિભાગમાં નોકરી કરે છે. ગઈકાલે લંચ સમયે હું અને મારો ભાઈ શિવમ ઘરે જમતા હતા ત્યારે તેના ફોનમાં તેની ઓફિસમાં ફરજ બજાવતા સિનિયર ક્લાર્ક શિવરાજસિંહનો ફોન આવ્યો હતો અને ફોનમાં જેમ ફાવે તેમ ગાળો આપવા લાગતા મારો ભાઈ શિવમ તાત્કાલિક ઓફિસે પહોંચી ગયો હતો આથી કંઈક બન્યું હોવાનું લાગતા હું પણ પાછળ ઓફિસે પહોંચતા ત્યાં શિવરાજસિંહ અને બીજા માણસોનો ટોળું હતું અને શિવરાજસિંહ મારા ભાઈ શિવમને ધમકાવતા હતા આથી મેં ત્યાં જઈ શું વાત છે, શાંતિથી વાત કરો તેમ કહેતા ત્યાં જ સિનિયર ક્લર્ક તરીકે નોકરી કરતા શિવરાજસિંહના ભાઈ સિધ્ધરાજ પણ ત્યાં આવી બંને મારા ભાઈ સાથે ગેર વર્તન કરી હાથમાં રહેલા ટ્યુબલાઈટનું હોલ્ડર વડે મારાભાઈને મારમારવા લાગતા હું છોડાવવા વચ્ચે પડતા મને પણ ઢીકાપાટુનો મારમારી મારા ચશ્માં તોડી નાખ્યા હતા. અને ધમકી આપી ઝપાઝપી કરવા લાગ્યા હતા. જેમાં આંખ ઉપર મને મુક્કો લાગી જતા આંખના ઉપરના ભાગે ઈજા થઈ હતી. બનાવની જાણ મારા ભાઈ શિવમએ તેના ઉપરી કાર્યપાલક ઈજનેરને ફોન કરીને કરતા એન.વી.ચાવ ત્યાં આવી ગયા હતા અને મારા ભાઈના મિત્રો સહિતનાએ ઝગડામાંથી છોડાવ્યા હતા. મારામારીનો વિડીયો મારા ફોનમાં મેં રેકોર્ડ કર્યો હતો એ વિડીયો પણ શિવરાજસિંહ અને સિધ્ધરાજસિંહએ ડીલીટ કરવાનો પ્રયાસ કર્યો હતો. બનાવ અંગે શિવમએ આક્ષેપો કર્યો હતો કે, અમારો ડિઝાસ્ટરનો ઓર્ડર થયો હોઈ એ લેવા મુખ્ય કચેરીમાં હું અને મારો મિત્ર લેવા ગયા હતા ત્યારે ફરજ પરના કર્મચારીએ સિનિયર ક્લર્ક શિવરાજસિંહ આવે પછી આપવાનું કહેતા મેં ઓર્ડર ઓફિસમાં મોકલી આપવા કહી અમે ગયા હતા જે બાદ હું ઘરે હતો ત્યારે મને શિવરાજસિંહનો અન્ય સ્ટાફના ફોનમાંથી ફોન આવ્યો હતો અને તને કાંઈ હવા આવી ગઈ છે ? કહી ગાળાગાળી કરવા લાગ્યા હતા. બનાવ અંગે પોલીસે શિવરાજસિંહ શૈલેન્દ્રસિંહ જાડેજા અને તેના ભાઈ સિધ્ધરાજસિંહ શૈલેન્દ્રસિંહ જાડેજા સામે આઈપીસી ૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સિનિયર ક્લાર્ક શિવરાજસિંહ જાડેજાની વળતી ફરિયાદ

ઘટનામાં સિંચાઈ વિભાગમાં સિનિયર ક્લાર્ક તરીકે નોકરી કરતા શિવરાજસિંહ શૈલેન્દ્રસિંહ જાડેજાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૨૬ જૂનના રોજ શિવમ પાડલીયા અમે અભિષેક ટાંકને તેમની કચેરી માટે આવેલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ બાબતનો ઓર્ડર આવેલ હોય તે લઈ જણાવેલ હતું. તેઓ ઓર્ડર લેવા આવશે તેથી ફરિયાદીએ રાહ જોયા બાદ તેઓ આવ્યા ન હતા. જે બાદ બપોરના અઢી વાગ્યાં આસપાસ તેમના આસિસ્ટન્ટએ જણાવેલ કે શિવમ પાડલીયાએ એવુ જણાવેલ છે કે, શિવરાજસિંહને કહેજો કે મારો ઓર્ડર મારી ઓફિસના મોકલી આપે. જે બાદ ફરિયાદીએ અંકિત જોબનપુત્રાના ફોનમાંથી ફોન કરી શિવમ પાડલીયાને ઓર્ડર રૂબરૂ લઈ જવા અથવા કોઈને મોકલી મંગાવી લેવા જણાવતા તેમણે ફોન કાપી નાખેલ હતો. જે બાદ શિવરાજસિંહ જાડેજા પોતે ઓર્ડર લસીને શિવમ પાડલીયાની સિંચાઈ વિભાગમાં આવેલી ઓફિસ ખાતે ગયાં હતા અને ઓર્ડર રૂબરૂ લેવા આવવા બાબતે સમજાવવા હતા શિવમ પાડલીયા અને જીએસટી વિભાગમાં સેલ્સ વિભાગના ટેક્સ ઈન્સ્પેક્ટર નિરાલી પાડલીયાએ ઝઘડો શરૂ કરી દીધો હતો. દરમિયાન ફરિયાદીના ભાઈ સિદ્ધરાજસિંહ કે જે સિંચાઈ વિભાગમાં જ સિનિયર ક્લાર્ક તરીકે નોકરી કરે છે તેઓ પણ ત્યાં આવી પહોંચ્યા હતા. ત્યારે શિવમ અને નિરાલી પાડલીયાએ ઝપાઝપી કરતા શિવરાજસિંહને માથા, ચહેરા અને છાતીના ભાગે ઈજા પહોંચી હતી જયારે સિદ્ધરાજસિંહને ચહેરા અને જમણા હાથે ઈજા પહોંચતા બંને સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે પહોચ્યા હતા.

# ગોમટા સ્વયંભૂ હનુમાનજી મંદિરે દાતાઓનો સન્માન સમારોહ યોજાયો

**અબતક, રાજકોટ**



સંસ્કારભીનુ સમૃધ્ધ ગામ એટલે ગોમટા ગામ, ગોમટા ગામમાં બિરાજમાન શ્રી સ્વયંભુ હનુમાનજી મંદિર - ગોમટાનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા.૨૩-૪-૨૦૨૪ ને મંગળવારના રોજ આયોજન કરવામાં આવેલ. આ શુભ પ્રસંગે બટુક ભોજનનું પણ આયોજન કરવામા આવેલ, ત્યાર બાદ સમાજ શ્રેષ્ઠી અતિથીઓ તેમજ યશસ્વી દાતાઓનો સન્માન કાર્યક્રમ તેમજ ભોજન પ્રસાદનું ભવ્યાતિભવ્ય આયોજન તા.૮-૬-૨૦૨૪ ને શનિવારના રોજ મંદિરે કરવામાં આવેલ.

સામુહિક આરતી તથા દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ. શ્રી સ્વયંભુ હનુમાનજી મંદિર ગોમટા આયોજન સમિતીના જેન્તીભાઈ શામજીભાઈ પાનસરાએ મહેમાનોનું શાબ્દિક અભિવાદન કરેલ, સદ્ વિદ્યાધામ સ્વામિનારાયણ મંદિર-વિરપુર (જલારામ) શાસ્ત્રી નિર્મળદાસજી સ્વામીએ દાતાઓના સન્માન કાર્યક્રમમાં બહેનોની ભાગીદારી અને પારિવારીક ભાવનાને મજબુત બનાવવા અર્થે ભાવ સભર રજુ કરેલ. મંદિર વિશે પ્રેરક પ્રવચન આપેલ અને પરિવારમાં વડિલોનાં મહત્વ વિશે પોતાના વિચારો વ્યક્ત કરેલ.

મંદિરના મુખ્ય દાતા કાનજીભાઈ દેવજીભાઈ ભાણવડીયાએ યોગદાન આપીને ભાણવડીયા પરિવારનું ગૌરવ વધારેલ છે. આ કાર્યક્રમમાં તમામ દાતાઓનો સન્માન શાસ્ત્રી નિર્મળદાસજી સ્વામીના હસ્તે સન્માનિત કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં ગોમટા ગામના આગેવાનો, સંસ્થાઓના હોદેદારો તેમજ ભાઈઓ-બહેનો હાજર રહેલ. કાર્યક્રમનું સફળ સંચાલન આયોજન સમિતી ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી તેમજ કાર્યક્રમનો આભાર દર્શન આયોજક સમિતીના લલીતભાઈ વિનોદરાય ભાણવડીયા દ્વારા કરવામાં આવેલ.

# સિવિલ હોસ્પિટલમાં તબીબના બાઈક અને બેટરીની તસ્કરી

## સિવિલની સિક્યુરિટી નિવૃત્ત આર્મીમેનને હવાલે કરાયા બાદ ચોરીનો સીલસીલો યથાવત

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટ ખાતે આવેલી સિવિલ હોસ્પિટલ કોઈ ના કોઈ મુદ્દે વિવાદ નો છેડો મૂકતો નથી જેમાં તબીબો સાથે દર્દીઓના સગાઓની માથાકૂટ અને મોબાઈલ ચોરી સહિતની ઘટનાને પગલે સિવિલ સત્તાવાળા દ્વારા નિવૃત આર્મી મેનને સિક્યુરિટી સોંપવામાં આવી છે. ત્યારે તસ્કરોએ તબીબી નું બાઈક હંકારીને લઈ ગયાની ફરિયાદ નોંધાવી છે. જ્યારે પોલીસ ચોકીની નજીક થી ત્રણ બેટરી ચોરી ગયા અંગેનું જાણવા મળ્યું છે. પ્રદ્યુમનનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ મૂળ ચોટીલા તાલુકાના મોટી મોલડી ગામના વતની અને હાલ આજીડેમ ચોકડી નજીક માંડાડુંગર પાસે શિવ પાર્ક નજીક બાલાજી કોમ્પલેક્ષ વાળી શેરીમાં રહેતા અને સિવિલ હોસ્પિટલમાં એનેસ્થીસીયા વિભાગમાં ફરજ બજાવતા ડો.ભાવેશભાઈ સોમાભાઈ સંઘાણીએ બાઈક ચોરીની ફરિયાદ નોંધાવી છે. ગત તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ સવારના આઠેક વાગ્યાની આસપાસ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં નોકરી પર ગયેલ. ત્યારે સીવિલ હોસ્પીટલના ટ્રોમા સેન્ટર પાસે પાર્કીંગમાં બાઈક પાર્ક કર્યું હતું. બાદ નોકરી પુર્ણ થતાં રાત્રીના સાતેક વાગ્યાની આસપાસ હું પાર્કિંગમાં બાઈક લેવાં ગયેલ ત્યારે મારું બાઈક ક્યાંય મળી આવેલ નહિ. અને બાઈક ચોરી થયેલ હોવાનું માલુમ પડ્યું હતું. બાદ ડો.ભાવેશભાઈ સંઘાણીએ બાઈક ચોરીની ફરિયાદ પ્રદ્યુમન પોલીસ મથકમાં નોંધાવી હતી. પોલીસે હોસ્પિટલના સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરનું પગેરું દબાવ્યું છે. જ્યારે નાના મવા મેઈન રોડ નજીક જયભીમ નગરમાં રહેતા આકાશ ગોવિંદભાઈ પરમાર નામના ૨૬ વર્ષ વિદ્યાર્થી નો મોબાઈલ અજાણ્યા શખ્સ ચોરી કરી ગયા અંગેની તાલુકો પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# કુવાડવા જીઆઈડીડી નજીકથી ૧૬૮ બોટલ દારૂ સાથે એક શખ્સને પકડી પાડતી ક્રાઈમ બ્રાન્ચ

## પોલીસે ઓવરબ્રિજ પરથી હોન્ડા સીટી કારમાં દારૂ ભરી નીકળેલા લિસ્ટેડ બુટલેગર અરબાઝ શેખને ઝડપી લીધો



**અબતક, રાજકોટ**

શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે કુવાડવા જીઆઈડીસી પાસેના ઓવરબ્રિજ પરથી હોન્ડા સીટી કારમાંથી વિદેશી દારૂની ૧૬૮ બોટલ સહીત રૂ. ૩.૬૪ લાખના મુદ્દામાલ સાથે મલિસ્ટેડ બુટલેગરને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી આરંભી છે. પ્રાપ્ત વિગત અનુસાર શહેરમાંથી દારૂ અને જુગારની બદી ડામવાની પોલીસ કમિશ્નર બ્રજેશ ઝાની સૂચના બાદ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શનમાં પીએસઆઈ ડી સી સાકરીયા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે પોલીસ કોન્સ્ટેબલ સંજય દાફડા, વિજય મેતા અને કુલદીપસિંહ જાડેજાને સંયુક્ત રીતે મળેલી બાતમીને આધારે કુવાડવા જીઆઈડીસી પાસે આવેલ ઓવરબ્રિજ પર હોન્ડા સીટી કારને અટકાવી જડતી લેવામાં આવી હતી.

ત્યારે હોન્ડા સીટી કારનથી ભારતીય બનાવટની ગ્રીન લેબલ વિદેશી દારૂની ૧૬૮ બોટલ કિંમત રૂમ ૫૭,૧૨૦ ઝડપાઈ હતી. ક્રાઈમ બ્રાન્ચે વિદેશી દારૂની બોટલ, હોન્ડા સીટી કાર અને મોબાઈલ ફોન સહીત કુલ રૂ. ૩,૬૪,૧૨૦નો મુદ્દામાલ કબ્જે કરી અરબાઝ જાકીરભાઈ શેખની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય બાબત છે કે, ઝડપાયેલા આરોપી વિરુદ્ધ અગાઉ પણ શહેરના ડીસીબી અને યુનિવર્સીટી પોલીસ મથકમાં દારૂના ગુના દાખલ થયાં હોવાનું જાણવા મળ્યું છે.

# એસ.કે. ચોક પાસેથી લક્ષ્મીવાડીનો વોન્ટેડ બુટલેગર ઝડપાયો

## દારૂના નવ સહિત ૧૪ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકયો

**અબતક, રાજકોટ**

શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેવા હેતુ સાથે ગુનાખોરી કરી નાશતા ફરતા શખ્સોને ઝડપી લેવા પોલીસ કમિશ્નર બ્રજેશ ઝાએ આપેલી સુચનાને પગલે એલસીબી ઝોન-૨ ના પીએસઆઈ આર.એચ. ઝાલા સહીતના સ્ટાફે પેટ્રોલીંગ હાથ ધર્યુ હતું. ત્યારે લક્ષ્મીવાડી કવાર્ટર નં.૬૦ માં રહેતો પ્રશાંત ઉર્ફે પસો કિશોર નામના શખ્સ ગાંધીગ્રામ અને ભકિતનગર પોલીસ મથકના



ચોપડે વોન્ટેડ હોવાની ગાંધીધામ વિસ્તારમાં એસ.કે. ચોક માં શંકાસ્પદ હાલતમાં હોવાની હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા અને જેન્તીગીરી ગોસ્વામીને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી પ્રશાંત ઉર્ફે પસો પરમારની અટકાયત કરી પ્રાથમિક તપાસમાં ઝડપાયેલા પ્રશાંત ઉર્ફે પસો કિશોર સામે સાત દારૂના મળી ૧૨ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકયો છે. છેલ્લા બે વર્ષથી પોતાના મામાના ઘરે રોકાયો હતો. ત્યાં બંગડી કામની મજુરી કામ કરતો હતો. ગાંધીગ્રામ અને ભકિતનગર પોલીસ મથકના સ્ટાફ દ્વારા કબ્જો સંભાળી વિશેષ તપાસ હાથ ધરી છે.

## ટુ વ્હીલર માટે જીજે ૦૩ એનપી સિરીઝના ગોલ્ડન-સિલ્વર નંબરોનું બુધવારે ઓનલાઈન રી-ઓક્શન

**અબતક રાજકોટ**

રાજકોટ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા મોટરકાર વાહનો માટે જીજે ૦૩ એનપી સીરીઝનું રી-ઓકશન ૩ જુલાઈથી શરુ કરાશે. આ સીરીઝ તથા અગાઉની સીરીઝના બાકી રહેતા ગોલ્ડન-સિલ્વર નંબર મેળવવા ઈચ્છુકે ઓનલાઈન http://parivahan. gov.in/fancy પર તેમના વાહનનું રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

રી-ઓકશનમાં ગોલ્ડન-સિલ્વર નંબર મેળવવા માટે આગામી બુધવારે સાંજે ૪ કલાકથી ત ૬ જુલાઈના સાંજે ૪ કલાક સુધી ઓનલાઈન એપ્લીકેશન કરવાની રહેશે. તેમજ તા. ૬ના સાંજે ૪:૧ કલાકથી તા. ૮ના રોજ સાંજે ૪ કલાક સુધી ઓનલાઈન ઓકશન ચાલુ રહેશે. બિડિંગ પ્રક્રિયા પુર્ણ થયા બાદ તા.૮ના રોજ સાંજે ૪:૧૫ કલાકે પરિણામ ઓનલાઈન જાહેર થશે.

ઉલ્લેખનીય છે કે રજીસ્ટ્રેશન કરાવવા ઉમેદવારે સૌ પ્રથમ ાફશિદફવફક્ષ.લજ્ઞદ.શક્ષ પર જઈ ઓનલાઈન સર્વિસ પર ક્લિક કરવાનું રહેશે. ત્યારબાદ fancy number booking પર ક્લિક કરી પબ્લિક યુઝર પસંદ કરી આઈ. ડી બનાવવાનું રહેશે. ત્યારબાદ સી.એન.એ. ફોર્મ ઓનલાઈન અને પસંદગીના નંબરમાં દર્શાવેલી ઓછામાં ઓછી ફી ભરવાની રહેશે.

# સાધુ વાસવાણી રોડ પર એપાર્ટમેન્ટમાં પરિણીતાનો આપઘાત

## ગૃહકંકાશથી કંટાળીને મહિલાએ ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ પગલું ભર્યું

**અબતક, રાજકોટ**

શહેરના સાધુ વાસવાણી રોડ, પાટીદાર ચોક નજીક સમન્વય સિલ્વર એપાર્ટમેન્ટમાં એ-૨૦૧માં રહેતા પરણીતાએ ગૃહકંકાશથી કંટાળીને આપઘાત કરી લેતા પરિવારમાં ઘેરો શોક છવાયો છે.

શહેરના સાધુ વાસવાણી રોડ પાટીદાર ચોક નજીક સમન્વય સિલ્વર એપાર્ટમેન્ટમાં એ-૨૦૧માં રહેતા અમિતાબેન ધર્મેશભાઈ કાસુન્દ્રા નામના ૩૧ વર્ષીય યુવતીએ ગત તા. ૨૫/૬ ના રોજ બપોરના દોઢેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા,ત્યારે ઘઉંમાં નાખવાની દવા પી જતા તેણીને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા,જ્યાં ચાલુ સારવારમાં ગત રોજ વહેલી સવારે છ વાગ્યાના અરસામાં મોત નીપજતાં પરિવારમાં કલ્પાંત છવાયો છે.બનાવ અંગે જાણ થતાં યુનિવર્સિટી પોલીસ હોસ્પિટલ દોડી જતા પોલીસે જરૂરી કાગળો કરી તપાસ હાથધરી છે.પોલીસની પ્રાથમિક તપાસમાં અનિતાબેને ગૃહ કંકાસથી કંટાળીને પગલું ભર્યું હોવાનું ખુલ્યું છે.મૃતક મૂળ પડધરીના રામપર ગામના વતની છે અને મૃતકના લગ્ન છ વર્ષ પૂર્વે ખાનગી બેંકમાં નોકરી કરતા ધર્મેશભાઈ સાથે થયા હતા.બનાવથી પરિવારમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો છે.

# માર્કેટ અપડેટ્સ

ચંદ્રેશ કોઠારી મો.98250 77269 | પલક કોઠારી મો.94295 77269



## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- રેલ વિકાસ નિગમ લિ.(આરવીએનએલ) એ જણાવ્યું હતું કે મેસર્સ કેઆરડીસીએલ-આરવીએનએલના જોઈન્ટ વેન્ચરને સધર્ન રેલ્વે પાસેથી રૂ.૧,૫૬,૪૭,૦૩,૩૦૪ નો ઓર્ડર મળ્યો છે.

- બજાજ ઓટો લિ.ની બોર્ડ મીટિંગ ૧૬ જુલાઈ, ૨૦૨૪ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૪ ના અંતે પૂરા થનારા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

- કેઈસી ઈન્ટરનેશનલ લિ.ને ટીએન્ડડી અને કેબલ્સ બિઝનેસમાં રૂ.૧,૦૨૫ કરોડના નવા ઓર્ડરો મળ્યા છે.

- નિપ્પોન લાઈફ ઈન્ડિયા અસેટ મેનેજમેન્ટ લિ.ની બોર્ડ મીટિંગ ૧૯ જુલાઈ, ૨૦૨૪ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૪ ના અંતે પૂરા થનારા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

- બિકાજી ફૂડ્સ ઈન્ટરનેશનલ લિ.ની ૨૪ જુલાઈ, ૨૦૨૪ના રોજ યોજાનારી બોર્ડ મીટિંગમાં ૩૦ જૂન, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

- પૂનાવાલા ફિનકોર્પ લિ.ની ૨૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ યોજાનારી બોર્ડ મીટિંગમાં ૩૦ જૂન, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

- સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ આજે તેના પાંચમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડ ઈશ્યુ મારફતે ૭.૩૬ ટકાના કૂપન દરે રૂ.૧૦,૦૦૦ કરોડ એકત્ર કર્યા છે.

- આઈટીડી સિમેન્ટેશન ઈન્ડિયા લિ.ને ગુજરાતમાં દહેજ એલએનજી ટર્મિનલ ખાતે જેટ્ટીના બાંધકામ અને અન્ય કામકાજ માટે રૂ.૧,૦૮૨ કરોડનો નવો મરીન કોન્ટ્રેક્ટ મળ્યો છે.

- ભારતી એરટેલ લિ.એ અખબારી યાદી દ્વારા બીએસઈને જણાવ્યું હતું કે એરટેલે હરાજી મારફતે રૂ.૬,૮૫૭ કરોડમાં ૯૦૦ એમએચ, ૧૮૦૦ એમએચ અને ૨૧૦૦ એમએચ ફ્રિક્વન્સી બેન્ડ્સમાં ૯૭ એમએચ સ્પેક્ટ્રમને હસ્તગત કર્યુ છે. આ સ્પેક્ટ્રમ ૨૦ વર્ષો માટે મેળવવામાં આવ્યું છે. ઉક્ત સ્પેક્ટ્રમમાંથી ભારતી હેક્સાકોમ લિ.એ રૂ.૧,૦૦૧ કરોડના ખર્ચે ૧૫ એમએચને હસ્તગત કર્યુ છે. એરટેલે ૨૦૨૪ માં સમાપ્ત થઈ રહેલા સ્પેક્ટ્રમને સફળતાપૂર્વક રિન્યૂ કર્યા છે અને વધારાના સ્પેક્ટ્રમની ખરીદી સાથે મુખ્ય સર્કલ્સમાં તેના મિડ બેન્ડ હોલ્ડિંગને મજબૂત બનાવ્યું છે.

**IPO UPDATES વિશે માહિતી?**

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| ALLIED BLENDERS AND DISTILLERS LIMITED | 25/6 | 27/6 | CURRENT | 267/281 | 53 | 14,893 |
| VRAJ IRON AND STEEL LIMITED | 26/6 | 28/6 | CURRENT | 195/207 | 72 | 14,904 |

**SME UPDATES વિશે માહિતી?**

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | LOT | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| DIVINE POWER ENERGY LIMITED | 25/6 | 27/6 | CURRENT | 36/40 | 3000 | 1,20,000 |
| PETRO CARBON AND CHEMICALS LIMITED | 25/6 | 27/6 | CURRENT | 162/171 | 800 | 1,36,800 |
| DIENSTEN TECH LIMITED | 26/6 | 28/6 | CURRENT | 95/100 | 1200 | 1,20,000 |
| NEPHRO CARE INDIA LIMITED | 28/6 | 2/7 | UPCOMING | 85/90 | 1600 | 1,44,000 |
| AMBEY LABORATORIES LIMITED | 3/7 | 5/7 | UPCOMING | - | - | - |

**NIFTY નું આજ નું અનુમાન શું રહેશે?**

| | |
|---|---|
| NIFTY | RANGE – 23750 - 23950<br>SUPPORT – 23500 - 23700<br>REGISTANCE – 23950 |

**BANK NIFTY નું આજ નું અનુમાન શું રહેશે?**

| | |
|---|---|
| BANK NIFTY | RANGE – 52700 - 53000<br>SUPPORT – 52400 - 52675<br>REGISTANCE – 53000 |

**આજ ના શેર માર્કેટ ને અસર કરતાં પરિબળો**

US MARKET – NEUTRAL TREND

ક્રૂડ – 84.89 USD

INDIAN MARKET TREND – NEUTRAL TREND

**સુચના: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે- વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પૂરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**

# સૌરાષ્ટ્રમાં ચોમાસું જામ્યું: જામનગર-ટંકારામાં પાંચ ઈંચ વરસાદ

## રાજકોટ ગ્રામ્ય, મોરબી, જૂનાગઢ, જામનગર અને ગીર સોમનાથમાં પાણી-પાણી: છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૮૪ તાલુકામાં મેઘમહેર

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં હળવોથી ભારે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૮૪ તાલુકાઓમાં મેઘમહેર થઈ છે. મોરબી, જૂનાગઢ, ગીર સોમનાથ, રાજકોટ જિલ્લાને મેઘરાજાએ ધમરોળ્યા હતા તો કચ્છ જિલ્લામાં પણ નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જામનગરના કાલાવડમાં તેમજ મોરબીના ટંકારામાં સૌથી વધુ ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. ઉપરાંત ગીર સોમનાથના કોડીનારમાં ત્રણ ઈંચથી વધુ અને જૂનાગઢમાં પણ ત્રણ ઈંચ જેવો વરસાદ વરસ્યો છે. સારા વરસાદથી ખેડૂતોએ વાવણી કાર્યના શ્રીગણેશ શરૂ કર્યા છે.





તસવીર: સાગર સંઘાણી, જામનગર

રાજ્યમાં ચોમાસુ હવે બરાબર જામ્યું છે. મધ્ય ગુજરાતમાં સર્જાયેલા સાયક્લોનિક સરક્યુલેશનના પગલે રાજ્યમાં ૨૪ કલાકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આજે પણ ૧૦ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના સાત, ઉત્તર ગુજરાતનો એક તો દક્ષિણ ગુજરાતના બે જિલ્લાઓમાં વરસાદ વરસી શકે છે. સૌરાષ્ટ્રના દ્વારકા, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ અને ભાવનગરમાં ભારે વરસાદની આગાહી છે. તો ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં વરસાદનું યલો એલર્ટ અપાયું છે. દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડમાં ગાજવીજ સાથે ભારે વરસાદ વરસી શકે છે.

મોરબી જિલ્લાના ટંકારામાં બપોર બાદ ત્રણ કલાકમાં જ સાડા ચાર ઈંચ જેવો ભારે વરસાદ વરસતા ખેતરોમાં પાણી ભરાયા હતા તો રસ્તા ઉપર પાણી ફરી વળ્યા હતા. વાંકાનેરમાં સવા ઈંચ, હળવદ તથા મોરબી તાલુકામાં પણ એક ઈંચ વરસાદ વરસ્યો હતો.

### આજે સવારથી ૭૦ તાલુકામાં મેઘમહેર

| જિલ્લા | તાલુકા | વરસાદ |
|---|---|---|
| બોટાદ | ગઢડા | ૩૨ મીમી |
| ભાવનગર | ભાવનગર | ૩૦ મીમી |
| રાજકોટ | જેતપુર | ૩૦ મીમી |
| ભાવનગર | મહુવા | ૨૬ મીમી |
| ભાવનગર | ઘોઘા | ૨૧ મીમી |
| જૂનાગઢ | માણાવદર | ૧૯ મીમી |
| જૂનાગઢ | મેંદરડા | ૧૮ મીમી |
| ભાવનગર | વલ્લભીપુર | ૧૬ મીમી |
| અમરેલી | લાઠી | ૧૫ મીમી |
| રાજકોટ | લોધીકા | ૧૨ મીમી |

ગીર સોમનાથ જિલ્લામાં વરસાદે મહેર વરસાવી હતી. જેમાં જિલ્લાના કોડીનાર તાલુકામાં ચાર કલાકમાં ત્રણથી વધુ વરસાદ વરસતા ચોમેર પાણી-પાણી થઈ ગયું હતું. આ ઉપરાંત સુત્રાપાડા પોણા બે ઈંચથી વધુ, પાટણ-વેરાવળમાં સવા ઈંચ જ્યારે તાલાલા ગીર તાલુકામાં પોણો ઈંચ તેમજ અન્ય વિસ્તારોમાં અડધા ઈંચથી લઈ ઝાપટાં વરસ્યા હતા. વેરાવળ, સુત્રાપાડા અને તાલાલા તાલુકામાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. બપોર બાદ અનારાધાર વરસેલા વરસાદને પગલે સર્વત્ર પાણીની સ્થિતિ જોવા મળી હતી. સુત્રાપાડાના મોઢવા, શીંગસર સહિતના અન્ય વિસ્તારોમાં પણ મેઘરાજાએ મહેર વરસાવી હતી. વેરાવળ તાલુકાના ભાલપરા, સોનારીયા, બાદલપરા, ભેટાળી સહિતના ગ્રામ્ય વિસ્તારો તેમજ તાલાલા શહેર અને તાલુકાના બોરવાવ, ધાવા, જેપુર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો.

જૂનાગઢ શહેર તથા તાલુકામાં રાત સુધીમાં પોણા ત્રણ ઈંચથી વધુ વરસાદ

(અનુ. આઠમા પાને)

### મેંદરડા-સુત્રાપાડામાં પોણા બે ઈંચ, માંગરોળમાં એક ઈંચ અને વાંકાનેરમાં સવા ઈંચ વરસાદ: ગીર સોમનાથ, જૂનાગઢમાં મગફળીની વાવણી શરૂ, લાપસીના આંધણ મુકાયા

### જામકંડોરણાના બરડીયાની નદીમાં ભેંસો તળાઈ

જામકંડોરણા પંથકમાં સાંબેલાધાર વરસાદને કારણે સ્થાનિક નદીઓમાં ઘોડાપુર આવ્યું હતું. જેમાં ભેંસોનું એક ધણ તણાતું જોવા મળ્યું હતું. જામ કંડોરણાના ગ્રામ્ય વિસ્તારમાં ચરેલ, બરડીયા, દળવી સહિતના ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. બરડીયાની સ્થાનિક નદીમાં ઉપરવાસમાં વરસાદ વરસતા નદીઓમાં ઘોડાપુર આવ્યું હતું અને બરડીયા ગામની નદીમાં ભેંસો તણાતી જોવા મળી હતી.

# આજી-૧ અને ન્યારી-૨ ડેમ સહિત ૧૫ જળાશયોમાં નવા નીરની આવક

## ફોફળ-૨ ડેમમાં ૧૩.૨૫ ફૂટ, સસોઈ-૨ ડેમમાં ૧૨.૬૩ ફૂટ, ફોફળમાં ૭.૨૮ ફૂટ, ઉંડ-૩માં ૬.૮૯ ફૂટ, અને મોજ ડેમમાં ૫ ફૂટ પાણી આવ્યું

**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્રમાં છેલ્લા ચાર દિવસથી સતત વરસી રહેલા વરસાદના કારણે જળાશયોમાં નવા નીરની આવક થવા પામી છે. જળ વૈભવ સતત વધી રહ્યો છે. આજી -૧ અને ન્યારી ૨ ડેમ સહિતના ૧૫ જળાશયોમાં નવા નીરની આવક થવા પામી છે. હજી ચાર દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. જળાશયોમાં નવાનીરની આવકથી જગતાતના હૈયા હરખાય ગયા છે.

રાજકોટ સિંચાઈ વર્તુળ પુર એકમના સુત્રોના જણાવ્યાનુસાર આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાકમાં ૧૫ જળાશયોમાં નવા નીરની આવક થવા પામી છે. રાજકોટ જિલ્લાના મોજ ડેમમાં ૫.૦૨ ફૂટ નવાનીરની આવક થવા પામી છે. ૪૪ ફૂટે ઓવરફલો થતા મોજ ડેમની સપાટી ૨૬ ફૂટે પહોંચી જવા પામી છે. ફોફળ ડેમમાં ૭.૨૮ ફૂટ પાણીની આવક થવા પામી છે. આજી ૧ ડેમમાં ૦.૧૦ ફૂટ, ન્યારી-૨ ડેમમાં ૦.૬૬ ફૂટ, મોરબી જિલ્લાના મચ્છુ -૨ ડેમમાં ૦.૪૯ ફૂટ, ઘોડાધ્રોઈ ડેમમાં ૦.૮૨ ફૂટ, બ્રાહ્મણી -૨ ડેમમાં ૦.૬૬ ફૂટ પાણીની આવક થવા પામી છે.

જામનગર જિલ્લામાં બુધવારે સવિશેષ મેઘકૃપા વરસી હતી. ફુલઝર-૧ ડેમમાં ૦.૩૩ ફૂટ, ફોફળ-૨ ડેમમાં ૧૩.૨૫ ફૂટ, ઉંડ ૩ ડેમમાં ૬.૮૯ ફૂટ, વાડીસંગમાં ૪.૪૯ ફૂટ, ફુલઝર (કોબા)માં ૪.૧૦ ફૂટ, ઉમીયાસાગરમાં ૦.૯૮ ફૂટ, સસોઈ-૨ ડેમમાં ૧૨.૬૩ ફૂટ પાણીની આવક થવા પામી છે. સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ભોગાવો-૨ (વડોદ)માં ૬.૬૦ ફૂટ પાણીની આવક થવા પામી છે.



જૂન માસમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા હોવાના કારણે જળાશયોનો જળ વૈભવ સતત વધી રહ્યો છે.

### આકાશમાંથી ભલે પાણી વરસે નળમાંથી પાણી નહીં આવે

# ભર ચોમાસે પાણીકાપ ઝીંકતું કોર્પોરેશન

## ભાદર ડેમથી રીબડા ફિલ્ટર પ્લાન્ટ સુધી પાઈપલાઈન રિપેરીંગની કામગીરી હાથ ધરવાની હોય કાલે વોર્ડ નં.૧૧ અને ૧૨માં જયારે શનિવારે વોર્ડ નં. ૭,૧૪,૧૭ અને ૧૮માં પાણી વિતરણ રહેશે બંધ

**અબતક, રાજકોટ**

આકાશમાંથી મેઘરાજા ભલે પાણી વરસાવી રહ્યા હોય પરંતુ નમંથી પાણી નહી આવે ભર ચોમાસે કોર્પોરેશન દ્વારા કાલથી બે દિવસ શહેરના છ વોર્ડમાં પાણી કાપ ઝીંકવામાં આવ્યો છે.

કોર્પોરેશનની વોટર વર્કસ શાખાના ઈજનેરી પુત્રોનાં જણાવ્યાનુસાર ભાદર યોજના આધારીત ભાદર ડેમ થી રીબડા ફિલ્ટર પ્લાન્ટ સુધીની પાઈપલાઈન ઘણીજ જૂની હોવાના કારણે અલગ-અલગ સ્થળ પર લીકેજ રીપેરીંગ કામગીરી હાથ ધરવાની હોય,આગામી શુક્રવારના રોજ વાવડી હેડવર્કસ હેઠળ આવતા વિસ્તારો વોર્ડ નં.૧૧(પાર્ટ),અને ૧૨(પાર્ટ)) જયારે શનીવારનાં રોજ ગુરુકુળ હેડ વર્કસ હેઠળ આવતા વિસ્તારો પૈકીના ઢેબરરોડના વોર્ડ નં.૭ પાર્ટ,૧૪ પાર્ટ,૧૭ પાર્ટ, નારાયણનગર હેડવર્કસ હેઠળ આવતા વિસ્તારો વોર્ડ નં.૧૮(પાર્ટ)) તથા સ્વાતીપાર્ક હેડવર્કસ હેઠળ આવતા વિસ્તારો(વોર્ડ નં.૧૮(પાર્ટ) માં પાણી વિતરણ બંધ રહેશે.

શુક્રવારના રોજ વાવડી હેડવર્કસ આધારિત વિસ્તારોના ૧૧-પાર્ટ અંબિકાટાઉનશીપ-પાર્ટ જયારે વોર્ડ નં. ૧૨ (પાર્ટ)ના

૧૨-પાર્ટ વાવડી ગામ, વિશ્વકર્મા સોસા., મહમદી બાગ, શકિતનગર, રસુલપરા, બરકાતીનગર, મધુવન સોસા., ગોવિંદરત્ન, જે.કે.સાગર, વૃંદાવનવાટીકા, આકાર હાઈટસ, પુનિત પાર્ક, અંબિકા ટાઉનશીપ વિગેરે સોસા.માં પાણી વિતરણ બંધ રહેશે. જયારે શનિવારના રોજ ગુરુકુળ આધારિત ઢેબર રોડ સાઈડનાં આધારિત વિસ્તારો ૭-પાર્ટ

ભકિતનગર પ્લોટ, વિજય પ્લોટ, ગોંડલ રોડ, ઢેબર રોડ, લોહાનગર, ઉદ્યોગ નગર વોર્ડ નં.૧૪ (પાર્ટ)ના ૧૪-પાર્ટ વાણીયાવાડી, ગાયત્રીનગર, ગોપાલનગર, ગીતાનગર, ભકિતનગર, ઢોલરીયાનગર, શ્રમજીવી સોસાયટી, કોઠારીયા કોલોની (પાર્ટ), માસ્ટર સોસાયટી (પાર્ટ), મીલપરા (પાર્ટ), મયુર પાર્ક, પુજારા પ્લોટ (પાર્ટ), આનંદનગર (પાર્ટ), મધુરમ પાર્ક, ગુલાબ નગર, અમૃત પાર્ક.માં વોર્ડ નં.૧૭ (પાર્ટ)માં ૧૭-પાર્ટ

નારાયણ નગર ભાગ-૧,૨, નારાયણ નગર મફતિયું, ઢેબર કોલોની ભાગ-૧,૨,૩, હસનવાડી ભાગ-૧,૨, વાલકેશ્વર સોસાયટી, શ્રીનગર, સાધના સોસાયટી, ઈન્દીરાનગર ૧,૨, મેઘાણીનગર, ન્યુ મેઘાણીનગર, આશીર્વાદ સોસાયટી, ગુરુજન સોસાયટી, ગીતાંજલી સોસાયટી, અવંતિકા સોસાયટી, આનંદનગર ગાયત્રી બગીચા વાળો ભાગમાં નારાયણનગર આધારિત વિસ્તારો વોર્ડ નં. ૧૮ પાર્ટના ખોડીયારનગર, હીંગળાજનગર, હરીદ્વાર-૧, હરીદ્વાર-૨, ગુજરાત હાઉસીંગ બોર્ડ, નારયણનગર, ચંદ્રેશનગર, મચ્છોનગર, નુરાનીપરા, દોલતપરા, નાગબાઈ પરા, શિવમ ખાડો, શીતળાધાર, રેઈલવે બોર્ડ ક્વાટર્સ, શુભમપાર્ક, સીતારામ સોસાયટી, સોલ્વંટ ક્વાટર્સ, અને સ્વાતીપાર્કઆધારિત વિસ્તારો વોર્ડ નં. ૧૮ પાર્ટના ગુલાબનગર,સોમનાથ ઈંડસ્ટ્રીઝ, ઈશ્વરપાર્ક, શ્રદ્ધાપાર્ક, શિવપાર્ક, મંગલપાર્ક, રાધાપાર્ક,આદર્શપાર્ક, શ્યામપાર્ક, રામેશ્વર રેસીડેંસી, રેઈનબો રેસીડેંસી, જયપાર્ક, શિવ સાગરપાર્ક, સુરભી રેસીડેંસી, જયરામપાર્ક, મયુર પાર્ક, સિલ્વર રેસીડેંસી, ખોડલધામ, સુરભી રેસીડેંસી, શ્યામકિરણ સોસાયટી, આદર્શ ગ્રીન, આદર્શ શિવાલય, આદર્શ શિવાલય-૨, શનપાર્ક, પ્રમુખરાજ સોસાયટી, ગધાધરપાર્ક, શિવ સાગર પાર્ક, શ્રી રામ વાટીકા, ગોલ્ડન રેસીડેંસી, સત્યમપાર્ક, સુંદરમપાર્ક, નવું રાધેશ્યામ પાર્ક, આસોપાલવ વાટીકામાં પાણી વિતરણ બંધ રહેશે.

# સાળંગપુરમાં આવતા ગુરૂવારથી બે દિવસ ભાજપની કારોબારી: પાટીલના સ્થાને નવા પ્રમુખ કોણ?

## પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલની અંતિમ કારોબારી બેઠક: કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ ખાસ ઉપસ્થિત રહેશે

### લોકસભાની ચૂંટણીના પરિણામોનું મનોમંથન ઉપરાંત અનેક ઠરાવ પસાર કરાશે

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપની આગામી ૪ અને ૫ જુલાઈના રોજ બોટાદ જિલ્લાના સાળંગપુર ખાતે અક્ષર પુરૂષોત્તમ સ્વામિ નારાયણ મંદિર ખાતે વિસ્તૃત પ્રદેશ કારોબારી બેઠક મળશે. જેમાં કેન્દ્રીય કેબિનેટ મંત્રી પિયુષ ગોયલ ખાસ ઉપસ્થિત રહેશે. કારોબારી બેઠકમાં ગુજરાત પ્રદેશ ભાજપના નવા અથવા પ્રદેશ ભાજપના નવા અથવા કાર્યવાહી અધ્યક્ષના નામની ઘોષણા થવાની પ્રબળ સંભાવના જણાય રહી છે. કારોબારીમાં લોકસભાની ચૂંટણીના પરિણામોની સમીક્ષા કરવામાં આવશે. સાથોસાથ કેટલાક અગત્યના ઠરાવો પણ પસાર કરવામાં આવશે.



પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલની અધ્યક્ષતામાં સાળંગપુર ખાતે આગામી ૪ અને ૫ જુલાઈના રોજ સાળંગપુર ખાતે યોજાનારી પ્રદેશ ભાજપની કારોબારી બેઠકમાં કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે. કારોબારી બેઠકનો આરંભ ૪ જુલાઈના રોજ બપોરે ૩ વાગ્યા બાદ થશે અને સમાપન ૫ જુલાઈના રોજ સાંજ ૫ કલાકે થશે.

કારોબારી બેઠકમાં પક્ષના પ્રદેશ હોદ્દેદારો, તમામ મોરચાના રાષ્ટ્રીય પદાધિકારીઓ, તમામ મોરચાના પ્રદેશ પ્રમુખ અને મહામંત્રીઓ, પ્રદેશ વિભાગના સંયોજકો, પ્રદેશ ભાજપની કારોબારીના સભ્યો, આમંત્રિત સભ્યો, વિશેષ આમંત્રિત સભ્યો, તમામ જિલ્લા અને મહાનગરોના પ્રભારીઓ, તમામ જિલ્લા અને મહાનગરોના ભાજપના પ્રમુખ



તથા મહામંત્રી, ભાજપના લોકસભા તથા રાજ્યસભાના તમામ સાંસદો, તમામ ધારાસભ્યો, જિલ્લા પંચાયતના પ્રમુખ, મહાનગરપાલિકાના મેયર, જિલ્લા અને મહાનગરના મંડલના પાર્ટીના પ્રમુખ અપેક્ષીત છે. અપેક્ષીતોને કારોબારી બેઠકમાં આવવાનું આમંત્રણ આપવાની જવાબદારી જિલ્લા અને મહાનગરના પ્રમુખ અને મહામંબીની રહેશે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલની મુદ્દત ગત વર્ષ જ પૂર્ણ થઈ જવા પામી છે. દરમિયાન લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી તેઓની મુદ્દતમાં વધારો કરવામાં આવ્યો હતો. લોકસભાની ગત ચૂંટણીમાં તેઓ સતત ચોથી વખત નવસારી બેઠક પરથી ભાજપના સાંસદ તરીકે ચૂંટાતા તેઓને કેન્દ્રીય મંત્રી મંડળમાં સમાવવામાં આવ્યા છે. તેઓને જળશકિત મંત્રાલયના કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા હોય તેઓના સ્થાને ગુજરાત પ્રદેશ ભાજપના નવા અધ્યક્ષની નિમણુંક કારોબારીમાં કરવામાં આવે તેવી પ્રબળ સંભાવના છે. હાલ ફૂલ ફ્લેજ પ્રમુખ નિમવામાં ન આવે તો કાર્યકારી પ્રમુખના નામની જાહેરાત થઈ શકે છે. જેના માટે રજનીભાઈ પટેલ, વિનોદભાઈ ચાવડા અથવા ડો.ભરત બોઘરાના નામની ચર્ચાઓ ચાલી રહી છે. આગામી છ મહિનામાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા સહિતની સ્થાનીક સ્વરાજ્યની સંસ્થા માટે ચૂંટણી યોજાવાની હોય ભાજપ દ્વારા તાત્કાલીક અસરથી પ્રદેશના નવા કાર્યકારી અધ્યક્ષના નામની જાહેરાત કરી દેવામાં આવે તેવી સંભાવના જણાય રહી છે. કારોબારીમાં લોકસભાની ચૂંટણીના પરિણામોની ચર્ચા અને મનોમંથન કરવામાં આવશે. ૨૦૧૪ અને ૨૦૧૯ લોકસભાની

(અનુ. આઠમા પાને)

### ઓછા વાહનમાં સાથે આવવુ કાર્યકરોને સાથે ન લાવવા સુચના

સાળંગપુર ખાતે યોજાનારી ગુજરાત પ્રદેશ ભાજપની બે દિવસીય કારોબારી બેઠકમાં વ્યવસ્થા જળવાય રહે તે માટે કેટલાક આદેશો આપવામાં આવ્યા છે. જેમાં અપેક્ષિત શ્રેણી મુજબ જે-તે જિલ્લા અને મહાનગરમાંથી આવતા આગેવાનોએ અરસ-પરસ સંકલન કરી ઓછા વાહન લઈ સામુહિક રિતે આવવા આદેશ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત કારોબારી બેઠકમાં રહેવા તથા જમવાની વ્યવસ્થા માત્ર અપેક્ષીતો પુરતી જ કરવામાં આવી હોય આગેવાનોએ પોતાની સાથે પક્ષના સમર્થકો કે કાર્યકરોને સાથે ન લાવવા પણ કડક તાકીદ કરાય છે.